# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 306 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ -૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 December 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૫ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખેડૂતો માટે વીજ સમસ્યા ભૂતકાળ બની જ ગઇ છે. ખેડૂતોની દિવસે વીજળી આપવાની માગ સરકારે સ્વીકારી છે, હવે કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસે પણ વીજળી અપાય છે. રાજ્યના ૯૬ ટકા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજ્યમાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ૧૯૧૯૩ પૈકી ૧૬૫૬૧ ગામોમાં દિવસે વીજળી આપવાનું શરૂ થઇ ગયાનું રાજ્યના ઊર્જાપ્રધાન કનુભાઇ દેસાઇએ જાહેર કર્યું હતું.

ઊર્જાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, ''કિસાન સૂર્યોદય યોજના'' અંતર્ગત ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. જેમાં બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગનાં ગામો દેવભૂમિ દ્વારકા, કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલાં ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને એટલે કે ૪ ટકા ગામના ખેડૂતોને પણ સત્વરે દિવસે વીજળી આપી શકાય તે માટેની કામગીરી પ્રગતિમાં છે

દિવસે વીજળી મેળવી રહેલાં ૧૬,૫૬૧ ગામના ખેડૂતો પૈકી ૧૧,૯૨૭ ગામના ખેડૂતોને સિંગલ શિફ્ટમાં સવારે ૮ થી સાંજના ૪ અને સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાના સમય દરમિયાન દિવસે વીજળી આપવામાં આવે છે તથા ૪,૬૩૪ ગામના ખેડૂતોને બે શિફ્ટમાં એટલે કે સવારે ૫ થી બપોરના ૧ અને બપોરના ૧ થી સાંજે ૯ વાગ્યા સુધી દિવસે વીજળી આપવામાં આવી રહી છે.

છેલ્લા દાયકામાં ખેડૂતોને ૧૦ લાખ જેટલા નવા ખેતીવાડી વીજજોડાણો આપવામાં આવ્યા છે, એટલે કે વર્ષે સરેરાશ ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજજોડાણો આપવામાં આવ્યાં છે. હાલમાં નવીન ખેતીવાડી વીજજોડાણ આપવામાં કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ ન આવે તો ૩-૪ મહિનામાં વીજજોડાણ આપી દેવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતનો સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૨,૨૩૮ યુનિટ છે જે દેશની સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૧,૨૫૫ કરતાં લગભગ બમણા જેટલો છે, જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે.

તે જ પ્રકારે કેન્દ્ર સરકારની પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના હેઠળ દેશના ૧ કરોડના લક્ષ્યાંક સામે ગુજરાતમાં ૨ લાખ ૪૨ હજારથી વધુ વીજગ્રાહકોના મકાન પર ૯૦૦ મેગા વોટથી વધુ ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરીને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

# સુશાસન દિવસ નિમિત્તે વીજ ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો, ૧.૭૦ કરોડ ગ્રાહકોને લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે સુશાસન દિવસ' નિમિત્તે વીજગ્રાહકના હિતમાં મહત્ત્વનો નિર્ણય કર્યો હતો. ઊર્જાપ્રધાન કનુભાઈ દેસાઈએ ગાંધીનગર ખાતે જાહેરાત કરી હતી કે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવતા મોંઘવારીથી ત્રસ્ત લોકોને વીજબિલમાં થોડી રાહત મળશે, ઓક્ટોબર-ડિસેમ્બરના બિલમાં તે લાગુ થઇ જશે અને જો ભવિષ્યમાં તેમાં સુધારો ન કરાય ત્યાં સુધી આ ઘટાડો લાગુ રહેશે.

રાજ્યના ઊર્જાપ્રધાન કનુભાઇ દેસાઇએ પત્રકાર પરિષદમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, અંદાજે ૧.૭૫ કરોડ વીજગ્રાહકોને આ ઘટાડાનો લાભ મળશે અને વીજ વપરાશમાં કુલ ૧૧૨૦ કરોડનું બિલ ઓછુ આવશે. સરકારે જાહેર કર્યા મુજબ ઓક્ટોબર-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ના સમયગાળામાં રૂા.૨.૮૫ પ્રતિ યુનિટના દરે ફ્યુઅલ સરચાર્જ વસૂલવામાં આવે છે અને જેના પર હવે ૪૦ પૈસાનો ઘટાડો થશે. નવો સરચાર્જ રૂ.૨.૪૫ પ્રતિ યુનિટ લાગશે. જે રહેણાંકીય ગ્રાહકો દ્વારા માસિક ૧૦૦ યુનિટનો વિજ વપરાશ કરવામાં આવે છે તેવા કિસ્સામાં ઉપરોક્ત ફ્યુઅલ સરચાર્જના કારણે ગ્રાહકને રૂ.૫૦ થી ૬૦ની બચત થશે. સરકાર દ્વારા ૧.૭૫ ગ્રાહકોને આ લાભ આપવા નિર્ણય લેવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફ્યુઅલ સરચાર્જ એ વીજ ઉત્પાદન માટે જે વિવિધ ઇંધણો જેમ કે કોલસા, ગેસ વગેરેનો ઉપયોગ થાય છે તેના ભાવમાં વધઘટ મુજબ ફ્યુઅલ સરચાર્જ નક્કી થાય છે અને તે મુજબ રાજ્ય સરકાર દ્વારા આ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં ૨૭ થી ૨૮ ડિસે. માવઠાંની આગાહીઃ ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને મહેસાણામાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. હવામાન વિભાગે આગામી તારીખ ૨૭ થી ૨૮ ડિસેમ્બરના રોજ ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી કરી હતી. જો કે કમોસમી વરસાદના કારણે ખેડૂતોને પાકમાં રોગ, જીવાત તેમજ અન્ય પ્રશ્નો ન ઉદભવે તેના માટે સાવચેત રહેવા માટે જણાવવામાં આવ્યું હતું.

માવઠાથી થતાં નુકસાનથી બચવા માટે ખેડૂતોને એલર્ટ કરતા જણાવવામાં આવ્યું હતું કે, ખેડૂતોએ ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલા પાક જો ખુલ્લા હોય તો તેને તાત્કાલિક ધોરણે સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી જોઈએ. અથવા તેને પ્લાસ્ટિક, તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને આ ઢગલાની ફરતે માટીનો પાળો બનાવીને વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું જોઈએ, જેથી કમોસમી વરસાદના કારણે પાકને નુકસાન પહોંચે નહીં.

આ ઉપરાંત ખેડૂતોએ અત્યારે જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો જોઈએ. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો જોઈએ. તેમજ એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત સ્થળો પર રાખવા જોઈએ. તેમજ ત્યાં વેચાણઅર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી જોઈએ.

ખેડૂતો કોઈ પણ જાણકારી મેળવવા માટે તમામ જિલ્લાઓના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કે કિસાન કોલ સેન્ટરના ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર-૧૮૦૦૧૮૦૧૫૫૧ પર સંપર્ક કરી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

# ગુજરાતના શિક્ષિત બેરોજગારોને મળશે નોકરીઃ ૧૦ વર્ષમાં ૧.૫૦ લાખ કર્મચારીની સીધી ભરતી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેકારીથી ત્રસ્ત ગુજરાતના શિક્ષિત યુવાનોના હિતમાં સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો હતો. રાજ્ય સરકાર આગામી ૧૦ વર્ષમાં ૧૮ વિભાગોમાં લગભગ ૧.૫ લાખ નવા કર્મચારીઓની ભરતી કરશે. સરકારે કર્મચારીઓની સીધી ભરતી માટે એક વ્યાપક શેડ્યુલ તૈયાર કર્યું છે. જેમાં શિક્ષણ અને આરોગ્યથી લઈને પરિવાર કલ્યાણ સહિતના આઠ વિભાગોમાં ભરતી કરવામાં આવશે. રાજ્ય સરકારના ૧૮ વિભાગોમાંથી જ્યાં ૮૨,૬૭૫ કર્મચારીઓની ભરતી નક્કી કરવામાં આવી છે, તેમાં ગૃહ વિભાગનો હિસ્સો ૫૦ ટકાથી વધુ છે. એટલે કે ગૃહ વિભાગમાં સૌથી વધુ ભરતી થશે.

સરકારે આગામી દસ વર્ષમાં ગૃહ વિભાગમાં ૪૩,૩૮૯ કર્મચારીઓની નિમણૂકને મંજૂરી આપી છે. જે વિભાગોમાં ભરતી અંગેની ચર્ચા ચાલી રહી છે તેમાં લેબર, સ્કિલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, પંચાયતો, રૂરલ હાઉસિંગ અને રૂરલ ડેવલપમેન્ટ, ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ ડિપાર્ટમેન્ટ, સ્પોર્ટ્સ, યુથ અને કલ્ચર એક્ટિવિટિઝ ડિપાર્ટમેન્ટ અને બાકીની કેડર્સમાં હેલ્થ ડિપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. જે વિભાગો માટે હજી ભરતી અંગેની ચર્ચા-વિચારણા કરવામાં આવી નથી તેમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને શિક્ષણ વિભાગનો સમાવેશ થાય છે.

એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, બાકીના તમામ વિભાગો માટે ભરતી અંગે આગામી થોડા અડવાડિયામાં વિચાર-વિમર્શ કરવામાં આવશે અને કેટલા કર્મચારીઓની ભરતી કરવી તે નક્કી કરવામાં આવશે. એકંદરે સીધી ભરતી ૧ લાખને વટાવી જવાની અપેક્ષા છે. અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે આ આંકડાઓ આઉટસોર્સિંગ મિકેનિઝમ દ્વારા ભરવામાં આવેલી જગ્યાઓને બાદ કરતાં સરકારી સેવામાં સીધી ભરતીનું પ્રતિનિધિત્વ કરે છે. જીપીએસસી તથા જીએસએસએસબી વગેરે સહિતની તમામ ભરતી એજન્સીઓ વર્ષ મુજબની ભરતી યોજનાનું પાલન કરશે અને જીએડી ૧૦ વર્ષના શેડ્યુલની સામે ભરતી અંગેનું નિરીક્ષણ કરશે. ૮૨,૬૭૫ એપોઈન્ટમેન્ટ્સને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, તેમાં મોટાભાગની વર્ગ-૩ની જગ્યાઓ છે. વર્ગ-૩ માટે ૭૮,૨૪૧ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. જ્યારે વર્ગ-૨માં ૩૯૫૦ નવી ભરતી કરવામાં આવશે અને વર્ગ-૧માં ૪૮૪ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવશે.

# અમદાવાદમાં બાબાસાહેબની પ્રતિમા ખંડિત કરવાના વિરોધમાં ખોખરા સજજડ બંધ રહ્યું, બે લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા સંસદમાં ડો. બાબા સાહેબ આંબેડકર અંગે આપવામાં આવેલા વિવાદિત નિવેદનને લઈને ચાલતા વિરોધ વચ્ચે અમદાવાદના ખોખરા વિસ્તારમાં બાબાસાહેબ આંબેડકરની મૂર્તિને અમુક અસામાજિક તત્ત્વો દ્વારા ખંડિત કરવામાં આવી હતી. કે. કા. શાસ્ત્રી કોલેજ સામે જયંતિ વકીલની ચાલીની બહાર ડો. બાબાસાહેબની પ્રતિમાને અસામાજિક તત્ત્વોએ નુકસાન પહોંચાડ્યું હતું, જેને લઈને ખૂબ જ રોષ વ્યાપ્યો હતો. ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં અને આરોપીઓની ધરપકડ કરવાની માગ સાથે ધરણાં પર બેઠા હતા. પોલીસે બે લોકોની ધરપકડ કરી હતી, આરોપીઓને પકડવા ૨૦ ટીમ કામ કરતી હતી. મોબાઇલ બંધ કરી ફરાર થઈ ગયેલા ૩ વોન્ટેડ આરોપીને ઝડપવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં.

અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી જયંતિ વકીલની ચાલી પાસે ડો. બાબાસાહેબની પ્રતિમાને ખંડિત કરી નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું નાક તોડી નાખવામાં આવતા લોકોમાં રોષ ભભૂક્યો હતો ત્યારે આજે મંગળવારે ખોખરામાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ચાલીના લોકો ખોખરા વિસ્તારને બંધ કરાવવા માટે નીકળ્યા હતા, જ્યારે અહીંના વિસ્તારોમાં સેંકડો લોકોના ટોળા પણ ઊતરી આવ્યા હતા.

ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવાના મામલે ખોખરામાં લોકોના ટોળાએ દુકાનો બંધ કરાવવા માટે નીકળ્યા ત્યારે સ્થાનિક દુકાનદારોએ સામેથી દુકાનો બંધ રાખી હતી. પોલીસે પણ કેટલાક લોકોને દુકાનો આજનો દિવસ બંધ રાખવાની સૂચના આપતા દુકાનો બંધ કરવામાં આવી હતી. લોકોની ભીડને પગલે રોડ બંધ કરાવતા ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી અને પોલીસે તમામ લોકોને ખસેડી અને ટ્રાફિક પૂર્વવત કરવામાં આવ્યો હતો.

ખોખરાની આ ઘટનાના વિરોધમાં અને અસામાજિક તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહીની માંગ સાથે ભાજપ-કૉંગ્રેસ બંને પક્ષના નેતાઓએ પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી. ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, ઇમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, અમદાવાદ શહેર કૉંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ પટેલ અને એએમસી વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણ તેમજ ભાજપના સાંસદ દિનેશ મકવાણા, શહેર પ્રમુખ અમિત શાહ સહિતના આગેવાનોએ આવેદનપત્ર આપ્યું હતું.

# ભરશિયાળે શાકભાજીના ભાવમાં ભડકોઃ ભાવ ૧૦૦ રૂપિયાને પાર પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં કમરતોડ મોંઘનારીથી સામાન્ય લોકોની હાલત કફોડી બની છે, જીવન જરૂરિયાતની તમામ ચીજોના ભાવ આભ આસમાને પહોંચ્યા છે. છેલ્લા એક વર્ષમાં ખાદ્યતેલ, અનાજ, કઠોળ સહિતના કરિયાણાની સાથે શાકભાજીની કિંમતો રોકેટ ગતિએ વધી છે. સામાન્ય રીતે શિયાળામાં શાકભાજીના ભાવ ઘટે છે પણ આ વર્ષે બટાટા, ટામેટા, રીંગણ, વટાણા, તુવેર, ગવાર, ચોળી, ગાજર, ફણસી, ફલાવર, કોબી, કોથમીર, લીંબુ, મરચાં, આદુ અને ભીંડા સહિતની શાકભાજીના ભાવ ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને રડાવી રહ્યા છે.

અમદાવાદમાં શાકભાજીના ભાવમાં અધધ વધારો થયો છે, ગત વર્ષે ડિસેમ્બર ૨૦૨૩માં જે શાકભાજીના ભાવ ૨૦ રૂપિયે કિલો હતા, તેના ભાવ વર્ષ ડિસેમ્બર ૨૦૨૪માં ૫૦ રૂપિયે કિલોએ પહોંચી ગયા છે. શિયાળામાં શાકભાજી ૩૦થી ૪૦ રૂપિયે કિલો મળવા જોઈએ તે હાલ ૬૦થી ૭૦ રૂપિયે કિલો મળી રહ્યા છે.

શાકભાજીમાં સૌથી વધુ રસોડામાં જે શાકનો ઉપયોગ થાય છે તેવા શાકભાજીના ભાવ તો ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગયા છે. ડિસેમ્બર ૨૦૨૪માં તો બટાટાનો ભાવ ૫૦/૫૫ રૂપિયા કિલો સુધી પહોંચી ગયા છે, જ્યારે લસણ ૪૦૦ રૂપિયા કિલો અને ડુંગળીના ભાવ ૮૦ રૂપિયે કિલોએ પહોંચ્યા છે. લીલા શાકભાજીના ભાવ પણ બમણાં થયા છે. જેમાં મેથી, પાલક, કોથમીર, મૂળાનો ભાવ પણ લગભગ ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો છે.

# થર્ટી ફર્સ્ટની ઉજવણી કરનારા સાવધાનઃ રાજ્યમાં પોલીસની પ્રોહિબિશન ડ્રાઇવ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દર વર્ષની જેમ આ વર્ષે પણ નવા વર્ષ અગાઉ દારૂની હેરાફેરી વધી જાય છે. થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ખરીદવામાં આવે છે. દારૂની માગ સંતોષવા માટે બૂટલેગરો પાડોશી રાજ્યોમાંથી દારૂનો જથ્થો ઘુસાડે છે. તેથી, આ વખતે પોલીસે એડવાન્સ રણનીતિ અપનાવી છે. સમગ્ર રાજ્યમાં દારૂના પ્રવેશમાર્ગો પર ખાસ પેટ્રોલિંગ વધારવામાં આવશે.

ગુજરાત રાજ્યમાં પ્રોહિબિશન કાયદાને વધુ મજબૂત કરવા માટે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્ત્વની બેઠક યોજાઈ હતી. જેમાં લેવાયેલ નિર્ણય અનુસાર રાજ્યભરના જિલ્લા પોલીસ વડાઓને આગામી ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણીને ધ્યાને રાખીને દારૂ તથા નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને સેવનને રોકવા માટે સઘન અભિયાન ચલાવવાના આદેશ આપવામાં આવ્યા હતા. આ પ્રોહિબિશન ડ્રાઇવ ૩૧ ડિસેમ્બર સુધી ચાલશે અને દરેક સ્ટેશનને રોજિંદા કામગીરીના રિપોર્ટ સબમિટ કરવા ફરજિયાત કરાયા છે. પડોશી રાજ્યોના માર્ગો પર કડક ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યના તમામ પોલીસ સ્ટેશનને ખાસ ચેતવણી આપવામાં આવી હતી કે, દારૂના દૂષણથી સંકળાયેલા દરેક પ્રવૃત્તિ પર કડક કબજો રાખવામાં આવી રહ્યું છે. ૩૧ ડિસેમ્બર સુધીના આ અભિયાન હેઠળ દરેક જિલ્લામાં દારૂ, નાર્કોટિક્સ અને અન્ય અનિયમિત પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા નિર્ધારિત સત્રો રાખવામાં આવશે. પોલીસ દ્વારા પ્રોહિબિશન ડ્રાઇવ દરમિયાન પકડાયેલા મુદ્દામાલ અને કાર્યવાહીનો દૈનિક રિપોર્ટ મથક પર મોકલવાનું ફરજિયાત કરાયું છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ મરચાંની ધૂમ આવકથી ઊભરાયુંઃ ૪ કિમી. લાંબી લાઇન લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાંની ધૂમ આવક થઈ હતી. આશરે ૫૦ હજાર ભારી મરચાંની આવક થતાં યાર્ડ બહાર ૪ કિલોમીટર વાહનોની લાંબી લાઇન લાગી હતી. ગુજરાતમાં ગોંડલનાં તીખાં મરચાં વખણાય છે. અહીંનું મરચું તીખાસને લઈને ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યના લોકોને પણ આકર્ષી રહ્યું છે. ત્યારે ગોંડલ માર્કેટ યાર્ડમાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતનાં અન્ય રાજ્યોમાંથી વેપારીઓ મરચાં ખરીદવા આવ્યા છે. જો કે મરચાની હરાજીમાં ૨૦ કિલોના ભાવ રૂપિયા ૧૫૦૦થી લઈને ૩૦૦૦ સુધીના બોલાયા હતા. ગોંડલ પંથકમાં માવઠાના માર વચ્ચે ગત વર્ષ કરતાં આ વર્ષે મરચાંના પોષણક્ષમ ભાવો ન મળતા હોવાની પણ ફરિયાદ ઊઠી હતી.

ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેનના જણાવ્યા મુજબ, ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાંની જંગી આવક થઈ હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લગભગ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં પોતાનું મરચું વેચવા આવે છે. આજે ૫૦ હજાર ભારી મરચાંની નોંધાઈ હતી, અત્યારે મરચાના ભાવ રૂપિયા ૧૫૦૦થી લઈને ૩૦૦૦ સુધીના બોલાય છે.

માર્કેટિંગ યાર્ડમાં સમગ્ર ભારતમાંથી મરચાં ખરીદવા ગોંડલ યાર્ડમાં આવે છે અને અમે પણ બધી કંપનીઓને ઇમેઇલ કર્યા છે. જેમ જેમ મરચું સૂકું અને સારું મરચું આવશે એમ થોડો ભાવમાં સુધારો થશે.

હાલ ગોંડલ યાર્ડમાં રેશમ પટ્ટો, ઘોલર મરચાં વધારે આવતાં હોય છે. માર્કેટ યાર્ડમાં મરચાંની અઢળક આવક થતાં હરાજી થોડો સમય બંધ કરવામાં આવી હતી.

# ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઇમ સેલે એક વર્ષમાં ૧૦૮ કરોડથી વધુ રૂપિયા રિકવર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસના સ્ટેટ સાયબર ક્રાઇમ સેલે વર્ષ ૨૦૨૪માં સાયબર ગઠિયાઓએ છેતરપિંડી કરીને નિર્દોષ નાગરિકો પાસેથી આંચકેલા રૂપિયા પૈકી ૧૦૮ કરોડથી વધુ રૂપિયા રિકવર કર્યા હતા. આ ઉપરાંત એક વર્ષમાં ૨૮૫.૧૨ કરોડ રૂપિયા ફ્રિઝ કરવામાં આવ્યા હતા, તેને રિકવર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સાયબર ફ્રોડ થયાના ગોલ્ડન અવર્સ એટલે કે પાંચ કલાકની અંદર મળેલી ફરિયાદોમાં નાણાં ફ્રિઝ અને રિકવરી રેટ સૌથી વધુ હોય છે. કોઈપણ સાયબર ફ્રોડની ઘટના બને તો તરત જ ગોલ્ડન અવર્સની અંદર જ હેલ્પલાઇન નંબર-૧૯૩૦ ઉપર સંપર્ક કરવા નાગરિકોને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા અપીલ કરી હતી.

અહેવાલ મુજબ રાજ્યમાં તા.૧લી જાન્યુઆરી-૨૦૨૪થી તા.૧૫મી ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં સાયબર ક્રાઈમ સંબંધિત કુલ ૧.૩૧ લાખ ફરિયાદો નોંધાઈ હતી. તેની સામે ત્વરિત એક્શન લઇને છેતરપિંડીમાં ગયેલી રકમ પૈકી રૂ.૨૮૫.૧૨ કરોડની રકમ ફ્રીઝ કરવામાં ગુજરાત પોલીસના સ્ટેટ સાયબર ક્રાઇમ સેલને સફળતા મળી હતી. તે પૈકી સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોનાં ૧૦૮.૦૮ કરોડ રૂપિયા રિકવર કરી પરત કરી દેવામાં આવ્યા હતા, જ્યારે અન્ય રકમ પરત કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

સ્ટેટ સાયબર ક્રાઇમ સેલના એસ.પી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે, લોક અદાલત મારફતે અરજદારોને તેમના નાણાં પરત અપાવવાના હેતુસર સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ દ્વારા તા.૩જી ડિસેમ્બરથી તા.૧૩મી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ૧૦ દિવસની ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

આ ઝુંબેશમાં રાજ્યભરની કુલ ૪૦,૯૦૫ અરજીઓના ઓપિનિયન લોક અદાલતમાં સબમિટ કરવામાં આવ્યા હતા. જેના ટૂંક સમયમાં કોર્ટના ઓર્ડર આવશે એટલે સાયબર ફ્રોડમાં ગયેલા વધુ ૭૫ કરોડ રૂપિયા નાગરિકોને પરત મળશે.

# સુરતમાં એલસીબી ટીમે કેમિકલ ચોરીના કૌભાંડનો પર્દાફાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લા એલસીબી ટીમે બાતમીના આધારે માંગરોળ તાલુકાના નેશનલ હાઇવેને અડીને આવેલા પીપોદરા ગામમાં જીઆઈડીસીમાં દરોડા પાડીને કેમિકલ ચોરીના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. જે બાતમીના આધારે એક ગોડાઉન પર દરોડા પાડવામાં આવ્યા હતા. એલસીબી ટીમને ઘટના સ્થળેથી કેમિકલ ભરેલી ૩૧૮ જેટલી બેગ મળી આવી હતી અને બે ઇસમો પણ ઝડપાયા હતા.

પૂછપરછ દરમિયાન બંને ઇસમો રીઢા ગુનેગાર હોવાનું સામે આવ્યું હતું. આ બંને ઇસમો કેમિકલ ચોરીના અનેક ગુનાઓમાં સંડોવાયેલા હતા. ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલી અનેક કેમિકલ મિલ આવેલી છે, તેમજ આ મિલમાં કોસ્મેટિકમાં વાપરવામાં આવતા કેમિકલનું ઉત્પાદન થાય છે. આ કેમિકલનો જથ્થો કન્ટેનર દ્વારા મુંબઈ પોર્ટ પર મોકલવામાં આવે છે અને ત્યાંથી વિદેશમાં એક્સપોર્ટ થાય છે.

બંને ઝડપાયેલા કેમિકલ ચોર કન્ટેનરના ડ્રાઇવરની મિલી ભગતથી અમુક જથ્થો કાઢી લેતા હતા અને તેની જગ્યાએ એટલા જ વજનની રેતી ભરી દેતા હતા. જે બાદ કન્ટેનરને સીલ મારી દેતા હતા. આ રીતે બંને આરોપીઓએ અત્યાર સુધીમાં કુલ ૩૦ ટન જેટલો કેમિકલનો જથ્થો ચોરી કર્યો હોવાની કબૂલાત કરી હતી. જે પૈકી ૧૦ ટન જથ્થો પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે ૨૦ ટન જથ્થો દિલ્હીના વેપારીને વેચી દીધો હતો.

# ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળીઃ શક્તિસિંહ ગોહિલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીના ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે, ભરૂચના ઝઘડિયામાં એક ૧૦ વર્ષની દુષ્કર્મ પીડિતા બાળકીનું સારવાર દરમિયાન મોત થતાં સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે, રાજ્યમાં ડ્રગ્સની તસ્કરી, હત્યા, લૂંટ, છેતરપિંડી, છેડતી અને પેપર લીક સહિતના ગુનાઓ વધતા કૉંગ્રેસે રાજ્ય સરકાર પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. રાજ્યસભા સાંસદ મુકુલ વાસનિક, પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા વિપક્ષ નેતા અમિત ચાવડાએ સુરતમાં પત્રકાર પરિષદ યોજી ભાજપ સરકારને નિશાન બનાવી હતી.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, મીડિયા પણ ગુજરાતની પરિસ્થિતિ જુએ છે. ગુજરાતમાં એક વર્ષમાં ૧૬૯ બાળકીઓ ઉપર દુષ્કર્મની ઘટનાઓ બની છે. સમાજની કોઈપણ વ્યક્તિ માટે આવી ઘટનાઓ શરમજનક છે. કૉંગ્રેસની સરકારમાં સવાર સુધી રાસ ગરબા ચાલતા હતા અને દીકરીઓ એકલી ઘરે આવતી હોવા છતાં આવી ઘટનાઓ બનતી નહોતી. ભાજપ સરકાર સારા અને નિષ્ઠાવાન અધિકારીઓને સાઇડ લાઇન કરે છે અને હપ્તા લઈને બદલીઓ થાય છે.

સુરતની સ્થિતિ અંગે શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સુરત ફાઇનાન્સિયલ કેપિટલ છે. પરંતુ હાલની સ્થિતિ ખરાબ કેમ થઈ તેનો વિચાર કરવાની જરૂર છે. મેં પાર્લામેન્ટમાં કહ્યું કે ચાઇનાથી આવતા ડાયમંડ પર બ્રેક નહીં આપો તો ડાયમંડ ઇન્ડસ્ટ્રી મુશ્કેલીમાં મુકાશે. પરંતુ આ ડાયમંડને બંધ કરવાના બદલે પીએમ મોદી અમેરિકા ગયા અને ત્યાંના પ્રેસિડેન્ટની પત્નીને સિન્થેટિક ડાયમંડ ગિફ્ટમાં આપ્યા હતા, આના કારણે વિશ્વમાં સંદેશો ગયો કે ભારતમાં ઓરિજનલ હીરા બનતા નથી.

ડ્રગ્સ મામલે કૉંગ્રેસ નેતાએ જણાવ્યું હતુ કે, રાજ્યમાં ડ્રગ્સનો કાળો કારોબાર વધ્યો છે. ગુંડાઓને ખેસ પહેરાવીને ધન સંગ્રહ કરવામાં આ ગુંડાઓનો હાથ છે.

આ ઉપરાંત તેમણે નિટનું પેપર લીક થવામાં અને બાળકી સાથે દુષ્કર્મ કરીને તેની હત્યા કરી તે ભાજપનો નેતા હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે રાજ્ય સરકારને સવાલો કર્યા હતા કે, 'ગરીબ અને નાના લોકો છે તેમનો વરઘોડો પોલીસ કાઢે છે, પરંતુ ખ્યાતિકાંડમાં જે પકડાયા તેમનો વરઘોડો કેમ હજુ સુધી નીકળ્યો નથી?'

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 306 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માર્ગશીર્ષ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 December 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૫ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ચેમ્પિયન્સ ટ્રોફીઃ ભારતની બધી મેચ દુબઈમાં




## ▸ ભારત-પાકિસ્તાન એક જ ગ્રૂપમાં ▸ ભારત આઈસીસીમાં ‘બોસ’

દુબઇઃ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો હતો. ટૂર્નામેન્ટની શરૂઆત ૧૯ ફેબ્રુઆરીથી થશે. પ્રથમ મેચ કરાંચીમાં ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાશે. જ્યારે નવ માર્ચના રોજ ફાઇનલ મેચ રમાશે. સૌથી મહત્વની વાત એ છે કે ટીમ ઈન્ડિયા તેની તમામ મેચ દુબઈમાં રમશે, જેની માંગ બીસીસીઆઈ પહેલાથી જ કરી રહી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૩ ફેબ્રુઆરીએ દુબઈમાં મેચ રમાશે. સેમિફાઇનલ અને ફાઇનલ માટે રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે.

ભારત સરકારે આ ટૂર્નામેન્ટ માટે ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન જવાની મંજૂરી આપી ન હતી. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન પાકિસ્તાનમાં થવા જઈ રહ્યું હતું. જેના કારણે બીસીસીઆઇએ ટૂર્નામેન્ટને હાઇબ્રિડ મોડલમાં આયોજિત કરવાની માગ કરી હતી. આ મુદ્દે છેલ્લા ઘણા દિવસોથી બંને દેશોના ક્રિકેટ બોર્ડ વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું હતું. જેના કારણે ટૂર્નામેન્ટનો કાર્યક્રમ જાહેર કરવામાં લગભગ એક મહિનાનો વિલંબ થયો હતો. હવે હાઇબ્રિડ મોડલમાં ટૂર્નામેન્ટ રમવા માટે સંમત થયા બાદ આઇસીસીએ શિડ્યૂલને મંજૂરી આપી દીધી છે.

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ૮ ટીમો વચ્ચે કુલ ૧૫ મેચ રમાશે. તમામ ટીમોને ૨ ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપ-એમાં છે.

તેમની સાથે બાકીની બે ટીમો ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ છે. જ્યારે દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન અને ઈંગ્લેન્ડને ગ્રુપ-બીમાં રાખવામાં

(જુઓ પાનું ૨) ▸▸

# કાશ્મીરમાં મરાઠા રેજિમેન્ટના પાંચ જવાન શહીદ, અનેક ઘાયલ

## વાહન ખીણમાં પડતા દુર્ઘટના સર્જાઇ

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લાના મેંઢરમાં માનકોટના બલનોઇ ખાતે લશ્કરનું વાહન મંગળવારે સાંજે ૩૦૦થી ૩૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડતા મરાઠા રેજિમેન્ટના પાંચ જવાન શહીદ થયા હતા અને અન્ય અંદાજે દસ જવાન ઘાયલ થયા હતા, જેમાંના કેટલાકની હાલત ગંભીર છે.

લશ્કરનું વાહન બરફને લીધે લપસણા બનેલા રસ્તા પરથી સરકીને ખીણમાં પડ્યું હોવાનું કહેવાય છે.

લશ્કરની ક્વિક રિસ્પોન્સ ટીમ સહિત સ્થાનિક વહીવટીતંત્રે મોડી રાત સુધી બચાવ અને રાહત કામગીરી કરી હતી.

અંધારા, ભારે ઠંડી તેમ જ હિમવર્ષા અને વીજ પુરવઠાની સમસ્યાને લીધે રાતના બચાવ કામગીરીમાં અડચણ ઊભી થઇ હતી.

જમ્મુ અને કાશ્મીરમાં હાલમાં ભારે ઠંડી પડી રહી છે અને હિમવર્ષા થઇ રહી છે. શ્રીનગરમાં તાજેતરમાં લઘુતમ તાપમાન માઇનસ ૮.૫ અંશ સેલ્સિયસ થઇ ગયું હતું કે જે છેલ્લા ત્રણ દાયકાનું સૌથી

(જુઓ પાનું ૨) ▸▸




# હિમાચલમાં અટલ ટનલ નજીક હજારો વાહન ફસાયાં

શિમલાઃ હિમાચલ પ્રદેશમાં કેટલાક જિલ્લાઓમાં હિમવર્ષાને પગલે ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ઓછામાં ઓછા ૧૭૭ રસ્તા બંધ કરવામાં આવ્યા હતા, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

કિન્નૌર, લાહૌલ અને સ્પીતિ અને શિમલા, કુલ્લુ, મંડી, ચંબા અને સિરમૌર જિલ્લાના ઊંચા વિસ્તારોમાં હિમવર્ષા નોંધાઈ હતી. ખાદ્રાલામાં ૨૪ સેમી બરફ પડ્યો, ત્યારબાદ સાંગલા (૧૬.૫ સેમી), શિલારો

(જુઓ પાનું ૨) ▸▸

# રાષ્ટ્રપતિ ગુરુવારે ૧૭ બાળકને પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર આપશે

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૧૪ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના ૧૭ બાળકને ગુરુવારે પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર આપશે.

કેન્દ્રના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે અમે ગુરુવારે વીર બાળ દિવસ ઊજવીશું અને પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરાશે.સાત વર્ગ - સંસ્કૃતિ, બહાદુરી, શોધ, વિજ્ઞાન અને ટેક્નોલૉજી, સમાજસેવા, રમતગમત અને પર્યાવરણ ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનારા બાળકોને રાષ્ટ્રીય પુરસ્કાર અપાશે.

સાત છોકરા અને દસ છોકરી મળીને કુલ ૧૭ બાળકને પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારમાં ચંદ્રક, પ્રમાણપત્ર અને બુકલેટ અપાશે.

દિલ્હીના ભારત મંડપમ્ ખાતે વીર બાળ દિવસની ઉજવણી કરવા ખાસ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ પ્રસંગે હાજર રહેશે. મહિલા અને બાળ વિકાસ પ્રધાન અન્નપૂર્ણા દેવી કાર્યક્રમને સંબોધશે. આ કાર્યક્રમમાં અંદાજે ૩,૫૦૦ લોકો હાજર રહેવાની શક્યતા છે.શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો ખાતે વાર્તા સંભળાવવાના, નિબંધ અને કવિતા લેખન સ્પર્ધા, પોસ્ટર તૈયાર કરવાના કાર્યક્રમ સહિતના વિવિધ પ્રોગ્રામનું આયોજન કરાશે. (એજન્સી) ■

# બાંગ્લાદેશમાં માનવ અધિકારના રક્ષણની બાંયધરી આપતા યુનુસ

સેન ફ્રાન્સિસ્કોઃ બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મહંમદ યુનુસે અમેરિકાની રાષ્ટ્રીય સલામતી માટેના સલાહકાર જેક સલિવનની સાથે સોમવારે મંત્રણા કરી હતી અને બાંગ્લાદેશમાં માનવ અધિકારના રક્ષણની બાંયધરી આપી હતી.

અગાઉ, બાંગ્લાદેશમાં હિંદુઓ અને મંદિરો પર થઇ રહેલા હુમલાના સંબંધમાં ભારત સહિતના અનેક દેશે ચિંતા વ્યક્ત કરી હતી.

વાઇટ હાઉસે મહંમદ યુનુસ અને જેક સલિવન વચ્ચેની મંત્રણા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે બન્ને નેતા દરેક ધર્મના લોકો, ખાસ કરીને લઘુમતી કોમ (હિંદુઓ)ના માનવ અધિકારના રક્ષણ માટે ચર્ચાવિચારણા કરી હતી અને બાંગ્લાદેશના નેતાએ આ બાબતમાં જરૂરી પગલાં લેવાની બાંયધરી આપી હતી.

અમેરિકાના વિદાય લઇ રહેલા પ્રમુખ જૉ બાઇડન ૨૦ જાન્યુઆરીએ ૪૭મા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને સત્તા સોંપવાના છે, તેના એક મહિના કરતાં ઓછા સમયમાં બાંગ્લાદેશે અમેરિકાને સંબંધિત બાંયધરી આપી હતી.ભારતીય મૂળના ડેમોક્રેટિક નેતા શ્રી થાનેદારે પણ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઇ રહેલા અત્યાચારનો મુદ્દો ઉઠાવવા અમેરિકાની સરકારને વિનંતિ કરી હતી. (એજન્સી) ■

# સૌરાષ્ટ્ર એક્સપ્રેસ સુરતના કિમ સ્ટેશને પાટા પરથી ઉતરીઃ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત-મુંબઈ વચ્ચે દોડતી દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ મંગળવારે સુરતના કિમ રેલવે સ્ટેશને પાટા પરથી ઊતરી ગઈ હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

વેસ્ટર્ન રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકના જણાવ્યા મુજબ, ટ્રેન નંબર ૧૯૦૫ દાદર - પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બપોરે ૩.૩૨ કલાકે કિમ સ્ટેશનથી પોરબંદર જવા રવાના થઈ ત્યારે પાટા પરથી ઉતરી ગઈ હતી. એન્જિન પાછળ લગાવવામાં આવેલા નોન પેસેન્જર કોચના ચાર વ્હીલ પાટા ઉપરથી ઊતરી ગયા હતા.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ઘટનમાં કોઈ મુસાફર કે રેલવે સ્ટાફને ઈજા થઈ નથી. વધારાની લૂપ લાઈન હોવાના કારણે ટ્રેન પાટા પરથી ઊતરી જતાં રેલવે વ્યવહારને કોઈ અસર થઈ નહોતી. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સિનેમા રહેશે ત્યાં સુધી શ્યામ બેનેગલ સ્મૃતિમાં રહેશે

**ભારતીય** ફિલ્મોના દિગ્ગજ ડિરેક્ટર્સમાંથી એક શ્યામ બેનેગલનું સોમવારે ૯૦ વર્ષની ઉંમરે અવસાન થયું એ સાથે જ ભારતીય સિનેમાનો એક યુગ પૂરો થઈ ગયો. ૧૯૬૨માં ઘરબેઠાં ગંગા નામની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવીને ફિલ્મી કારકિર્દી શરૂ કરનારા શ્યામ બેનેગલ ઉર્ફે શ્યામબાબુએ ૧૯૭૪માં પોતાની પહેલી ફીચર ફિલ્મ અંકુર બનાવેલી ને ૨૦૨૩માં બાગ્લાદેશની આઝાદીના પ્રણેતા શેખ મુજીબુર રહેમાનના જીવન પરથી છેલ્લી ફિલ્મ મુજીબ બનાવી હતી.

શ્યામબાબુની કારકિર્દી એ રીતે ૫૦ વર્ષની હતી ને આ ૫૦ વર્ષમાં તેમણે ૨૪ ફીચર ફિલ્મ બનાવી તેમાંથી એક પણ ફિલ્મ બ્લોક બસ્ટર કે સુપરહીટ નહોતી છતાં શ્યામ બેનેગલને દિગ્ગજ ડિરેક્ટર ગણાય છે કેમ કે તેમણે ભારતીય સિનેમામાં એક નવા પ્રવાહની શરૂઆત કરી. બેનેગલે ફોર્મ્યુલા ફિલ્મોથી અલગ એવી ફિલ્મો બનાવી કે જેમાં સ્ટોરી કેન્દ્રસ્થાને હોય. શ્યામબાબુએ એવી ફિલ્મો બનાવી કે જે કોઈને પણ વિચારતા કરી દે. સામાજિક વિષયો અને સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને શ્યામબાબુએ બનાવેલી ફિલ્મો આજે પણ જોવી ગમે એવી છે.

શ્યામ બેનેગલ ૧૪ ડિસેમ્બર ૧૯૩૪ના રોજ હૈદરાબાદના મિડલક્લાસ પરિવારમાં જન્મેલા. પ્રખ્યાત અભિનેતા અને મહાન સર્જક ગુરુ દત્તના પિતરાઈ ભાઈ થતા હતા. શ્યામબાબુના પિતા શ્રીધરન ફોટોગ્રાફર હતા તેથી તેમણે દીકરાને પણ કેમેરા લઈ આપેલો તેથી નાની ઉંમરથી જ બેનેગલનો કેમેરા સાથે નાતો થઈ ગયો હતો. આ કારણે જ અર્થશાસ્ત્રમાં એમ.એ. કર્યા પછી તેમણે ફોટોગ્રાફી કરવાનું શરૂ કર્યું હતું. બેનેગલે શરૂઆત મુંબઈમાં એડ એજન્સીઓ માટે કોપી રાઈટિંગ અને એડ ફિલ્મો બનાવવાથી કરેલી ને પછી ફિલ્મો તરફ વળ્યા.

'અંકુર', 'મંડી', 'સરદારી બેગમ', 'ઝુબૈદા' જેવી અવિસ્મરણીય ફિલ્મો બનાવનારા શ્યામબાબુનું ગુજરાત સાથે તો ગાઢ નાતો હતો. શ્યામબાબુએ ફિલ્મ સર્જનની શરૂઆત ગુજરાતીમાં ઘરબેઠાં ગંગા નામે ડોક્યુમેન્ટરી બનાવીને કરેલી. લગભગ દોઢ દાયકા પછી ૧૯૭૬માં તેમણે ગુજરાતમાં સહકારી મંડળીની શ્વેતક્રાંતિ પર ગિરીશ કર્નાડ અને સ્મિતા પાટિલને લઇને 'મંથન' ફિલ્મ બનાવીને ગુજરાતની મહાન સિધ્ધીને આખી દુનિયા સામે મૂકી દીધેલી.

શ્યામબાબુની મંથન ફિલ્મ એ રીતે પણ ખાસ છે કે, 'મંથન' ફિલ્મ ભારતની પહેલી 'ક્રાઉડફન્ડેડ' ફિલ્મ હતી. ત્રિભુવનદાસ પટેલ અને વર્ગીસ કુરિયનની જોડી ગુજરાતમાં દૂધ સહકારી મંડળીઓ (અમૂલ)ની શ્વેતક્રાંતિ લાવી હતી. આ શ્વેત ક્રાંતિ પરની ફિલ્મ બનાવવા માટે ૫ લાખ ખેડૂતોએ ૨-૨ રૂપિયા આપ્યા હતા. શ્યામ બેનેગલે આ રીતે ૧૦ લાખ રૂપિયા એકઠા કરીને એક નવો રસ્તો બતાવ્યો હતો પણ બહુ ઓછા સર્જકો આ રસ્તે આગળ વધી શક્યા કેમ કે તેમની પાસે શ્યામબાબુ જેવા જોરદાર વિષયો નહોતા.

શ્યામ બેનેગલે પ્રસિદ્ધ મરાઠી નાટ્યકાર વિજય તેંડુલકર સાથે મળીને લખાયેલી મંથન ફિલ્મ ભારતીય સિનેમામાં માઈલસ્ટોન છે. આ ફિલ્મે નેશનલ એવોર્ડ જીત્યો હતો અને તેને ૧૯૭૬ના વર્ષ માટે ભારત તરફથી ઓસ્કરની સત્તાવાર એન્ટ્રી તરીકે પણ મોકલવામાં આવી હતી.

શ્યામ બેનેગલે 'અંકુર' (૧૯૭૪)થી ફીચર ફિલ્મો બનાવવાની શરૂઆત કરી હતી. શ્યામબાબુને ભારતીય સિને જગતમાં આર્ટ ફિલ્મોના પ્રણેતા માનવામાં આવે છે. તેમની પહેલી ચાર ફિલ્મો 'અંકુર', 'નિશાંત' (૧૯૭૫), 'મંથન' (૧૯૭૬) અને 'ભૂમિકા' (૧૯૭૭) પ્રમાણમાં ધીમી હતી તેથી આ છાપ પડી. આ ફિલ્મો દ્વારા બેનેગલે ભારતીય સમાંતર સિનેમામાં એક નવી જ લહેર લાવી દીધી અને મહાન સર્જક તરીકે પ્રસ્થાપિત કરી દીધા એ પણ સાચી વાત છે પણ શ્યામ બેનેગલની રેન્જ બહુ વિશાળ હતી. શ્યામ બેનેગલના સર્જન પર નજર નાખશો તો આ વાત સમજાશે.

શ્યામ બેનેગલની ઘણી બધી ફિલ્મો મહાન સર્જનો પર આધારિત હતી. સામાન્ય રીતે કોઈ કથા કે પુસ્તક પરથી ફિલ્મ બને ત્યારે મૂળ સર્જન કરતાં ઊતરતી કક્ષાની હોય એવું જ બને. દેવાનંદની ગાઈડ ફિલ્મ ભારતીય સિનેમામાં ક્લાસિક ગણાય પણ આર.કે. નારાયણની ગાઈડ નોવેલની સરખામણીમાં ફિલ્મ બહુ ફિક્કી છે. બેનેગલે મૂળ સર્જન જેટલી જ યાદગાર ફિલ્મો બનાવી.

શ્યામ બેનેગલની ભૂમિકા ફિલ્મ ૧૯૪૦ ના દાયકાની જાણીતી મરાઠી મંચ અને ફિલ્મોની જાણીતી અભિનેત્રી હંસા વાડકરની સાંગત્યે આઈકા નામની આત્મકથા પર આધારિત હતી. હંસા વાડકર બિંદાસ અને કોઈની પરવા કર્યા વિનાની જિંદગી જીવી હતી. બેનેગલે આ ફિલ્મને ક્લાસિક બનાવી દીધી. ચરણદાસ ચોર મહાન રાજસ્થાની સર્જક વિજયદાન દેથાની કૃતિ પર આધારિત હતી. જુનૂન રસ્કિન બોન્ડની અ ફ્લાઈટ ઓફ પીજીયન્સ પરથી બનેલી તો મંડી ગુલામ અબ્બાસની ઉર્દૂ શોર્ટ સ્ટોરી આનંદી પરથી બનેલી. સૂરજ કા સાતવાં ઘોડા ધર્મવીર ભારતીની એ જ નામની નોવેલ પરથી બનેલી.

બેનેગલે અલગ વિષયો પર પણ જાનદાર ફિલ્મો આપી. નિશાંત જાગીરદારોના અત્યાચારો પર આધારિત હતી તો આરોહણ નકસલવાદ પર આધારિત હતી. અંકુર દલિત પરિણીત સ્ત્રીના ધનિક યુવક સાથેના સેક્સ સંબંધો પર આધારિત હતી. કલયુગ દ્વારા બેનેગલે મહાભારતને આધુનિક સ્વરૂપમાં રજૂ કર્યું. બેનેગલે વાસ્તવિક જીવનની ઘટનાઓ પરથી પણ અદભુત ફિલ્મો બનાવી. મંથન, ઝુબૈદા, ધ મેકિંગ ઓફ મહાત્મા, બોઝ, સ્વાધ્યાય પરિવારની પ્રવૃત્તિઓ પર આધારિત અંતર્નાદ તેનાં ઉદાહરણ છે.

શ્યામ બેનેગલની બીજી ખાસિયત એ કે તેમણે કદી મોટા મનાતા કલાકારોને લીધા નહીં પણ તેમની ફિલ્મોમાં કામ કરીને કલાકારો મોટા થયા. શ્યામ બેનેગલની ફિલ્મોએ ભારતીય સિનેમાને નસીરુદ્દીન શાહ, ઓમ પુરી, અમરીશ પુરી, અનંત નાગ, શબાના આઝમી, સ્મિતા પાટીલ અને સિનેમેટોગ્રાફર-ફિલ્મમેકર ગોવિંદ નિહલાની જેવા મહાન કલાકારો આપ્યા પણ એ સિવાય બીજા પણ ઘણા એવા કલાકારો છે કે જેમની કારકિર્દીની ઓળખ જ શ્યામ બેનેગલની ફિલ્મ બની હોય. કરિશ્મા કપૂરને કોઈ સિરિયસ એક્ટ્રેસ ગણતું જ નહોતું પણ ઝુબેદા ફિલ્મે આ માન્યતા બદલી. સચિન ખેડેકરે આખી જિંદગી કેરેક્ટર રોલ જ કર્યા પણ બેનેગલે ખેડેકરને સુભાષચંદ્ર બોઝ તરીકે રજૂ કરીને નવી ઓળખ આપી. રજીત કપૂરને યુવા ગાંધી તરીકે રજૂ કરીને બેનેગલે તેમને પણ અમર કરી દીધા. વેલકમ ટુ સજ્જનપુર ફિલ્મ દ્વારા શ્રેયસ તળપદેને કોમેડી ફિલ્મોમાં કામ કરવાની ક્ષમતાને બેનેગલ બહાર લાવ્યા ને પછી શ્રેયસ પાસે ફિલ્મોની લાઈન લાગી ગઈ. શ્યામબાબુએ ટીવી પર પણ યાદગાર કામ કર્યું. ટેલિવિઝન માટે તેમણે 'કથા સાગર', જવાહરલાલ નેહરુના પુસ્તક 'ડિસ્કવરી ઓફ ઇન્ડિયા' પરથી 'ભારત એક ખોજ', 'અમરાવતી કી કથાયેં', 'સંવિધાન' જેવી આજે પણ જોવી ગમે એવી સિરીઝ બનાવી હતી. સત્યજિત રાય અને જવાહરલાલ નેહરુ પર પણ ડોક્યુમેન્ટરી ફિલ્મો બનાવનારા શ્યામબાબુની રેન્જ ખરેખર વિશાળ હતી.

શ્યામ બેનેગલ આપણી વચ્ચેથી ભલે વિદાય થયા પણ એ પહેલાં એટલું સર્જન કરતા ગયા છે કે, સિનેમા રહેશે ત્યાં સુધી શ્યામ બેનેગલ સ્મૃતિમાં રહેશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, બુધવાર, તા. ૨૫-૧૨-૨૦૨૪, ખ્રિસ્તી નાતાલ પર્વ

- ભારતીય દિનાંક ૪, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૪મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૫-૨૧ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : રાત્રે ક. ૨૧-૦૫
- ઓટઃ બપોરે ક. ૧૩-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૮ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - દસમી. પૌષ દસમી, શ્રી પાર્શ્વનાથ જયંતી (જૈન), ખ્રિસ્તી નાતાલ પર્વ, વિષ્ટિ ક. ૦૯-૧૧ થી ૨૨-૨૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-બુધ ગ્રહ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, વિદ્યારંભ, નવા આભૂષણ વસ્ત્ર, વાહન, વાસણ, મહેંદી લગાવવી, ચંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, બીલીનું વૃક્ષ વાવવું.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ. ચંદ્ર ચિત્રા યુતિ. બુધ પશ્ચિમમાં મહત્તમ ઊંચે ૨૨ ડિગ્રીના અંતરે રહે છે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# અમેરિકન ઍરલાઈન્સની સિસ્ટમમાં સર્જાયેલી ટેક્નિકલ ખામીનો ઉકેલ આવી જતાં લાખો પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો

વૉશિંગ્ટનઃ ટૅક્નિકલ ખામીને કારણે અમેરિકન ઍરલાઈન્સની સિસ્ટમમાં સર્જાયેલી સમસ્યાનો ઉકેલ આવી જતાં નિયામક ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશન (એફએએ)એ મંગળવારે વહેલી સવારે વિમાનસેવા ફરી શરૂ કરવાની પરવાનગી આપી દેતાં લાખો પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

અગાઉ, ટૅક્નિકલ ખામીની અસરને કારણે સંપૂર્ણ સિસ્ટમ ખોરવાઈ જતાં ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશન (એફએએ)એ અમેરિકન ઍરલાઈન્સની તમામ ફ્લાઈટ રદ કરવાનો આદેશ આપતાં ક્રિસમસની રજાની મજા માણવા જઈ રહેલાં લાખો પ્રવાસીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વહેલામાં વહેલી તકે સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે તેથી તમે ધીરજ જાળવી રાખો એ જરૂરી અને પ્રશંસનીય હશે, એમ ઍરલાઈન્સે સમસ્યાને કારણે પરેશાન પ્રવાસીઓને જણાવ્યું હતું.

કંપનીએ આ સમસ્યા અંગે ખુલાસો કરતી પ્રેસનોટ બહાર નહોતી પાડી કે તાત્કાલિક ઈમેલ પણ નહોતો કર્યો.

અમેરિકન ઍરલાઈન્સ અને દેશભરમાં તેની સાથે સંકળાયેલી અન્ય તમામ ઍરલાઈન્સની ફ્લાઈટ રદ કરવાની માગણી કરતી કંપનીની વિનંતીને એફએફએએ માન્ય કરી હતી. (એજન્સી)

# બજેટની તૈયારીઃ મોદીએ અર્થશાસ્ત્રીઓ સાથે બેઠક યોજી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૫-૨૬ના કેન્દ્રીય અંદાજપત્રના સંબંધમાં દેશના જાણીતા અર્થશાસ્ત્રીઓની સાથે વિવિધ આર્થિક મુદ્દે ચર્ચા કરી હતી.

મોદી અને અર્થશાસ્ત્રીઓની આ બેઠકમાં રોજગારીની નવી તક ઊભી કરવી, ખેતીને પ્રોત્સાહન આપીને પાકનું ઉત્પાદન વધારવું, આંતરિક માળખું સુધારવું, નિકાસ વધારવી અને વિદેશી રોકાણ વધારવા જેવા વિવિધ મુદ્દે ચર્ચાવિચારણા કરાઇ હતી.

કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ ૨૦૨૫ની પહેલી ફેબ્રુઆરીએ લોકસભામાં ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર રજૂ કરવાના છે.

મોદીએ અર્થશાસ્ત્રીઓને જણાવ્યું હતું કે આર્થિક બાબતોને લગતી કેટલીક મૂળભૂત વિચારધારામાં પરિવર્તન લાવીને વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરી શકાશે અને ભારતને ૨૦૪૭માં વિકસેલો દેશ બનાવી શકાશે.

બેઠકમાં વૈશ્વિક અર્થતંત્રમાંની અનિશ્ચિતતા, વિવિધ દેશો વચ્ચે ચાલતા યુદ્ધ અને તેની દેશના અર્થતંત્ર પર થઇ રહેલી અસર જેવા મુદ્દે પણ ચર્ચાવિચારણા કરાઇ હતી.

મોદી સાથેની બેઠકમાં સુરજિત ભલ્લા, અશોક ગુલાટી, ધર્મકીર્તિ જોશી, મદન સબનવીસ, અમિતા બત્રા, સૌમ્ય કાંતિ ઘોષ, સિદ્ધાર્થ સન્યાલ, લવીશ ભંડારી, રજની સિંહા, કેશવ દાસ, પ્રિતમ બેનરજી, રાહુલ બજોરિયા, નિખિલ ગુપ્તા જેવા જાણીતા અર્થશાસ્ત્રીઓએ ભાગ લીધો હતો. (એજન્સી)

# એમપીના ભૂતપૂર્વ કોન્સ્ટેબલ પાસેથી ત્રણ કરોડની રોકડ સહિત ₹ આઠ કરોડની સંપત્તિ જપ્ત

ભોપાલઃ મધ્યપ્રદેશના એક ભૂતપૂર્વ કોન્સ્ટેબલ પાસે રૂ. ૭.૯૮ કરોડની સંપત્તિ મળી આવી છે, જેમાં રૂ. ૨.૮૭ કરોડની રોકડ અને ૨૩૪ કિલોગ્રામ ચાંદીનો સમાવેશ થાય છે, એમ એક ટોચના લોકાયુક્ત પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

લોકાયુક્તના સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (એસપીઇ) એ ૧૮ અને ૧૯ ડિસેમ્બરના રોજ અહીંના તેના નિવાસસ્થાન અને કાર્યાલય પર દરોડ પાડ્યા પછી ભૂતપૂર્વ કોન્સ્ટેબલ સૌરભ શર્મા સાથે જોડાયેલા પરિસરમાંથી આ સંપત્તિઓ જપ્ત કરી હતી, એમ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

લોકાયુક્ત ડીજીપી જયદીપ પ્રસાદે જણાવ્યું હતું કે સૌરભ શર્માના પિતા આરકે શર્મા સરકારી ડોક્ટર હતા અને ૨૦૧૫માં તેમનું અવસાન થયું હતું.

ત્યારપછી, સૌરભ શર્માને ૨૦૧૫માં કરુણાના ધોરણે રાજ્ય પરિવહન વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો અને ૨૦૨૩માં તેણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે શર્માએ ભ્રષ્ટાચાર દ્વારા કમાયેલાં નાણાંનો ઉપયોગ તેની માતા, પત્ની, ભાભી અને નજીકના સહયોગીઓ ચેતન સિંહ ગૌડ અને શરદ જયસ્વાલના નામે એક શાળા અને હોટલ સ્થાપવા સહિત વિશાળ સંપત્તિ એકત્ર કરવા માટે કર્યો હતો.

સૌરભ શર્મા, તેની પત્ની, માતા અને સહયોગી ગૌડ અને જયસ્વાલને સમન્સ જારી કરવામાં આવ્યા છે, તેમને પૂછપરછ માટે હાજર થવાનું કહેવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

આવકવેરા વિભાગે ગૌડ પાસેથી રોકડ અને સોનું પણ જપ્ત કર્યું છે. પ્રસાદે જણાવ્યું હતું કે, સર્ચ દરમિયાન મળી આવેલી બેંક વિગતો અને જમીનના દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. ૧૯ ડિસેમ્બરના રોજ એક અલગ કાર્યવાહીમાં, આઇટી વિભાગે ભોપાલની બહારના વિસ્તારમાં ગૌડની માલિકીની કારમાંથી રૂ. ૧૦ કરોડથી વધુ રોકડ અને ૫૦ કિલોથી વધુ સોનું જપ્ત કર્યું હતું.

# કેરળમાં એનસીસીના કેમ્પમાં ૬૦ કેડેટને ખોરાકી ઝેર ચડ્યું

કોચી : કેરળની એક કૉલેજમાં યોજાયેલી એનસીસીની શિબિરમાં ૬૦ કેડેટને ખોરાકી ઝેર ચડવાથી હૉસ્પિટલમાં દાખલ કરાવામાં આવ્યા હતા અને આને લીધે ચિંતાજનક પરિસ્થિતિ સર્જાઈ હતી.

૨૧ કેરળ બટાલિયન એનસીસીએ સોમવારે સાંજે થ્રિક્કાકરા ખાતેની કૉલેજમાં શિબિરનું આયોજન કર્યું હતું. અધિકારીઓના કહેવા મુજબ ખોરાકી ઝેરની ફરિયાદ કરનાર અનેક વિદ્યાર્થીઓને વિવિધ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આમાંના અનેક વિદ્યાર્થીઓને સોમવારે રાત્રે રજા આપવામાં આવી હતી. સત્તાવાર સૂત્રોએ માહિતી આપી હતી કે એનસીસીએ આ બનાવની ખાતાકીય તપાસનો આદેશ આપ્યો છે.

અધિકારીઓએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓએ તેમનું રાત્રીનું ભોજન લીધા બાદ સાંજના સાત વાગ્યે ચાર વિદ્યાર્થીઓએ અસ્વસ્થતાની ફરિયાદ કરી હતી અને પછી સંખ્યા વધીને ૪૦ અને પછી ૬૦ની થઈ હતી. કેમ્પના આયોજકોએ બધાને હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. બનાવ બન્યા બાદ વિદ્યાર્થીઓના માબાપ આવતાં અનેક વિદ્યાર્થીઓ તેમની જોડે ઘરે જતા રહ્યા હતા.

દરમિયાન પોલીસે બહારના દસ ઈસમ સામે કેસ નોંધ્યો છે. સમાચાર પ્રસર્યા ત્યારે ગરબડ કરવા બદલ તેમની સામે કેસ કરવામાં આવ્યો છે,

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ૧૦ દિવસના કેમ્પમાં ૫૫૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ કેમ્પ ૨૦ ડિસેમ્બરે શરૂ થયો હતો. અનેક વિદ્યાર્થીઓ કેમ્પ છોડીને જતા રહ્યા હોવાથી એનસીસી નક્કી કરશે કે કેમ્પ ચાલુ રાખવો કે નહીં. અધિકારીઓએ કહ્યું હતું કે ભોજન અને રાંધણ માટે ઉપયેગમાં લેવામાં આવેલા પાણીના નમૂના ભેગા કરવામાં આવ્યા છે. (એજન્સી)

# ભોપાલમાં બે જૂથ વચ્ચેની અથડામણમાં બેને ઈજા

ભોપાલ : મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં બે જૂથો વચ્ચે વિવાદને પગલે થયેલી અથડામણમાં ઓછામાં ઓછા બે જણ ઘાયલ થયા હતા. શહેરના જહાંગીરબાદ વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. પોલીસે કહ્યું હતું કે રવિવારે બે જૂથો વચ્ચે થયેલા ઝઘડાના પરિણામે બે જૂથો વચ્ચે મંગળવારે અથડામણ થઈ હતી.

વધારાના કમિશનર અવધેશ કુમાર ગોસ્વામીએ કહ્યું હતું કે રવિવારે બે જૂથો વચ્ચે લડાઈ થઈ હતી. પાંચ સભ્યનું જૂથ વધારે આક્રમક હતું અને આમાંના ત્રણ સભ્યની તત્કાળ ધરપકડ કરવામાં આવી હતી. બીજા બેની ધરપકડ મંગળવારે કરવામાં આવી હતી. મંગળવારે રવિવારના કેસમાં જેની ધરપકડ નથી કરાઈ એની હાજરી અંગે ફરી અથડામણ થઈ હતી. રવિવારની અથડામણમાં જે લોકો પીડિત હતા તેઓએ મંગળવારે પથ્થરમારો કર્યો હતો.

કૉંગ્રેસની રૅલીને લીધે મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવામાં આવી હોવાથી તેઓ ધસી આવ્યા હતા અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. ગોસ્વામીએ કહ્યું હતું કે તોફાનીઓને ભગાડી દેવામાં આવ્યા હતા. સીસીટીવી ફૂટેજના આધારે પથ્થરબાજોને શોધી કાઢવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસે રવિવારના ઝઘડા બદલ પાંચ જણ સામે કેસ કર્યો હતો અને એમાંના ત્રણની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. બાકી બેની મંગળવારે ધરપકડ કરાઈ હતી.

આનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરી રહ્યો છે જેમાં અમુક તોફાનીઓ પથ્થરમારો કરી રહ્યા છે અને તેમના હાથમાં લાકડી અને તલવાર છે. (એજન્સી)

# થિયેટર સ્ટેમ્પીડ કેસઃ પોલીસે અલ્લુ અર્જુનની ત્રણ કલાક પૂછપરછ કરી

હૈદરાબાદઃ ચોથી ડિસેમ્બરે પુષ્પા-ટૂના સ્ક્રિનિંગ દરમિયાન થયેલી ધક્કામુક્કીમાં એક મહિલાનું મોત થયું હોવા સંબંધિત કેસને મામલે પોલીસે ટોચના તેલુગુ અભિનેતા અલ્લુ અર્જુનની મંગળવારે ત્રણ કલાક પૂછપરછ કરી હતી.

પિતા અલ્લુ અરવિંદ અને વકીલ સાથે અલ્લુ અર્જુન મંગળવારે ૧૧:૦૦ વાગ્યે ચિક્કાડપલ્લી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. બપોરે ૨:૪૫ વાગ્યા સુધી પૂછપરછ ચાલી હતી. સેન્ટ્રલ ઝોનના ડીસીપી અક્ષાંશ યાદવના વડપણ હેઠળની ટીમ અલ્લુ અર્જુનની પૂછપરછ કરી હતી.

સાવચેતીના ભાગરૂપ પોલીસ સ્ટેશન સહિત આસપાસના વિસ્તારમાં કડક સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. પોલીસ સ્ટેશન તરફ જતા તમામ રસ્તાઓ પર વાહનોની અવરજવર પર અંકુશ લાદી દેવામાં આવ્યો હતો.

મંગળવારે સવારે ૧૧:૦૦ વાગ્યે પોલીસ સ્ટેશનમાં હાજર થવાની જાણકારી આપતી નોટિસ અલ્લુ અર્જુનને ૨૩ ડિસેમ્બરે પાઠવી દેવામાં આવી હતી.

નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે સ્ટેમ્પેડની ઘટનાને મામલે પૂછપરછ માટે મંગળવારે ચિક્કાડપલ્લી પોલીસ સ્ટેશને પહોંચવું અને ઘટનાની વાસ્તવિકતા અંગે જાણકારી મેળવવા જરૂર જણાય તો ઘટનાસ્થળની મુલાકાતે જવું પણ જરૂરી છે.

અગાઉ મંગળવારે સવારે અલ્લુ અર્જુનના જ્યુબિલિ હિલ્સસ્થિત વૈભવશાળી નિવાસસ્થાને સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

પોલીસ કમિશનર સી. વી. આનંદે થિયેટર પાસે બનેલી ધક્કામુક્કીની ઘટનાનો વીડિયો જાહેર કર્યા બાદ ૨૩ ડિસેમ્બરે અલ્લુ અર્જુનને આ નોટિસ પાઠવવામાં આવી હતી.

ચાર ડિસેમ્બરે બનેલી આ ઘટનાને પગલે એક મહિલાનું મૃત્યુ થયું હતું અને તેના આઠ વર્ષના પુત્રને હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો.

મૃતક મહિલાના પરિવારજનોએ કરેલી ફરિયાદને પગલે શહેર પોલીસે ઘટનાને મામલે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ અંતર્ગત અલુ અર્જુન અને તેની સુરક્ષા ટીમના સભ્યો અને થિયેટરના મેનેજમેન્ટ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

આરોપી નંબર ૧૧ અલ્લુ અર્જુનની આ મામલે ૧૩ ડિસેમ્બરે ધરપકડ કરવામાં આવી હતી. તેલંગણા હાઈકોર્ટે અલ્લુ અર્જુનને એ જ દિવસે ચાર અઠવાડિયાના વચગાળાના જામીન આપ્યા હતા અને ૧૪ ડિસેમ્બરે સવારે તેને જેલમાંથી મુક્ત કર્યો હતો. (એજન્સી)

## કૉંગ્રેસના વિધાનસભ્યે પુષ્પા-ટૂ ફિલ્મના અભિનેતા, નિર્માતા, દિગ્દર્શક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી

હૈદરાબાદઃ કૉંગ્રેસના વિધાનસભ્ય અને થિનમાર માલાન્ના તરીકે જાણીતા ચિન્તાપાન્ડુ નવિને પુષ્પા-ટૂ ફિલ્મમાં પોલીસ અધિકારીઓનું અપમાન કરવામાં આવ્યું હોવાનું જણાવતી ફરિયાદ અભિનેતા અલ્લુ અર્જુન, નિર્માતા, દિગ્દર્શક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

સોમવારે દાખલ કરવામાં આવેલી અરજીમાં ફિલ્મના ચોક્કસ દૃશ્યોમાં પોલીસ અધિકારીઓને ભ્રષ્ટ દર્શાવવામાં આવ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી હતી.

ફિલ્મના એક દૃશ્યમાં હીરોને સ્વિમીંગ પુલમાં પેશાબ કરતો દર્શાવવામાં આવ્યો છે અને આઈપીએસ અધિકારી એ પુલની અંદર છે એવું દર્શાવવામાં આવ્યું છે.

ફિલ્મનાં અમુક દૃશ્યોનું કરવામાં આવેલું ચિત્રિકરણ બંધારણીય સંસ્થાનો અનાદર અને વિશ્વાસભંગ કરે છે એવો દાવો તેમણે કર્યો હતો.

ફિલ્મમાંથી આ પ્રકારનાં દૃશ્યો હટાવી લેવાની ખતરી કરવાની તેમ જ ફિલ્મના અભિનેતા,

નિર્માતા, દિગ્દર્શક વિરુદ્ધ કાર્યવાહી કરવાની તેમણે પોલીસને વિનંતી કરી હતી. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## ચેમ્પિયન્સ ટ્રોફી

આવ્યા છે. તમામ મેચો ડે-નાઇટ રહેશે.

**ચેમ્પિયન્સ ટ્રોફીનો સંપૂર્ણ કાર્યક્રમ**

૧૯ ફેબ્રુઆરી- પાકિસ્તાન વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ, કરાંચી
૨૦ ફેબ્રુઆરી- ભારત વિરુદ્ધ બાંગ્લાદેશ, દુબઈ
૨૧ ફેબ્રુઆરી- અફઘાનિસ્તાન વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા, કરાંચી
૨૨ ફેબ્રુઆરી- ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ઈંગ્લેન્ડ, લાહોર
૨૩ ફેબ્રુઆરી-પાકિસ્તાન વિરુદ્ધ ભારત, દુબઈ
૨૪ ફેબ્રુઆરી- બાંગ્લાદેશ વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ, રાવલપિંડી
૨૫ ફેબ્રુઆરી- ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા, રાવલપિંડી.
૨૬ ફેબ્રુઆરી- અફઘાનિસ્તાન વિરુદ્ધ ઈંગ્લેન્ડ, લાહોર.
૨૭ ફેબ્રુઆરી- પાકિસ્તાન વિરુદ્ધ બાંગ્લાદેશ, રાવલપિંડી.
૨૮ ફેબ્રુઆરી- અફઘાનિસ્તાન વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા, લાહોર.
૧ માર્ચ- દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ઈંગ્લેન્ડ, કરાંચી.
૨ માર્ચ- ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ભારત, દુબઈ.
૪ માર્ચ- સેમિફાઇનલ- ૧, દુબઈ
૫ માર્ચ-સેમિફાઇનલ- ૨, લાહોર
૯ માર્ચ- ફાઈનલ- લાહોર/દુબઈ.

## કાશ્મીરમાં

ઓછું તાપમાન હતું. શ્રીનગરનું સરોવર પણ અંશતઃ થીજી ગયું છે.કાશ્મીરમાં હિમવર્ષાને લીધે રસ્તા વધુ લપસણા બન્યા છે અને વાહનોના અકસ્માત વધી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં શિયાળા દરમિયાન લાકડાં અને કોલસાની માગમાં ભારે વધારો થયો છે. વીજ પુરવઠો અવારનવાર ખોરવાઇ જતો હોવાથી હિટર ચાલતા નથી અને તેથી ગરમી મેળવવા સ્થાનિક લોકો માટીમાંથી બનેલી 'કાંગડી' અને લાકડાના 'હમામ'નો ઉપયોગ તાપણા તરીકે કરી રહ્યા છે. (એજન્સી)

## હિમાચલમાં

(૧૫.૩ સેમી), ચોપાલ અને જુબ્બલ (૧૫ સેમી દરેક), કલ્પા (૧૩.૭ સેમી), નિચર (૧૦ સેમી), શિમલા (૭ સેમી), પૂહ (૭ સેમી) અને જોટ (૫ સે.મી.) બરફ પડ્યો. હવામાન કચેરીએ જણાવ્યું હતું કે તેણે બિલાસપુર, ઉના, હમીરપુર અને મંડીમાં તીવ્ર ઠંડી માટે 'ઓરેન્જ' ચેતવણી અને ભાખરા ડેમ જળાશય વિસ્તાર અને મંડીમાં બલ્હ ખીણના ભાગોમાં ગાઢ ધુમ્મસ માટે 'યલો' ચેતવણી જારી કરી છે. અધિક મુખ્ય સચિવ (મહેસૂલ અને આપત્તિ) ઓંકાર શર્માએ જણાવ્યું હતું કે લગભગ ૧૭૪ રસ્તા અને ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો બંધ છે અને અટલ ટનલ પાસે ફસાયેલા લગભગ ૫૦૦ વાહનમાં પ્રવાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.અહેવાલો અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન અકસ્માતોમાં ચાર જણનાં મોત થયાં છે અને કેટલાંક સ્થળોએ વાહનો લપસવાને કારણે ઘણાને ઈજાઓ થઈ છે. વહીવટીતંત્રે હજુ સુધી પીડિતો વિશે વિગતો જાહેર કરી નથી. અટારી અને લેહ વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગો, કુલ્લુ જિલ્લામાં સાંજથી ઓટ, અને કિન્નૌર જિલ્લામાં ખાબ સંગમ અને લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં ગ્રામ્ફૂને ટ્રાફિક માટે અવરોધિત કરવામાં આવ્યા હતા.સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું હતું કે ૬૮૩ ટ્રાન્સફોર્મર્સે કામ કરવાનું બંધ કર્યા પછી કેટલાક વિસ્તારો વીજળી વગરના બન્યા હતા.

# ટ્રાફિક પોલીસની બહાલી પછી મુંબઈના મેટ્રો અને રોડકામના પ્રકલ્પોનાં અમલને બુલેટ ગતિ મળશે

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ બાંધકામ હેઠળના નવ પ્રોજેક્ટ માટે ટ્રાફિક પોલીસ ક્લિયરન્સનો માર્ગ સાફ કરી દીધો છે. તેમાં વરલી શિવડી એલિવેટેડ વેના પ્રભાદેવી રેલવે સ્ટેશન પર પુલનું નિર્માણ કરવાનું પણ સામેલ છે. આ પુલ અટલ સેતુને બાંદ્રા વર્લી સી લિંકથી જોડશે. આગામી દિવસોમાં આ કામ માટે ટ્રાફિક પોલીસની મંજુરી આપવામાં આવનાર હોવાથી પ્રભાદેવી રેલ્વે સ્ટેશન પરના પુલને તોડી પાડવાનું કામ ટૂંક સમયમાં શરૂ થાય તેવી શક્યતા છે.

એમએમઆરડીએના મેટ્રોપોલિટન કમિશનર ડો. સંજય મુખરજીએ સોમવારે જોઇન્ટ પોલીસ કમિશનર અનિલ કુંભારે અને એમએમઆરડીએના એન્જિનિયરો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ટ્રાફિક પોલીસની પરવાનગીના અભાવે જે પ્રોજેક્ટનું કામ અટકી ગયું હતું તેની ચર્ચા કરવામાં આવી હતી. એમએમઆરડીએના અધિકારીઓએ માહિતી આપી હતી કે કુંભારે ૯ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના ૧૭ કામોને મંજૂરી આપવા માટે સંમત થયા છે, જે મુંબઈમાં ટ્રાફિકની ભીડને ઉકેલવા માટે મહત્વપૂર્ણ છે.

એમએમઆરડીએને ટ્રાફિક પોલીસ દ્વારા ચૂંટણીના સમયગાળા દરમિયાન અનેક પ્રોજેક્ટ પર કામ કરવાની પરવાનગી આપવામાં આવી ન હતી. છેલ્લા ઘણા મહિનાઓથી એમએમઆરડીએ કેટલાક પ્રોજેક્ટનાં કામો માટે ટ્રાફિક પોલીસ પાસેથી પરવાનગી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. જેમાં વરલી શિવડી એલિવેટેડ એક્સપ્રેસ વે, એસસીએલઆર પ્રોજેક્ટમાં દહિસર તરફ જતા ફ્લાયઓવરનું કામ, જોગેશ્વરી ખાતે અંડરપાસ વગેરે કામોનો સમાવેશ થાય છે.

અટકી પડેલા કામોમાં આઈઆઈટી પવઈ નજીક ટ્રાફિક ડાયવર્ઝન, મહાકાલીથી પવઈ તળાવ વચ્ચેનું કામ, સાકી વિહારથી રામબાગ વચ્ચેનું કામ અને ગુંદવલીથી એરપોર્ટ મેટ્રો-૭એ રૂટના વેસ્ટર્ન એક્સપ્રેસવે પર એલિવેટેડ રોડના કામ માટે પરવાનગી પણ સામેલ છે.

અન્ય કામોમાં માંડલેથી ડી. એન. નગર મેટ્રો ટૂ બી રૂટના સમગ્ર રૂટ માટે વર્ક પરમિટનો સમાવેશ થાય છે. તેમાં એસ.વી. રોડ પર મિલાન સબવે ખાતે ઉંચાઈ ગેજનું બાંધકામ, વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર બાંદ્રા ખાતે રેલ ઓવર બ્રિજના નિર્માણ માટે ટ્રાફિકનું ડાયવર્ઝન, એસ. વી. બાંદ્રા મેટ્રો સ્ટેશનના કામ માટે રોડને ડાયવર્ટ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસ વરલી શિવડી ફ્લાયઓવર માટે આચાર્ય ડોંડે માર્ગ પર ગર્ડર બાંધવા, આચાર્ય ડોંડે માર્ગ પર સિગ્નલના થાંભલાઓ ખસેડવા, એલ્ફિસ્ટન રોડ બંધ કરવાના કામ માટે પરવાનગી મેળવશે.

આ ઉપરાંત દહિસરથી મીરા ભાઈંદર મેટ્રો ૯ રૂટ પર કામ કરવાની મંજૂરી, જોગેશ્વરી ખાતે વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર જનતા કોલોની ખાતે વાહન અન્ડરપાસના કામ માટે પરવાનગી, પશ્ચિમ એક્સપ્રેસવે પર આકુર્લી સબવેનું બાંધકામ અને રોડને પહોળો કરવો, સાંતાક્રુઝ ચેમ્બુર લિંક રોડ પરનું કામ, બીકેસીથી કુર્લા ફ્લાયઓવરનું કામ વગેરે માટે હવે પરવાનગી આપવામાં આવશે. ■

# મોહન ભાગવત સંઘના અધ્યક્ષ, હિન્દુ ધર્મના નહીંઃ સ્વામી રામભદ્રાચાર્ય

મુંબઈઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતના નિવેદન અંગે સ્વામી રામભદ્રાચાર્યએ ફેરવી તોળ્યું છે. તેમણે કહ્યું છે કે આ તેમનું વ્યક્તિગત નિવેદન હોઈ શકે છે. તેઓ સંઘના અધ્યક્ષ હોઈ શકે છે, પરંતુ હિન્દુ ધર્મના નહીં. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે કહ્યું છે કે મંદિર - મસ્જિદનો મુદ્દો કેટલાક લોકો ઉઠાવી રહ્યા છે જેથી તેઓ પોતાને હિન્દુઓના નેતા તરીકે સ્થાપિત કરી શકે. ખાસ કરીને રામ મંદિરના સંદર્ભમાં આવું વિશેષરૂપે જોવા મળી રહ્યું છે.

આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના આ નિવેદન વિશે મીડિયા સાથે વાત કરતા સ્વામી રામભદ્રાચાર્ય મહારાજે કહ્યું હતું કે 'તેમનું નિવેદન વ્યક્તિગત હોઈ શકે છે, અમારે તેની સાથે કોઈ લેવા દેવા નથી, કારણ કે અમે તેમના નિયંત્રણ હેઠળ નથી. તેઓ સંઘના અધ્યક્ષ હોઈ શકે છે, પરંતુ હિન્દુ ધર્મના નહીં. અમારું ધ્યાન હંમેશાં ધર્મની શિસ્ત અને સત્ય પર હોય છે. જ્યાં પણ હિન્દુ ધર્મની વાત હશે, ત્યાં અમારી હાજરી હશે.'

વધુમાં મહારાજે એમ પણ જણાવ્યું હતું કે 'જ્યાં પણ પ્રાચીન મંદિરોના પુરાવા ઉપલબ્ધ છે, અમે તેમને પુનઃસ્થાપિત કરવાના પ્રયત્નો કરીશું. આ કંઈ અમારો નવો વિચાર નથી, પરંતુ સત્ય પર આધારિત આપણી સંસ્કૃતિ અને ધર્મની જાળવણી છે. હિન્દુઓ સંગઠિત હોવા જોઈએ, તેમનું ધ્રુવીકરણ ન થવું જોઈએ. પાડોશી દેશ બાંગ્લાદેશમાં હિન્દુ અલ્પસંખ્યકો પર થઈ રહેલા અત્યાચારોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે સરકાર પગલાં લઈ રહી છે, પરંતુ હવે વધુ કડક કદમ ઉઠાવવા જોઈએ. હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કડક વલણ અપનાવવા કહીશ.' ■

# ધારાવીના રહેવાસીઓને રિડેવલપમેન્ટ પછી ૧૦ વર્ષ ઝીરો મેઈન્ટેનન્સ ચાર્જ

મુંબઈઃ કલ્પના કરો કે તમે નવાનક્કોર ઘરમાં રહેવા જઈ રહ્યા છો, જે આધુનિક માળખાકીય સુવિધાઓ અને સવલતોથી સજ્જ છે અને આવતાં દસ વર્ષ સુધી તમારે મેઇન્ટેનન્સ ચાર્જીસ વિશે જરાયે ચિંતા કરવાની નથી. ગૃહનિર્માણથી આગળ વધીને પોતાના રહેવાસીઓ માટે આર્થિક રીતે ટકાઉ ભવિષ્ય સુનિશ્ચિત કરતી હોય તેવી એક પહેલ ખરેખર તો ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું વચન છે.

ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ અનોખો છે કારણ કે રહેવાસીઓ પર કોઈ નાણાકીય બોજ નહીં પડે. રાજ્ય સરકારે ધારાવીના પાત્ર રહેવાસીઓને મફત આવાસ આપવાનો નિર્ણય લીધો છે. વધુમાં, સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અથવા ભાડા-ખરીદી યોજના (હાયર-પરચેઝ સ્કીમ) દ્વારા અપાત્ર રહેવાસીઓને સસ્તા આવાસ આપવા માટે પ્રતિબદ્ધ છે - આ બધું સૌથી સસ્તા (પરવડે તેવા) દરે ધારાવીકરોને મહત્તમ લાભો મળી રહે એ રીતે આયોજિત કરાયું છે.

વધુમાં, સરળ સંક્રમણ સુનિશ્ચિત કરવા માટે, રહેવાસીઓને પ્રથમ દસ વર્ષ માટે ઇલેક્ટ્રોમિકેનિકલ જાળવણી ખર્ચ ચૂકવવા પડશે નહીં. આ સમયગાળા દરમિયાન, ડેવલપર સોસાયટીઓની જાળવણીની સંપૂર્ણ જવાબદારી લેશે. ઉપરાંત, રાજ્ય સરકારે પુનર્વસન ઘટકના બિલ્ટ-અપ વિસ્તારના ૧૦ ટકા ભાગ કમર્શિયલ સ્પેસ માટે ફાળવવાની યોજના બનાવી છે, જેનાથી આવક ઉપાર્જન કરતું મૉડેલ બનશે.

ભારતમાં સહકારી સોસાયટીઓ માટે સોસાયટીઓની જાળવણી માટે માલિકો અને સભ્યો પાસેથી ચોક્કસ સેવા ચાર્જ વસૂલવો સામાન્ય છે. મ્હાડા ઇમારતોમાં પણ આ જ રીતે અનુસરવામાં આવે છે. જોકે, ધારાવીકર માટે, જાળવણી લગભગ જીવનભર મફત થઈ જશે. પ્રથમ દસ વર્ષ કોઈ જાળવણી ખર્ચ રહેવાસીએ ચૂકવવાનો નથી અને વાણિજ્યિક જગ્યાના ૧૦ ટકા મુદ્રીકરણમાંથી મળેલી આવક લાંબા ગાળે તેમના જાળવણી ખર્ચને આવરી શકે છે. આ ઉપરાંત, ડેવલપર દ્વારા પ્રતિ આવાસ વૈધાનિક કોર્પસ ફંડ સક્ષમ અધિકારીને જમા કરવામાં આવશે.

રહેવાસીઓને ૨૪ કલાક પાણી અને વીજળી, ખાનગી શૌચાલય અને રસોડાઓનો લાભ મળશે - જે તેમની વર્તમાન પરિસ્થિતિઓથી નોંધપાત્ર સુધારો દર્શાવે છે. ■



**નાતાલને તાલેઃ**
આજે નાતાલની ઉજવણીના ભાગરૂપે ઠેર ઠેર શણગાર કરાયા છે. મીરા રોડની આ દુકાનમાં પણ ક્રિસમસ ડેકોરેશન કરાયું છે. (જયપ્રકાશ કેળકર)

# સિંગર શાન આગમાંથી હેમખેમ બચ્યો

## તેના બાંદ્રામાંના બિલ્ડિંગમાં આગ લાગી હતીઃ ફાયર બ્રિગેડની સમયસૂચકતાને લીધે ઉગરી ગયો



મુંબઈઃ હિન્દી ફિલ્મોના ગીતો તેમજ પ્રાઈવેટ આલબમથી લોકચાહના મેળવનારા સિંગર શાને વહેલી સવારે તે રહે છે એ બાંદ્રા (પશ્ચિમ)ના બિલ્ડિંગમાં લાગેલી આગ વિશે જાણકારી આપી હતી. પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ગાયકે આ ઘટનાને 'ભયાનક' ગણાવી હતી અને ફાયર બ્રિગેડના અધિકારીઓની સતર્કતા અને સમયસર કાર્યવાહી માટે આભાર વ્યક્ત કર્યો હતો. પોતાના પરિવાર સાથે આગની દુર્ઘટનામાંથી કેવી રીતે હેમખેમ ઉગરી ગયો એ જણાવી પોતે અને પરિવાર સહી સલામત હોવાની હૈયાધારણ ચાહકોને આપી હતી.

શાનએ ઇન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે 'પ્રિય ચાહકો, અમારા મકાનમાં આગ લાગવાના સમાચાર ફેલાયા છે ... પણ તમને જાણ કરું છું કે અમે સલામત છીએ. આગ ૭માં માળે લાગી હતી. હવે અમે એકદમ સલામત છીએ.' બાંદ્રા (પશ્ચિમ)ના ૧૪મા રોડ પર આવેલી ૧૫ માળની ઇમારત ફોર્ચ્યુન એન્ક્લેવના સાતમા માળે આવેલા એક ફ્લેટમાં આગ લાગી હતી. ■

### ઈલેક્ટ્રિકલ ફોલ્ટને લીધે લાગી આગ?

બોલિવૂડ સિંગર શાન જ્યાં રહે છે તે ફોર્ચ્યુન એનક્લેવ બિલ્ડિંગમાં આગ લાગી હોવાના સમાચાર આવ્યા છે. અહેવાલો અનુસાર બાન્દ્રાની ફોર્ચ્યુન એનક્લેવ બિલ્ડિંગમાં સોમવારે મોડી રાતના બે વાગ્યે આગ લાગી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આગ ઇલેક્ટ્રિકલ ફોલ્ટના કારણે લાગી હોઈ શકે છે. ગાયકની બિલ્ડિંગમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. આગ લાગતા જ તાત્કાલિક અગ્નિશમન દળના જવાનોને બોલાવવામાં આવ્યા હતા. ૧૩ જણને આગમાંથી ઉગારવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ ઇમારતના સાતમા માળે આગ લાગી હતી. શાન તેના પરિવાર સાથે આ બિલ્ડિંગના ૧૧મા માળે રહે છે. બિલ્ડિંગની એક ૮૦ વર્ષીય મહિલાને સિરા પરયાની શ્વાસ લેવામાં તકલીફ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. મહિલાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ફાયર વિભાગને રાતે ૧.૪૫ના સુમારે આગનો એલર્ટ મળ્યો હતો અને ત્યાર બાદ ૧૦ ફાયર એન્જિન ઘટના સ્થળે મોકલવામાં આવ્યા હતા. હાલમાં તો સ્થાનિક પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ■




# ૧૬ વર્ષ જૂના હત્યાના પ્રયાસ, લૂંટના કેસમાં ૭ વર્ષની કેદની સજા

થાણેઃ ૧૬ વર્ષ પહેલા એટલે કે ૨૦૦૮માં એક વ્યક્તિને લૂંટવા અને મારવાનો પ્રયાસ કરવા બદલ થાણેની એક અદાલતે ૪૬ વર્ષના રિયલ એસ્ટેટ એજન્ટને સાત વર્ષની સખત કેદની સજા ફટકારી છે. એડિશનલ સેશન્સ જજ એ. એસ. ભાગવતે ૧૬ ડિસેમ્બરે આ આદેશ આપ્યો હતો જેની નકલ સોમવારે ઉપલબ્ધ થઈ હતી.

ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર આરોપી મોઈન મોહમ્મદ અન્સારીએ ભાડા કરારને રિન્યુ કરવાના બહાને મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભાયંદર વિસ્તારના મીરાગાંવ ખાતે શમીક ઇસ્માઇલ ચંદ્રબંધે (તે સમયે ઉંમર ૩૯ વર્ષની ઉંમર)ના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. દાતરડાથી સજ્જ આરોપીએ શમીકને લૂંટવાના ઇરાદે નિર્દયતાથી હુમલો કરતા તેના માથા અને કાંડા પર ઈજાઓ થઈ હતી. ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે, પોતાનો જીવ જોખમમાં હોવાનું નાટક કરી શમીક મૃત હોવાનો ઢોંગ કરી જમીન પર પડી રહ્યો હતો. હુમલા બાદ અંસારી શમીકનો મોબાઈલ ફોન અને ૯,૦૦૦ રૂપિયાની રોકડ ઉઠાવી ગયો હતો. (પીટીઆઈ)■




# કાંદિવલીના બિઝનેસમૅન સાથે ૭.૫૦ કરોડનું સાયબર ફ્રોડઃ પોલીસે ૪.૬૫ કરોડ બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સિમ સ્વાઈપ કરીને કાંદિવલીના બિઝનેસમૅન સાથે ૭.૫૦ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ કરવામાં આવ્યું હતું. જોકે સાયબર પોલીસે તાત્કાલિક પગલાં લઈ વેપારીના ૪.૬૫ કરોડ રૂપિયા બૅન્ક ખાતામાં જ હોલ્ડ કરી બચાવી લેવાયા હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ કાંદિવલીની ખાનગી કંપનીના માલિક સાથે સોમવારે કથિત સાયબર ફ્રોડ થયું હતું. બિઝનેસમૅનનું સિમ સ્વાઈપ કરીને સિમ કાર્ડ સંબંધી બધી માહિતી હૅક કરવામાં આવી હતી. ગેરકાયદે ઘૂસણખોરીથી સાયબર ઠગે ફરિયાદીની કંપનીના બૅન્ક ખાતાની વિગતો પ્રાપ્ત કરી હતી. ફરિયાદીના બૅન્ક ખાતામાંથી ૭.૫૦ કરોડ રૂપિયા વિવિધ બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ ટ્રાન્ઝેક્શનો બાબતે ઈ-મેઈલથી માહિતી મળતાં ફરિયાદીએ તાત્કાલિક સાયબર પોલીસના હેલ્પલાઈન નંબર પર સંપર્ક કર્યો હતો. સાયબર હેલ્પલાઈન સેલના અધિકારીઓએ ફરિયાદને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. સંબંધિત બૅન્કના નોડલ અધિકારીનો સંપર્ક સાધી નાણાં ખાતામાં જ હોલ્ડ કરવાની સૂચના આપી હતી. આ રીતે ફરિયાદીના ૪.૬૫ કરોડ રૂપિયા બચાવી લેવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■




# આકર્ષક વ્યાજની લાલચે હૉટેલિયર સાથે ૪.૮૭ કરોડની છેતરપિંડી

મુંબઈઃ ટેક્સટાઈલ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં રોકાણ પર આકર્ષક વ્યાજની લાલચે બિઝનેસમૅન અને તેના પુત્રએ મુંબઈના હૉટેલિયર સાથે ૪.૮૭ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. ફરિયાદને આધારે ગામદેવી પોલીસે ચેમ્બુરમાં રહેતા જુગરાજ શાહ અને તેના પુત્ર પરાગ શાહ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. એફઆઈઆર અનુસાર બે વર્ષ અગાઉ હૉટેલિયરની ઓળખાણ પિતા-પુત્ર સાથે થઈ હતી. કાપડના વેપારી હોવાનો દાવો કરનારા પિતા-પુત્રએ તેમની ઉત્પાદન ફૅક્ટરી પણ હોવાનું કહ્યું હતું.

હૉટેલિયરને આકર્ષક વ્યાજની લાલચ આપવામાં આવી હતી, જેને પગલે હૉટેલિયરે છેલ્લાં બે વર્ષમાં આરોપીઓની કંપનીમાં ૪.૮૭ કરોડ રૂપિયા રોક્યા હતા. આ રકમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રોકવાની પણ ખાતરી હૉટેલિયરને અપાઈ હતી. હૉટેલિયરને વળતર અને મુદલ રકમ ન મળતાં તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઈ)■




# લિફ્ટના ગેપમાં ફસાતા સાંતાક્રુઝમાં યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંતાક્રુઝ (પૂર્વ)માં શિવાજી નગરમાં સેન્ટ્રલ બેન્ક સામે આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૧૩ માળની ફોર્ચ્યુન બિલ્ડિંગમાં લિફ્ટના સમારકામ દરમિયાન પહેલા માળાના ફ્લોરિંગ સ્લેબ અને લિફ્ટના ગેપ વચ્ચે ફસાઈ જવાથી પચીસ વર્ષના યુવકનું મૃત્યુ થયું હતું. ટેક્નિશિયન રણજીત નિરાહુ ગૌડ ગ્રાઉન્ડ પ્લસ ૧૩ માળની બિલ્ડિંગના પહેલા માળ પર લિફ્ટ અને સ્લેબ વચ્ચે ફસાયો હતો.■



# સંસ્થા સમાચાર

## પ.પૂ. મુનિરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા.ની આદિ થાણા-બેમાં સ્થિરતા

શ્રી પ્રેમ-ભુવન-જયઘોષ સમુદાયના પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની આજ્ઞામાં જિનશાસનમાં અનેક ધાર્મિક કાર્યોના પ્રેરક-માર્ગદર્શક, પચાસ ચાતુર્માસની સફળ યાત્રા કરનારા પ.પૂ. મુનીરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. અને પૂ. મુનીરાજજી શ્રી હેમકીર્તિ વિજયજી મ.સા. આદિ થાણા-૨નું થાણા (પ.) ઘોડબંદર રોડ, કાસારવડવલી નાકાના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થધામમાં યશસ્વી ચાતુર્માસ સંપન્ન કરી, થાણામાં આવેલા શ્રી રિષભદેવજી મહારાજ જૈન ધર્મ ટેમ્પલ અને ધ્યાતિ ટ્રસ્ટના શ્રી મુનિસુવ્રતસ્વામી નવપદ જિનાલય કોંકણ શત્રુંજય ટેંભીનાકામાં હાલમાં સ્થિરતા કરી છે. એથી ટેંભીનાકાના શ્રી રાજસ્થાન શ્વે. મૂર્તિ જૈન સંઘમાં આનંદ છવાયો છે.

## શ્રી વરકાણા પાર્શ્વનાથ જૈન તીર્થમાં ૩૧મી ડિસેમ્બરે મહામાંગલિકનું આયોજન

રાજસ્થાનમાં આવેલા શ્રી વરકાણા પાર્શ્વનાથ જૈન તીર્થમાં માલવભૂષણ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ના પુણ્ય સામ્રાજ્યએ મહામાંગલિક આદ્યપ્રણેતાના શુભ આશિષ સાથે ગુરુ નવરત્ન કૃપા પાત્ર યુવા હૃદય સમ્રાટ, ૩૩ ઉપધાન તપના માર્ગદર્શક પ.પૂ. આચાર્ય શ્રી વિશ્વરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ના મહામાંગલિકનું શ્રી વરકાણા પાર્શ્વનાથ જૈન તીર્થધામમાં ૩૧મી ડિસેમ્બરે મંગળવારે સવારે નવ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. પૂ. આચાર્ય શ્રી વિશ્વરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મૌન ગ્યારસ પર્વ મનાવવામાં આવ્યો હતો. ૨૦૨૫ના જાન્યુઆરીમાં ગુરુ સમર્પણ મહોત્સવ શ્રી ભોપાવર મહાતીર્થમાં મનાવવામાં આવશે.

## શ્રી નાગરદાસ ધારસી ભુતા શાળાનો વાર્ષિક ક્રીડા મહોત્સવ

શ્રી નાગરદાસ ધારસી ભુતા શાળાના વાર્ષિક ક્રીડા મહોત્સવનું આયોજન ૧૯મી ડિસેમ્બરે ઉત્સાહભેર કરવામાં આવ્યું હતું. એમાં વિદ્યાર્થીઓઓ હર્ષોલ્લાસથી ભાગ લીધો હતો. આ મહોત્સવમાં હાજર મહેમાનોનું સ્વાગત લેઝીમ દ્વારા કરવામાં આવ્યુ હતું. બાળકોએ ફન ગેમ, ડ્રિલ ડિસ્પ્લે, રનિંગ રેસ, ટ્રેક ઇવેન્ટ જેવી આકર્ષક રમતોમાં ભાગ લીધો હતો. બાદમાં વિજેતાઓને ટ્રોફી, મેડલ અને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. છેલ્લે રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ૧૧ મહિનામાં બાર જ્યોતિર્લિંગની સફળ યાત્રા પૂર્ણ કરી ત્રણ વર્ષના બાળકે

અયાંશ હરેશ સોનીગ્રા, જેણે ત્રણ વર્ષની નાની ઉંમરે બાર જ્યોતિર્લિંગની ધાર્મિક યાત્રા પૂરી કરી છે. આટલી નાની વયે યાત્રા કરવી એ ખરેખર પ્રશંસનીય અને પ્રોત્સાહન આપનારું છે. નાના અયાંશની આ સિદ્ધિ અન્યોને પણ આપણાં ધર્મસ્થળોની મુલાકાત લેવા માટે પ્રેરિત કરી શકે છે. જેથી કરીને આપણી સમૃદ્ધ પરંપરા વિશે વધુ જાણી શકાશે.

# ૧૦ વર્ષમાં બેસ્ટને ૧૧,૨૩૨ કરોડ રૂપિયાની મદદઃ સુધરાઈ

### બેસ્ટ પાસે કર્મચારીઓને પગાર ચૂકવવા ભંડોળ નથીના અહેવાલો પછી દાવો

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ને મુંબઈ મહાનગરપાલિકા પાસે આર્થિક મદદ મળી ન હોવાને કારણે આર્થિક ગણિત બગડ્યું હોવાની સાથે જ કર્મચારીઓને પગાર આપવાના ફાંફાં પડી રહ્યા હોવાના અહેવાલ આવ્યા બાદ મંગળવારે પાલિકા પ્રશાસને બેસ્ટ ઉપક્રમને છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧,૨૩૨ રૂપિયાથી વધુ રકમની મદદ કરી હોવાનો દાવો કર્યો હતો.

બેસ્ટ કામગાર સેના દ્વારા સોમવારે દાવો કરવામાં આવ્યો હતો કે બેસ્ટ ઉપક્રમ પાસે કર્મચારીઓને પગાર આપવા પૈસા નથી અને મુંબઈ મહાનગરપાલિકા આર્થિક મદદ કરવા તૈયાર નથી. તેની સામે બેસ્ટ કર્મચારીઓના યુનિયને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪થી હાથ પર કાળી પટ્ટી બાંધીને વિરોધ કરવાની જાહેરાત કરી છે. બેસ્ટ કર્મચારીઓના યુનિયનના દાવા વચ્ચે જોકે મંગળવારે પાલિકા પ્રશાસને દાવો કર્યો હતો કે છેલ્લા અનેક વર્ષોથી પાલિકા પ્રશાસન દ્વારા બેસ્ટ ઉપક્રમને વખતોવખત આર્થિક મદદ કરવામાં આવી છે, જેમાં છેલ્લા ૧૦ વર્ષમાં બેસ્ટને ૧૧,૨૩૨ .કરોડ રૂપિયાની મદદ કરવામાં આવી છે.

# તંત્ર-મંત્રથી નાણાં ડબલ કરવાની લાલચે વેપારી પાસેથી ૫૦ લાખ પડાવ્યાઃ ચારની ધરપકડ

### પૂજા પછી વેપારીને ઘેનયુક્ત પેંડો ખવડાવી બેભાન કરવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તંત્ર-મંત્રથી નાણાં ડબલ કરી આપવાની લાલચે કાંદિવલીના વેપારી પાસેથી ૫૦ લાખ રૂપિયા પડાવી રફુચક્કર થઈ જનારા ચાર આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. પૂજા પત્યા પછી વેપારીને ઘેનયુક્ત પેંડો ખવડાવી બેભાન કરવામાં આવ્યો હતો અને વેપારી ભાનમાં આવ્યો ત્યારે એક હોટેલની રૂમમાં હતો.

સમતાનગર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ શિવકુમાર યાદવ, રાજેશ વિશ્વકર્મા, રાજુ પાડવી અને નવનીત ગોરાને તરીકે થઈ હતી. કાંદિવલીમાં દુકાન ધરાવતા કૈલાસ ચૌધરીની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે બે મહિના અગાઉ ફરિયાદીની ઓળખાણ એક મિત્ર મારફત આરોપી શિવકુમાર યાદવ સાથે થઈ હતી. યાદવે તેના પરિચિત સૂર્યાબાબા નાણાં ડબલ કરતા હોવાનો દાવો કર્યો હતો. ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરવા યાદવ તેને ગોરેગામના એમ. જી. રોડ ખાતેની એક ઈમારતના ૧૭મા માળે આવેલા ફ્લૅટમાં પણ લઈ ગયો હતો, જ્યાં ફરિયાદીને ડેમો દેખાડવામાં આવ્યો હતો.

ફ્લૅટમાં સેવકો સાથે બેસેલા બાબાએ ફરિયાદી સામે એક પુસ્તક ધર્યું હતું અને તેમાં નાણાં ડબલ કરવા હોય તો રૂપિયા મૂકવાનું કહ્યું હતું. ખાતરી કરવા માટે ફરિયાદીએ પુસ્તકમાં ૧૦૦ રૂપિયાની નોટ મૂકી હતી. પછી બાબાએ પુસ્તકને એક કપડાથી ઢાંકી દીધું હતું અને મંત્રોચ્ચાર કર્યા હતા. બાદમાં પુસ્તકમાંથી ૧૦૦ રૂપિયાની બે નોટ કાઢી બતાવી હતી.

લાલચમાં આવી ફરિયાદી ૫૦ લાખ રૂપિયા ડબલ કરવાની વેતરણમાં હતો. ફરિયાદી પાસે ૩૦ લાખ રૂપિયા હતા અને બાકીના ૨૦ લાખ રૂપિયા સગાંસંબંધી તેમ જ મિત્રો પાસેથી મેળવ્યા હતા. નક્કી થયા મુજબ કાંદિવલી પૂર્વના દામુનગરમાં યાદવના એક સગાની રૂમમાં ૧૮ ડિસેમ્બરે ફરિયાદી બાબાને મળવા ગયો હતો.

પૂજા કરતાં પહેલાં બાબાએ બધાને મોબાઈલ સ્વિચ ઑફ કરવાનું કહ્યું હતું. મંત્રોચ્ચાર પછી પ્રસાદ તરીકે ફરિયાદીને પેંડો ખાવા આપ્યો હતો. પેંડો ખાતાં જ ફરિયાદી બેભાન થઈ ગયો હતો. બીજી સવારે ભાનમાં આવ્યો ત્યારે તે એક હોટેલની રૂમમાં હતો. હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર પછી પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અલગ અલગ સ્થળેથી ચાર આરોપીને પકડી પાડ્યા હતા.

# પારસી મરણ

ખોરશેદ જેહાંગીરશાહ ભગત તે મરહુમો નાજામાય તથા જેહાંગીરશાહના દીકરી. તે મેહેરૂ તથા મરહુમો કેરસી નરગીશ ભગતના બહેન. તે તનાઝ રાજીવ યાદવ ને હમીન બુરઝીન દાવરના માસી. તે ઝરીન કેરસી ભગતના ભાભી. તે બુરઝીન દાવરના માસી સાસુ. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૭૬૪, ડી. વાડીયા બિલ્ડિંગ, તીલક રોડ, બેસ્ટ ડેપો, ગેટ નં. ૨ની સામે, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ બુધવાર તા. ૨૫-૧૨-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે, ટાટા અગિયારી, બાંદ્રા.

અરદેશીર હોરમસજી મિસ્ત્રી તે મરહુમ ખોરશેદના ખાવીંદ. તે મરહુમો મોતીબાઇ તથા મરહુમ હોરમસજીના દીકરા. તે મરહુમો એરચશા, દીના ને મેહેરના ભાઇ. તે ડોલી, રૂબી ને મરહુમો રોશન, કેરશાસ્પ ને પરવેઝના મામા. તે રૂકશાના, ડેલખા, ડીલશાદના મોટા મામા. તે યાસમીન નરીમન સરકારીના અંકલ. (ઉં. વ. ૯૨). રે. ઠે. જી-૩, ૧૭ દુબાશ બિલ્ડિંગ, આવાબાય કાશીનાથ રોડ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૧૨-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે બાટલીવાલા અગિયારી, તારદેવ.

# જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સુવઇના સ્વ. ઉમાબેન પોપટલાલ સતરા (ઉં. વ. ૯૩) તા. ૨૨-૧૨-૨૪ના રવિવાર મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. નાથીબેન દેવસીના પુત્રવધૂ. (સ્વ. શાંતિલાલ, જયસુખ, અરવિંદ), નાનજી, દિનેશ, કિશોર, જવેર, પ્રેમિલાના માતુશ્રી. અ. સૌ. જવેર દમુ, ગં. સ્વ. પાર્વતી, પ્રભા, સ્વ. જયશ્રી, રામજી, ઇશ્વરના સાસુ. ભાવિન, નિકેશ, કરણ, નિરવ, મિહિર, જીનલ, પાયલ, શ્રુતિના દાદી. રવના સ્વ. બુદ્ધિબેન નારણ પુનરાજ છેડાના દીકરી. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૫-૧૨-૨૪ના ૧૦.૩૦થી ૧૨. ઠે. શ્રી થાણા વર્ધમાન સ્થા. તળાવપાળી, થાણા. રહેઠાણઃ સી/૧ ફ્લેટ નં.૮૦૫, લોક એવરેસ્ટ સોસા, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

રાણપુર નિવાસી હાલ બોરીવલી કમલેશભાઇ પોપટલાલ ગોપાણીના ધર્મપત્ની અ. સૌ. રશ્મિતા (ઉં. વ. ૬૫) તા. ૨૨-૧૨-૨૪ના રવિવારના અરિહંતશરણ થયેલ છે. ઉમંગ, તરંગ, સનીના માતુશ્રી. પાયલ અને ફેબીઓલાના સાસુ. ઓનીર તથા નિવાનના દાદી. ભાવના જયેશકુમાર ગાંધીના ભાભી. પિયરપક્ષે સ્વ. અંબાલાલ છોટાલાલ પટેલ (સ્વ. રવિન્દ્ર મુની મહારાજ સાહેબ)ના દીકરી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**વિશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

સુરત નિવાસી હાલ બોરીવલીના સ્વ.પ્રમીલાબેન તથા સ્વ.શાંતિચંદ દિપચંદ તાસવાલાના પુત્ર વિરેશભાઈ (ઉં. વ. ૭૪) તે ૨૨/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્મિતાબેનના પતિ. નીરવ તથા શ્વેતાના પિતા. રાજેશભાઈ, અભયભાઈ, રક્ષાબેન, દર્શનાબેનના મોટાભાઈ. તૃપ્તિ તથા જીગર ચોકસીના સસરા. સ્વ.કોકિલાબેન શાંતિચંદ ઝવેરીના જમાઈ.

**જામનગર વિશા ઓશવાળ જૈન**

મનહરલાલ રાઘવજી શાહના ધર્મપત્ની લતાબેન (ઉં. વ. ૭૯) તે સ્વ.નરભેરામ જગજીવનભાઈ સંઘવીના પુત્રી. પ્રીતિબેન, પ.પૂ.પન્યાસ જ્ઞાન બોધ વિજય મ. સા, વૈભવના માતુશ્રી. ભરત દોશીના સાસુ, વિરાલીના નાની. ૨૨/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. સી /૨/૨ પ્રેમજી નગર, નીલ કમલ બિલ્ડીંગ, રતન નગર , દૌલત નગર રોડ ૧૦, બોરીવલી ઈસ્ટ.

**ઝા. દશા શ્રીમાળી શ્વે. મૂ.પૂ. જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલી કાંતિભાઈ જીવરાજભાઈ ધ્રુવ (ઉં. વ. ૮૨) તા.૨૩-૧૨-૨૪ના સોમવાર અરિહંતશરણ પામેલ છે. તે મૃદુલાબેનના પતિ. અજીત તથા નિકીના પિતાશ્રી. સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ.જીતુભાઈ, સ્વ.પુષ્પાબેન, સ્વ.નિરૂબેન, સ્વ.દિવ્યાબેન, સ્વ.રમાબેન તથા ગીતાબેન મુકેશભાઈ પારેખના ભાઈ. ઉમાના સસરા. સ્વ.જશવંતલાલ તથા સુરેન્દ્ર મણીલાલ વોરાના બનેવી. પ્રાર્થનાસભા તા.૨૬-૧૨-૨૪ના ગુરૂવાર ૩.૩૦ થી ૫.૩૦. નિર્મલા હોલ, ૯૦ ફુટ રોડ, ઠાકુર પોલીટેકનીકની પાસે, ઠાકુર કૉમ્પલેક્સ, કાંદિવલી (ઈસ્ટ).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ચમારડી નિવાસી હાલ મુલુંડના હેમચંદ ચત્રભુજ મહેતા (કામદાર)ના સુપુત્ર હર્ષદભાઈ (ઉં. વ. ૮૨) તા.૨૩-૧૨-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. દર્શના નિકુંજકુમાર, હેતલ અજયકુમાર, મેઘલ નિકુંજકુમારના પિતાશ્રી. સ્વ. ધીરજલાલ, સ્વ.ઇન્દુ ભાઇ, નવિનભાઇ, દિનેશભાઇ, સ્વ.પ્રભાબેન, સરલાબેન, સ્વ.ભારતીબેનના ભાઈ. સ્વસુર પક્ષે પ્રાણલાલ ઉત્તમચંદ વસાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાન ૩૧, નિલકિરણ, ૬ માળે, વિ.પી રૉડ, મુલુંડ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ મીરારોડ સ્વ.ધનસુખલાલ જયંતિલાલ ઠોસાણી (ઉં. વ.૭૯) તે નિર્મળાબેનના પતિ. ભાવેશભાઈ, જયેશભાઈ, જાગૃતિબેન, જસ્મીનાબેન કપાસી, હેતલબેનના પિતાશ્રી. જૈના, તેજલ, ચેતનકુમાર, મુકેશકુમાર કપાસી, પૂર્વેશકુમાર મહેતાના સસરા. પ્રવિણભાઇ, બિપીનભાઈ, કિરીટભાઇ રંજનબેન, હીરાબેન ફીફાદરા, સ્વ.સરલાબેન દોશી, જયશ્રીબેન હપાણી, કુસુમબેન પટવીના ભાઈ. સરસઇ નિવાસી સ્વ.મધુરાબેન નેમચંદભાઈ ગાંધીના જમાઈ તા.૨૧-૧૨-૨૪ને શનિવાર અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૬-૧૨-૨૪ને ગુરુવાર ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, શાંતિનગર સેક્ટર નંબર ૬, ગુરુદ્વારાની સામે, મીરારોડ ઇસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી શ્રીમતી સવિતાબેન (ઉં. વ.૯૭) બાબુલાલ જીવરાજ મહેતા (બંગડીવાળા)ના પત્ની. તે સ્વ. મનુભાઈ રાયચંદભાઈ શાહ (અમદાવાદ)ના બેન. સોમવારે તા.૨૩-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રાજનભાઈ, વિજયભાઈ, અશોકભાઈ, હર્ષદાબેન, દિપાબેન (સુમી)ના માતુશ્રી. સ્વ. ભારતીબેન, સંધ્યાબેન, સ્વ. નીણાબેન, સ્વ. અર્વિંદભાઈ ત્રિવેદીના સાસુ. પૌત્ર પૌત્રીના બા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોકલીયાના ગંગાબાઈ ખીમજી ગોસર (ઉં. વ. ૯૭) તા.૨૩/૧૨ના અરિહંતશરણ પામેલ છે. ખીમજી ખેરાજના પત્ની. મઠાંબાઈ ખેરાજના પુત્રવધૂ. ખુશાલચંદ, ચંદ્રકાંત, હેમાના માતુશ્રી. દુમરાના સુંદરબેન ખીયશીના પુત્રી. આણંદજી, પ્રેમજી, નરેડી ખેતબાઈ કાનજી, કોકલીયા લીલબાઈ કુંવરજી, કોટડી (મહા) પાનબાઈ વીરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ૧૨ નવકાર ગણવા. ઠે. ખુશાલચંદ શાહ, ગાડા બિલ્ડીંગ, નેહરૂ ગંજ, ગુલબર્ગા-૫૮૫૧૦૪.

# હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા**

મુંબઇ નિવાસી હાલ વડાલા નટવરસિંહ આણંદજી આશર (ઉં.વ.૮૫) તે સ્વ. યશવંતીના પતિ. કલ્પેશ અને માધવીના પિતા. પારુલ અને કાર્તિકના સસરા. સ્વ. નવીનચંદ્ર, સ્વ. ભારતી અને શરદચંદ્રના ભાઇ. તા. ૨૩-૧૨-૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૧૨-૨૪ બુધવારે ૫થી ૬.૩૦. ઠે. માટુંગા ગુજરાતી સેવા મંડળ, તેલંગ રોડ, ફૂલ ગલ્લી, માટુંગા (સેન્ટ્રલ).

**કપોળ**

અમરેલીવાળા હાલ અમદાવાદ રેણુકા નરેન્દ્રકુમાર જીવનલાલ મહેતાના પુત્ર જીતેનની પત્ની રીના (ઉં. વ. ૪૮) તા. ૨૧-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે મીતા શૈલેષ ચીત્રે, અમીત નરેન્દ્રકુમાર મહેતાની ભાભી. કિંજલ અમીત મહેતાની જેઠાણી. ગુણવંતીબેન દિનકરરાય બેલાણીના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૬-૧૨-૨૪ના ૪થી ૬. ઠે. કપોળ વાડી, સ્ટેશન રોડ, ભાવનગર ખાતે.

**કચ્છી લોહાણા**

સ્વ. નારાયણજી કુંવરજી ચંદે ગામ નલિયાવાળાના ધર્મપત્ની ગં. સ્વ. ભગવતીબેન (ઉં. વ. ૮૦) તે સ્વ. લક્ષ્મીબેન ગંગારામ રાચ્છ (ચોથાણી) ગામ નેત્રાવાળાની પુત્રી. તા. ૨૨-૧૨-૨૪ને રવિવારના રામશરણ પામેલ છે. ગં. સ્વ. માલતીબેન જગદીશ, મીના ગિરિશ, ભાવના જયેશ, સંગીતા પ્રદિપ, મીતા વિનયના સાસુજી/માતુશ્રી. તે રિટાબેન પ્રકાશ તન્નાના માતુશ્રી. તે ગં. સ્વ. લક્ષ્મીબેન હિરજીભાઇના દેરાણી.બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૧૨-૨૪ને બુધવારે લોહાણા મહાજનવાડી, આર. આર. ટી. રોડ, પવાણી હોલ, મુલુંડ (વેસ્ટ),૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ ધરાઇ હાલ વિરાર મહેન્દ્રભાઇ રતિલાલ વસાણી (ઉં. વ. ૭૫) તા. ૨૩-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રતિલાલ હરજીવનદાસ વસાણી, સ્વ. જયાબેન રતિલાલ વસાણીના પુત્ર. તે સ્વ. રમેશભાઇ, સ્વ. લલિતભાઇ, જયશ્રીબેન, મનસુખના ભાઇ. તે હસમુખ, રાજેશ અને ભરતના પિતાશ્રી. અરુણા, અંજલિના સસરા. માનસી અને જાણે જિયાંશના દાદા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૧૨-૨૪ને ગુરુવારના ૪થી ૬. ઠે. જલારામ બેન્કવેટ હોલ, પી.પી.માર્ગ, એસ.ટી. સ્ટેન્ડ, વિરાર (વેસ્ટ).

**વડનગરા નાગર બ્રાહ્મણ**

સુરત નિવાસી હાલ ચર્નીરોડના સ્વ. કંદર્પ રમેશચંદ્ર ત્રિવેદીના ધર્મપત્ની તથા સ્વ.સરોજબેન રમેશચંદ્ર ત્રિવેદીના પુત્રવધૂ કેતકીબેન ત્રિવેદી (ઉં. વ. ૭૯) ૨૩/૧૨/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. તે ચિંતન તથા રૂપેશના માતુશ્રી. ભાવેશ્રી (રિંકુ)ના સાસુ. પિયરપક્ષે સ્વ.દમયંતીબેન ચંદ્રેશભાઈ મહેતાના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

વેરાવળ નિવાસી હાલ વસઈ વિનોદચંદ્ર વલ્લભદાસ દોશી (ઉં. વ. ૮૬) તે સુશીલાબેન (સરોજ)ના પતિ. નીતા મનોજભાઈ ઝાટકિયા તથા નેહા મોન્ટુ રાચ્છના પિતા. સ્વ.વસંતકુમાર, કુસુમબેન પ્રમોદભાઈ શાહના ભાઈ. નિપુન, જયેશ, કિન્નરી આશિષ શાહના મોટાપપ્પા. સાસરાપક્ષે ઘાટવડ નિવાસી સ્વ.વૃજલાલ કિશોરદાસ ગાંધી, સ્વ.ચંદુ લાલ, સ્વ.રસિકલાલ, સ્વ.લલીતાબેન મોદીના બનેવી. ૨૧/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

ગામ હાથસણી સાવરકુંડલા નિવાસી હાલ બોરીવલી નીતિનભાઈ ગોપાલદાસ શાહ (બાખડા) (ઉં. વ. ૬૯) ૧૯/૧૨/૨૪ના અક્ષરવાસી થયેલ છે. તે ઉમાબેનના પતિ. વત્સલ તથા હેતલબેનના પિતા. હેમાલી તથા હાર્દિકકુમારના સસરા. પંકજભાઈ, કેતનભાઈ, પારૂલબેન હરેશભાઇના ભાઈ. સાસરાપક્ષે અ.સૌ.નિર્મળાબેન અનંતરાય મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા ૨૭/૧૨/૨૪ શુક્રવારના ૫ થી ૭. લોટસ બેન્કવેટ હોલ, ચોથે માળે, રઘુલીલા મોલ, પોઇસર, કાંદિવલી વેસ્ટ.

**વાંઝા જ્ઞાતિ**

મૂળગામ રહીજ હાલ પાર્લાના હસમુખભાઈ નારણદાસ જેઠવા (ઉં. વ. ૮૧) ૨૦/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ઉમાબેનના પતિ. દિનેશ, વિનોદ, જીજ્ઞેશના પિતા. સુરેખા, નિશા, હર્ષાના સસરા. સ્વ.દેવજીભાઈ ગોરધનભાઈ બોરખતરીયાના જમાઈ. સ્વ.કાંતિભાઈ, સ્વ.પરસોતમભાઈ, જયાબેન, સ્વ.જશુબેનના ભાઈ. પ્રાર્થનાસભા ૨૬/૧૨/૨૪ના ૫ થી ૭. સંન્યાસ આશ્રમ હોલ, પહેલે માળે, વિઠ્ઠલભાઈ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ જાફરાબાદવાળા હાલ બોરીવલી સ્વ.જયંતીલાલ નંદલાલ કવાના ધર્મપત્ની ગં.સ્વ.પ્રભાબેન કવા (ઉં. વ.૭૩) ૨૨/૧૨/૨૪ના રામશરણ પામેલ છે. તે શૈલેષ, ગીતા, દક્ષા, નયનાના માતુશ્રી. હસમુખભાઈ, જીતેન્દ્રભાઈ, વિનોદભાઈ, જયકિશનભાઈ, ગં.સ્વ.મંજુબેન રાઠોડ તથા સ્વ.વર્ષાબેન મકવાણાના મોટાભાભી. સુભાષ પરમાર, નીતિન પરમાર, સ્વ.જયેશ મકવાણા, તોરલના સાસુ. ભવનભાઈ, ગિરધરભાઈ, બાલુભાઇ, દિલીપભાઈ, સ્વ.હિંમતભાઈ મોહનભાઇ પરમારના બહેન. સાદડી ૨૬/૧૨/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**કપોળ**

દેલવાડાવાળા સ્વ. ચંદ્રાબેન રતિલાલ કાનજી શાયરના પુત્ર ઈશ્વરભાઈ (ઉં. વ. ૭૬) તા.૨૩-૧૨-૨૦૨૪ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. દિવ્યા (દેવીયાની)ના પતિ. અ.સૌ. વૈશાલી પ્રશાંત મહેતા, અ.સૌ.ખુશ્બુ મીકીન શાહના પિતા. જાફરાબાદવાળા સ્વ. દુર્લભદાસ વનરાવનદાસ વોરાના જમાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, અરૂણભાઈ, દિલીપભાઈ, સ્વ. કુમુદબેન, દેવીયાનીબેન, ઉષાબેનના ભાઈ, પ્રાર્થનાસભા તા. ૨૬-૧૨-૨૪ ગુરૂવારે ૫ થી ૭. ઠે. અમુલખ અમીચંદ હાઈસ્કુલ, આર એ. કીડવાઈ રોડ, કિંગ સર્કલ, મુંબઈ-૧૯.

# ‘૨૦ વર્ષ સ્મારક માટે જમીન ન આપી’, આંબેડકરને મુદ્દે કૉંગ્રેસ પર ફડણવીસના અનેક મોટા આરોપો

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા અને એવો આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદનને અડધું કાપીને તેના પર રાજકારણ કરી રહી છે. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસે અમિત શાહની અધૂરી રજૂઆત કરીને સંસદનો સમય બગાડવા બદલ માફી માગવી જોઈએ અને ખોટી વાતો ફેલાવીને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે. નાગપુર એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, ‘વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે સંસદમાં કોંગ્રેસનો પર્દાફાશ કર્યો તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે કોંગ્રેસે હંમેશા બંધારણનું અપમાન કર્યું છે, અનામતનો વિરોધ કર્યો છે અને તેના નેતાઓએ દેશને બરબાદ કર્યો છે. આ કોઈ નવી વાત નથી, પરંતુ કોંગ્રેસનો જૂનો ઈતિહાસ છે.’

ફડણવીસે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ હંમેશા ડો. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને નકારી કાઢ્યું હતું અને તેમનું અપમાન કર્યું હતું. ‘આ એ જ કોંગ્રેસ છે, જેણે ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનું અપમાન કર્યું હતું. તેમને સંસદમાં ચૂંટાતા અટકાવ્યા અને તેમના સંઘર્ષને ફગાવી દીધો હતો. કોંગ્રેસ સરકારે ૨૦ વર્ષ સુધી બાબાસાહેબના મહાપરિનિર્વાણ સ્થળ માટે જમીન આપી નહોતી. આને માટે વિરોધ કરવો પડ્યો, પરંતુ કોંગ્રેસ સરકારે એક ઇંચ પણ જમીન ન આપી, પરંતુ વડાપ્રધાન મોદીની સરકાર આવ્યા બાદ માત્ર ત્રણ દિવસમાં ૨૦૦૦ કરોડ રૂપિયાની જમીન ફાળવવામાં આવી, જેથી બાબાસાહેબ આંબેડકરનું સ્મારક બનાવી શકાય.’ ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે, ‘ભાજપ સરકારે મહારાષ્ટ્રમાં મહુ, દીક્ષાભૂમિ અને અન્ય સ્થળોએ બાબાસાહેબ આંબેડકરના સ્મારકો માટે મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. જ્યાં સુધી ડો. આંબેડકરના લંડનમાં તેમના ઘરની વાત છે, જ્યાં તેમણે અભ્યાસ કર્યો હતો, કોંગ્રેસે આ પ્રસ્તાવને ફગાવી દીધો હતો, પરંતુ અમારી સરકારે તે ઘર ખરીદ્યું અને તેને મ્યુઝિયમમાં રૂપાંતરિત કર્યું, જેથી તેમની યાદોને સાચવી શકાય.’ ફડણવીસે એમ પણ કહ્યું હતું કે, ‘કોંગ્રેસનો ઈતિહાસ બાબાસાહેબ આંબેડકરના યોગદાનને નકારવાનો ઈતિહાસ છે, જ્યારે ભાજપનો ઈતિહાસ તેમને માન આપવાનો અને બંધારણની સાથે ઉભા રહેવાનો છે. અમે હંમેશા ડો. આંબેડકરના યોગદાનને માન આપીશું અને તેમને બચાવીશું.’

## છેલ્લા પાનાનું ચાલુ

### કલ્યાણમાં ગુમ

વડીલોએ કોલસેવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭ હેઠળ અપહરણનો ગુનો નોંધી બાળકીની શોધ હાથ ધરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. પોસ્ટમોર્ટમના અહેવાલની રાહ જોવાઈ રહી છે. બાળકીના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. (પીટીઆઈ)

### મુંબઈમાં કેબલ ટેક્સી

ટેક્સી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે નાની, ડ્રાઇવર વિનાની ગાડીઓ છે જે નિર્ધારિત સંખ્યામાં મુસાફરોને લઈ જવા માટે તૈયાર કરાયેલી છે. કેબલ ટેક્સીઓ થાંભલાઓ અથવા ઓવરહેડ કેબલ પર સસ્પેન્ડેડ ઓવરહેડ માર્ગદર્શિકાઓના નેટવર્ક પર કામ કરે છે. ૨૦૧૭માં બેંગલુરુ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના ટ્રાફિકને ઘટાડવા માટે પોડ ટેક્સીઓ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જો કે, કર્ણાટક સરકારે ૨૦૧૮માં સિસ્ટમની ઊંચી કિંમત અને સંભવિતતા અંગે ચિંતાને કારણે દરખાસ્તને રદ કરી હતી.

### ફડણવીસના નક્સલવાદ

બંધારણ અને લોકશાહીમાં માનતા નથી અને અલગ રાજ્ય નિર્માણ કરવા માગે છે. નક્સલવાદીઓને સંબોધીને જે વાત કહેવામાં આવી હતી તેમાંથી નક્સલવાદીનો ભાગ એડિટ કરીને વીડિયો એવી રીતે તૈયાર કરવામાં આવ્યો હતો કે મુખ્ય પ્રધાન એવું કહી રહ્યા છે કે તેઓ બંધારણ અને લોકશાહીમાં માનતો નથી, એવું અધિકારીએ જણાવ્યું હતું.

આ એડિટ કરાયેલો વીડિયો એક્સ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ સહિત અન્ય સોશિયલ મીડિયા પ્લૅટફોર્મ પર વાયરલ થયો હતો. આ વીડિયો ચોક્કસ સમાજની ભાવના દુભાવવા તેમ જ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડવાના ઉદ્દેશથી બનાવવામાં આવ્યો હોવાનું કહેવાય છે. ફરિયાદને આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. ઑરિજિનલ વીડિયો એડિટ કરીને વાયરલ કરનારાની પોલીસ શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ)

### અજિત પવાર

અટકાવવા માટે ફરજમાં બેદરકારી ચલાવી નહીં લેવાય. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રાજ્યના આબકારી વિભાગની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે રાજ્યમાં ગેરકાયદે દારૂના વેચાણ પર કડક નિયંત્રણો લાદવા માટે પારદર્શક વ્યવસ્થા ઉભી કરવા નિર્દેશ આપ્યો હતો. અજિત પવારે મંગળવારે રાજ્યના નાણાં પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ વહીવટીતંત્રને કરની વસૂલાત અને મહેસૂલી આવકના નિર્માણની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરીને સુધારવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે અધિકારીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી અને તેમને કરની વસૂલાત અને મહેસૂલી આવકના નિર્માણની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સુધારીને યોગ્ય પરિણામો આપવાનો નિર્દેશ કર્યો હતો. અજિત પવારે પડતર યોજનાઓ, મહેસૂલી આવકની સ્થિતિ અને ભંડોળની જરૂરિયાતોની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓને ખેડૂતો અને સામાન્ય માણસના કલ્યાણને સુનિશ્ચિત કરતી યોજનાઓ બનાવવા કહ્યું હતું. પવારની ઑફિસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે તેમણે અધિકારીઓને કરચોરો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેઠકમાં રાજ્યના મહેસૂલ અને ઔદ્યોગિક રોકાણમાં વધારો, કૃષિનો વિકાસ અને રોજગારીનું સર્જન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

### ઈડીએ દાઉદના

ખંડણી પેટે મિલકત અને રોકડ રકમ પડાવી હતી. આશરે ૭૫ લાખ રૂપિયાની કિંમતના આ ફ્લેટને બળજબરીથી શેખના નામે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ૧૦ લાખ રૂપિયાના વ્યવહાર પણ નકલી ચેક દ્વારા બતાવવામાં આવ્યા હતા. ઈડીએ બે ગુનાના આધારે આ કેસની તપાસ શરૂ કરી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ) દ્વારા દાઉદ ઈબ્રાહિમ, અનીસ ઈબ્રાહિમ, છોટા શકીલ, ટાઈગર મેમણ અને અન્યો સામે કેસ નોંધવામાં આવ્યો હતો, જ્યારે બીજો કેસ ઈકબાલ કાસકર અને તેના સાથીઓ સામે ખંડણી સ્વીકારવા બદલ થાણે પોલીસ દ્વારા નોંધવામાં આવ્યો હતો. તપાસમાં ઈડીએ ગેરકાયદે માધ્યમથી મેળવેલી મિલકતના મૂળને છુપાવવા માટે કરવામાં આવેલા વ્યવહાર ઉઘાડા પાડ્યા હતા. ઈડીના અધિકારીઓએ ફેબ્રુઆરી, ૨૦૨૨માં કાસકરની પૂછપરછ કરી હતી. તેણે ભારતમાં દાઉદની ગુનાહિત પ્રવૃતિઓની માહિતી આપી હતી. આરોપીઓના ઘરે દરોડા પાડવામાં આવ્યા બાદ, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. એમાં એપ્રિલ, ૨૦૨૨ સુધી થાણા પોલીસ અહેવાલના પુરાવા સહિત મની લોન્ડરિંગ પ્રતિબંધ કાયદા હેઠળ આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું. આમાં મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (મકોકા) અને ખંડણી અને કાવતરા સંબંધિત ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમોનો સમાવેશ થાય છે.

### મહારાષ્ટ્રને


મંજૂરી આપવા બદલ કેન્દ્ર સરકાર અને શિવરાજસિંહ ચૌહાણનો આભાર માન્યો હતો અને કોઈપણ રાજ્ય માટે આટલા ઘરોની ફાળવણીને સૌથી વધુ ગણાવ્યા હતા.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આ વર્ષે કેન્દ્ર સરકારે સાડા છ લાખ ઘરોને મંજૂરી આપી હતી, જેમાં રાજ્ય માટે ફાળવણીમાં વધુ ૧૩ લાખ ઘરોનો વધારો કરવાની યોજના છે. કેન્દ્ર સરકાર તરફથી મહારાષ્ટ્રને આ એક મહત્વપૂર્ણ ભેટ છે. અત્યાર સુધીમાં ૨૬ લાખ લોકોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે નોંધણી કરાવી છે અને તેમાંથી ૨૦ લાખ લોકોને ઘર આપવામાં આવશે. આ એક ઐતિહાસિક સિદ્ધિ છે, એમ મુખ્ય પ્રધાને મંગળવારે કહ્યું હતું. ફડણવીસે એક્સ (અગાઉ ટ્વિટર) પર કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણનો એક પત્ર પણ શેર કર્યો અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મહારાષ્ટ્ર માટે ૨૦ લાખ નવા ઘરોને મંજૂરી આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી અને કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણનો આભાર માન્યો હતો.

‘આવાસ ૨૦૧૮ની સર્વેક્ષણ યાદીઓના આધારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તમારા રાજ્યને ૬,૩૭,૦૮૯ ઘરોનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો, મને તમને જણાવતા આનંદ થાય છે કે ગ્રામીણ વિકાસ મંત્રાલયે આવાસ ૨૦૧૮ સર્વેક્ષણના આધારે, પીએમએવાય-જી હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન મહારાષ્ટ્ર માટે ૧૩,૨૯,૬૭૮ ઘરોનો વધારાનો લક્ષ્યાંક મંજૂર કર્યો છે. આનાથી રાજ્ય માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો કુલ લક્ષ્યાંક ૧૯,૬૬,૭૬૭ ઘરો પર પહોંચે છે. ગ્રામીણ વિસ્તારોમાં ‘બધા માટે ઘર’ માટેની ભારત સરકારની પ્રતિબદ્ધતા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે,’ એમ શિવરાજ સિંહ ચૌહાણના પત્રમાં લખવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રમાં ૧૩ લાખથી વધુ પાકા ઘરો પૂરા પાડવામાં આવી રહ્યા છે. ગામડાઓમાં બે કરોડ અને શહેરોમાં એક કરોડ પાકા ઘરો બનાવવામાં આવશે. મહારાષ્ટ્રમાં છ લાખથી વધુ કાયમી મકાનો પૂરા પાડવામાં આવ્યા છે, અને હવે બીજા ૧૩ લાખથી વધુ મકાનોને મંજૂરી આપવામાં આવી રહી છે, એવી માહિતી આપવામાં આવી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વિકસિત ભારત
વિકસિત ગુજરાત
ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન
શ્રી અટલ બિહારી વાજપેયીને
જન્મજયંતી પર કોટિ કોટિ વંદન...
૨૫મી
ડિસેમ્બર
સુશાસન
દિવસ
ગુડ ગવર્નન્સ ડે
સુશાસનને મળશે નવો આયામ
'મારી યોજના'
પોર્ટલનું લોકાર્પણ
'સ્વાગત ૨.૦' અને
'કનેક્ટ ગુજરાત'નું લોકાર્પણ
વિજ્ઞાન અને તકનિકી વિભાગના
પ્રકલ્પોનું લોકાર્પણ
શ્રમ અને રોજગાર વિભાગના
નવા સેવા કાર્યોનું લોકાર્પણ
i-GoT પોર્ટલ પર સરકારી અધિકારીઓ-કર્મચારીઓના
ક્ષમતા નિર્માણ માટેના ગુજરાત પેજનું અનાવરણ
સમય - સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ - નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
ઉજવણી સુશાસનની, અટલ જનવિશ્વાસની

## ૭. ખુશખબર

### સીનીયર સીટીઝન

મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૩૨૪)

## ૯. લગ્ન સંબંધી

■ વૈષ્ણવ કન્યા C.A.S / 25-07-1995 ડૉક્ટર M.S./27-04-1990ને યુવક ''મહેતા મેરેજ''- 9821522195. (દહેજ નહીં.). (૧૫૪૦૪-સી)

■ અંધેરીમાં વેલસેટલ વૈષ્ણવ યુવક ગ્રેજ્યુએટ/ 14-02-1980 / 30,00,000/-ને કન્યા- ''મહેતા મેરેજ''- 9821522195. (દહેજ નહીં.). (૧૫૪૦૪-સી)

### જુહુસ્કીમ સ્થિત

સ્થાનકવાસી જૈન વિલેપારલા મુંબઈ વેલસેટલ્ડ સાધનસંપન્ન યુવક U.S.A. M.S (COMPUTER) જન્મ-1997, 5'5 મીડિયમબાધાને સુયોગ્ય કન્યાના વડીલો તરફથી લગ્ન સંબંધી બાયોડેટા વોટશોપ કરવા વિનંતી 9819201737. (દહેજ નહીં.). (૧૫૪૦૪-એ)

■ સુંદર મરાઠી કન્યા ઉંમર - 27, ઊંચાઈ 5'.3" શિક્ષણ 12મી, સીવણકામ - બ્યુટીપાર્લર ક્લાસીસ લે છે. પગાર - 20,000/-, છોકરીના વડીલ નથી, અપેક્ષા નિર્વ્યસની છોકરો જોઈએ, જાતિ - ઉંમરની આવશ્યકતા નથી : તરત લગ્ન - 9923490703. (દહેજ નહીં). (બી-૧૫૩૦૩)

## ૧૦. મહિલાઓ માટે

### મહેમાનોનો ઉતારો

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૨૭૬-એફ)

### કાનનાં મોટાકાણાં

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૫૨૩૯)

## ૧૨. યાત્રા સહેલગાહ

### કેદારનાથ

કેદારનાથ હેલિકોપ્ટર બુકિંગ ચારધામ યાત્રા માટે રજિસ્ટ્રેશન, કેદારનાથ બદ્રીનાથ દર્શન બુકિંગ, વૈષ્ણોદેવી દર્શન અને હેલિકોપ્ટર બુકિંગ, તિરુપતિ દર્શન અને રૂમ બુકિંગ, મહાકાલેશ્વર ભસ્મ આરતી બુકિંગ, SOU એન્ટ્રી ટિકિટ બુકિંગ, રામ જન્મભૂમિ દર્શન બુકિંગ, ટ્રેન અને ફ્લાઈટ ટિકિટ બુકિંગ, ગુલમર્ગ ગંડોળા બુકિંગ 8097396999. (૧૫૪૧૫-એ)

### નિઃશુલ્ક જાત્રા

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૩૨૫)

### LONAVALA VILLA

**Book Brand New Pure Veg 4+4 BHK Villa for New Year. Party Hall, Swimming Pools, Hill Views, Private Bar, Discotheque, Games Room. To book Zline D Villa, Contact Ms. Zil Shah 9769670155. (B-15273)**

Heaven on Earth
KASHMIR 2025
30 years of Service
Departure 2025 Every Sunday from March
Tulip Special March 23, 30 April 6, 13




SPECIAL SERVICES Jain Food Specialist
✓ Daily Breakfast - Lunch & Dinner (Pure Veg. Gujrati, Swaminarayan, Marwari, Maharashtra, South Indian Meals Prepared in Separate Kitchen by Rajasthani cook).
Book before 31st December & get discount Worth Rs. 2000/-
3 Nights - Srinagar
2 Nights - Sonmarg
2 Nights - Pahalgam
Gala TOURS & TRAVELS Since 1995 MALAD EAST
Atul Gala (Kandagara) Mob: 9699211711
(B-15267)

## ૧૪. નોકરી ખાલી છે

OM JEWELLERS®

WE'RE HIRING!

- ASSI. STORE MANAGER — 2 openings — 5 yrs+experience in jewellery handled team and customers
- CRO — 8 openings — 3 yrs+experience in jewellery handled team and customers
- SENIOR SALES EXCECUTIVE — 5 openings — 2 yrs+experience in jewellery handled team and customers
- JUNIER SALES EXCECUTIVE — 15 openings — 1 yrs+experience/Freshers, Females Gujarati speaking
- GREETER — 2 openings

TO APPLY CONTACT US
8657016032 hr@omjewellers
• OM Jewellery House, M G Road, Ghatkopar (E)
• 3rd Floor, Hirji Heritage, Gulmohar Road, Borivali (W) 61587000 / 98570160
Interview date : 25th December to 3rd January 2025, Time : 12 pm to 6 pm
(B-15302)

## ૧૪. નોકરી ખાલી છે

**અકાઉન્ટન્ટ**
જોઇએ છે મુંબઇના નામાંકિત જ્વેલરી શોરૂમ માટે.
જ્વેલરી લાઇનનો મીનીમમ ૧૦ વર્ષનો અનુભવ જરૂરી
રેફરન્સ સહિત C.V. ઈમેલ કરો sgaj1111@yahoo.com
(બી-૧૫૨૬૨)

### "KANDIVALI (EAST)"

**Charitable Medical Centre Requires Part - Time Office Staff (Have Basic and Graphic Computer Knowledge) Dental Assistant, Lab Technician, Require Doctors of Gynecologist, Endo Dentist, Child Specialist, Contact: 9773999855, 9867995060. (15410/A)**

## ૧૭. જગ્યા આપવી છે

### ખાર (વેસ્ટ)

ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૨૫૩)

### બાંદ્રા (વેસ્ટ)

ટર્નર રોડ લિવલાયસંસ 2 BHK સેમી ફર્નિશ્ડ, 90,000/- ખાર લિંકીંગ રોડ 3 BHK ફર્નિશ્ડ ડુપ્લેક્ષ ફ્લેટ, પાર્કિંગ 1,65,000/= તુરંત કબજો. 9820296693. 'કટારિયા એજન્ટ'. (૧૫૨૯૬-એ)

### પ્રભાદેવી

ડુપ્લેક્ષ ફ્લેટ 1640' કાર્પેટ, 2 ગાડી પાર્કિંગ-લીફ્ટ-ઓનરશીપ-લોમેન્ટેનન્સ (8.50 Cr.) ''જીતુભાઈ'' 9869322453. (૧૫૩૦૦-એ)

**■ પેડર રોડ ૨ બીએચકે ૬૦૦' ફર્નીશ્ડ ભાડા/ વેચાણથી. માલિક 9323267900. (૨૪૨)**

### વિલેપાર્લા (ઈસ્ટ)

**સુંદર હવા ઉજાસવાળો ૩ બેડરૂમ ૪ બાલકની ૩.૯૦માં વેચવાનો છે. ૨ પાર્કિંગ દેરાસરની સામે ૯૬૧૯૦૧૮૨૩૩-જીતુભાઈ. (૨૩૭)**

LAST 2BHK FLAT AVAILABLE ON HIGHER FLOOR
• Single Flat on Floor offering Complete Privacy
• Fully Secured with CCTV Camera and Video Door Phone
• Vastu Compliant with Kuber entry
• All Inclusive Package Deal
FULL OC RECEIVED.
0% STAMP DUTY. 0% GST.
BUILDING ALREADY OCCUPIED.
SHRIJI HERITAGE
IRANI WADI THE HEART OF KANDIVALI WEST




Call: 9082104597 / 8369063292
Hemu Kalani 'X' Rd No 3, Kandivali (W), Mumbai - 67 BROKERS WELCOME
Self Redevelopment Project by: Shriji Apartment CHS Ltd.
(B-15283)

### ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (એસડીબી-૨૩૨૨)

### ઘાટકોપર (ઈસ્ટ)

**પ્રાઈમ લોકેશન, સ્ટેશનથી ૨ મિનિટ, ૨ બેડરૂમ, હોલ, કિચન, 650 કારપેટ, ૧ કાર પાર્કિંગ સાથે, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ OC સાથે, 1.70 CR + ટેક્સીસ નેગોશીએબલ. 9022343442, 7738332210. (૧૫૨૬૬-ઈ)**

### અંધેરી

**1 BHK 45000 ભાડાથી OR 1.25 Cr માં વેચાતા લેવા સારી તક ફ્લેટ્સ - ઓફિસ સ્ટેશન નજીક બજેટમાં લેવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૩૩૭)**

## ૧૭. જગ્યા આપવી છે

### લોનાવાલા - ખંડાલા

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૨૫૪)

### બોરીવલી (વેસ્ટ)

**ચંદાવરકર રોડ, ૨.૫ બીએચકે, ૭૮૦' કાર્પેટ, OC, બધી એમેનીટીઝ સાથે 2.90 કરોડ વેચાણથી લેવા. ભાનુ પ્રોપર્ટીઝ - 9820612111, 9930219031. (૧૫૪૧૭-એ)**

### સુરેન્દ્ર ગાલા

સાંતાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ) 1/2/3 બેડરૂમ રેડી - બંધાતામાં, ભાડેથી/ વેચાણથી, લેવા-આપવા. 9870026887, Paras - 8879989196. (૧૫૨૦૬-એફ)

### ગામદેવી

2 બેડરૂમ - 680' - કાર્પેટ - પાર્કિંગ - 2,25,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૦૭-એ)

### ગ્રાન્ટરોડ

2 બેડરૂમ- જુનું ભાડુ 800' કાર્પેટ- 2,25,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૦૭-બી)

### ગામદેવી

4 બેડરૂમ- 1560' - કાર્પેટ- પાર્કીંગ- 8,0000000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૦૭-સી)

■ સાન્તાક્રુઝ/પાર્લા વેસ્ટ 2 બેડ ભાડેથી સ્ટેશન દેરાસર નજીક-7045622403. (બી-૧૫૨૭૯)

### JUHU - DISTRESS SALE

*એક્સક્લુઝીવ ૩ - બીએચકે વેલ ફર્નિશ્ડ ૧૫૦૦ સ્કે. ફીટ કાર્પેટ, ૧ ઓપન કાર પાર્કિંગ, ફર્સ્ટ ફ્લોર, ૩ સાઈડ ઓપન, લો મેઇનટેનન્સ, જૈન દેરાસર નજીક, વેલ કનેક્ટેડ, મીઠીબાઈ કોલેજ નજીક, વિલેપાર્લે સ્ટેશન ૧૦ મિનિટના અંતરે, એરપોર્ટથી ૨૦ મિનિટના અંતરે, રેટ નીગોશીએબલ. સંપર્ક - 9833170020. (બી-૧૫૨૯૪)

### સાંતાક્રુઝ - ઈસ્ટ

વેચવાનું છે 3 બેડરૂમ હોલ કિચન, 950 સ્કે. ફીટ, સાતમે માળે, એસ.બી.આય, પારીજાત 'બી' સોસાયટી, યોગા ઈન્સ્ટિટ્યૂટ નજીક. સંપર્કઃ 9819661379. (બી-૧૫૨૯૭)

### પરેલ/શિવરી

અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૫૧૮૦)

### શિક્ષાનગર

2 બેડરૂમ 650' + ગેરેજ ઓનરશીપ / ગ્રાઉન્ડ ફ્લોર 2 બેડરૂમ 950' / ૧ બેડરૂમ 425' / 550' કાર્પેટ. 9820034317. (૧૫૪૨૨-એ)

### વડાલા (વેસ્ટ)

2 બેડરૂમ હોલ કિચન - 900' કાર્પેટ, તૈયાર કબજો., ઓનરશીપથી ''મહેશ'' 9819101457 / 9136799699. (૧૫૪૧૯-એ)

### અંધેરી (વેસ્ટ)

1 BHK ગંગા વિહાર ઓનરશીપ ૧.૭૦ કરોડ તેમજ ૧ થી ૪ BHK પંચવટી, ગુલશન, હિમાચલ, ગ્રીન કોર્ટ, લાલુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લે વેસ્ટ, જુહુ, જુહુ સ્કીમ. ઓનરશીપ / લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433 / 9821069632. (૧૫૪૨૦-એ)

### મલાડ (વેસ્ટ)

1 બેડરૂમ હોલ કિચન 95 લાખ, સ્ટેમ્પડ્યૂટી, OC, પાર્કિંગ સાથે - 9664760858. (જેપી-૪૯૬૧-સી)

### "PRABHADEVI"

**"Sea View - Fully Furnished 2/3 Bedroom Flats available." "Akruti Builders" - 8591254627. (15401-A)**

### JUHU SCHEME

**Available 4 BHK 2600' Higher Floor Sea View New Building with Amenities Ready Possession. Rajnikant - 8657131155. (B-15301)**

### KHETHWADI

For Sale / Rent 1 BHK (560'} 2 BHK (530'} Jodi Flat, 2nd Floor, Ownership, Lift available. Vijay Realtors 9224214227. (15411-C)

### SALE/PURCHASE

Bungalows Pent House Duplex Flats Plots Speciality Juhu. Andheri / South Mumbai. Shukla Estate - 8169147281. (B-15276)

### PAREL, FREE HOLD LAND

**Loaded Amenities OC Ready in 2 Months Higher Floors Large Spacious 3 Bed 1100 Cpt 4.50 - 5.11 Cr* 1325 Cpt, Investors Units 5.75 to 6.25 Cr* Brokers Excuse 9819227923. (B-15102)**

## ૧૭. જગ્યા આપવી છે

### PAREL E, PRIME LOCATION

**Pool, Club, Gym, Derasar 8-10! yr old Bldg., 1250 cpt, earlier Price 5.11 Cr. now, 4.81 Cr. Genuine Seller, also Runwal Nirvana 3 Bed 1325, cpt Investors Flat 5.5 Cr. ++ - 9819227923. (B-15070)**

### PAREL E, PRIME LOCATION

**OC Applied Possn in 1-2 mts 2 Bed 3.10 cr++ Genuine Investor Deal Podium Amenities View +91 86559 29524. (B-15088)**

### SALE VILE PARLE (WEST)

S. V. Road, Near Jain Mandir, 3 BHK, 1050 sq. ft., 2 Car Park, 4.30 Cr. Owner: 9820912133. (SDB-2318)

### GHATKOPAR EAST

Hingwala Lane, 2 & 3 BHK - Best & New Building with O.C., Ready Possession Flats, Near Jain Derasar /Apasray - Double Height Entrance Lobby - Jaquar Fittings & Designer Material Used - 2 Branded Elevators - Prime Location - 3 Side Open - Vastu Complaint.,Call: 8879390090. (15300-C)

FOR SALE 2 BHK IN DADAR Hindmata. Higher Floor. Bright Airy. Ready Possession. 10 min walk to Dadar - East Station. Peaceful Society with Gujarati Kutchhi Marwadi Residents. Call 9970944263. (B-15295)

### VILEPARLE WEST

3 Acres Land 10 Towers 2/3/4 BHK with all amenities 9167723483 / 9869070123. (15276-E)

### JUHU SCHEME

**Available 4 BHK 2500' Higher Floor Sea Views, New Building with Amenities Ready Possession. Rajnikant - 8657131155. (B-15300)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

### વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેશ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૩૦૭)

### વસઈ

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ''પેઇન્ટ ફેક્ટરી''

**Goodwillથી આપવાની છે - 45 વર્ષથી ભાઇન્દરમાં ચાલતી NC PAINTS બનાવટી ફેક્ટરી નીવૃત્તિના કારણે આપવાની છે. દરેક License છે. : 9892166900, 9773999421. (૧૫૩૦૯-એ)**

### ફેક્ટરી

કાંદિવલી વેસ્ટ ચારકોપ ઈન્ડસ્ટ્રીયલ ગાળા - ફેક્ટરી - ઓફિસ - ગોડાઉન લેવા તથા વેચવા ભાડેથી મળશે સંપર્ક Felecia Asdociates - અનિલ શાહ 9820031373 બીપીન શાહ 9820320599. (જેપી-૪૯૬૧-ડી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**■ અંધેરી (પૂર્વ) મરોલ મેટ્રો સ્ટેશન કોમર્શિયલ ઓફિસ પાસે વેચાણ માટે રેરા કાર્પેટ ૨૦૦ / ૨૪૫ / ૩૨૫ / ૩૫૫ / ૪૧૦ / ૫૮૦ / ૧૧૬૦ ચો. ફૂટમાં ૧૪ ફૂટ છતની ઉંચાઈ સાથે વ્યવસાય પ્રમાણપત્ર સાથે. સંપર્કઃ ૯૯૩૦૧૧૧૨૩૪. (એસડીબી-૨૩૨૯)**

### પ્રિન્સેસ સ્ટ્રીટ

ઓફીસ 461/1300 સ્કે. ફીટ, વકીલ/ સી.એ./ દવા બજાર/ કાપડ બજાર/ ઈલેક્ટ્રીક બજાર પાસે. પાર્કિંગ સાથે આપવાની છે. હરેશ- 9821030822. (૧૫૨૯૮/સી)

### બોરીવલી (વેસ્ટ)

સાંઈબાબા, 850 કાર્પેટ, ગ્રાઉન્ડ 150', 700' બેઝમેન્ટ, કોમર્શિયલ જગ્યા ભાડેથી આપવાની. ''વિરાણી'' 9920984340, 9820071626. (૧૫૨૯૩-એ)

### કાંદિવલી વેસ્ટ

**પ્રાઈમ લોકેશન, શોરૂમ (2000 સ્કે. ફીટ) / ઓફિસ સ્પેસ - વેચાણથી / શોરૂમ Lease પર આપવાની છે. Ideal for Veg. Restaurant / Bank / CA Firm. Call: 9769605225. (૧૫૪૧૬-એ)**

■ કાલબાદેવી મેઈન રોડ ટચ, રીટેલ શોપ / શો રૂમ માટે મોકાની જગ્યા 225 - Sq. Ft. કારપેટ 160 - Sq. Ft. મેઝેનાઈન [Full Hight] સંપર્કઃ- 9322257559. (બી-૧૫૩૦૪)

**■ કાલબાદેવી રોડ પર શોરૂમ ટચીંગ મેઈન રોડ, મેટ્રો સિનેમાથી ૩જું બીલ્ડીંગ ગ્રાઉન્ડ ૫૦૦ + મેઝનીંગ ઊંચાઈ ૭ ફૂટ ૬૫૦ ચો. ફૂટ બે બાથરૂમ્સ, કારપેટ ૧૧૫૦, ૨૪ કલાક પાણી, વેચાણ માટે ૯૮૨૦૦ ૮૧૬૬૮. (એસડીબી-૨૩૩૬)**

## ૨૦. ધંધાદારી જગ્યા

### દાદર (વેસ્ટ)

સ્ટેશનની બાજુમાં, રોડ ફેસીંગ, 2500', પ્રિલીઝડ, કોમર્શિયલ, બીજે માળે, વેચાણથી. જેન્યુઇન પાર્ટી - દલાલ સંપર્કઃ 9324406269. (૧૫૨૮૧-એ)

### વડાલા (વેસ્ટ)

ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 1000' - 1500' - 2000' ગાલા તૈયાર કબજોઃ ભાડે / આઉટરાઈટથી. ''મહેશ'' 9819101457 / 9136799699. (૧૫૪૧૯-બી)

BUILDING FOR SALE IN Heart of Steel Market at C P Tank Ground and 1st Floor suitable for Steel Market Office cum Godown 780 sqft with Maz Floor, with Toilet and Pentry built in. Contact 8369789196. (B-15296)

### LOWER PAREL

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2323)

### RENTED PREMISES

**Required Rented Premises for Reputed Ayurvedic Panchkarma Centre. Location Borivali (W) / Goregaon (W) (Elite Locality, Main Road with High Computer Traffic) area 900 - 1200 sq. feet. Ground / First Floor, Front Facing Commercial Property with Lift / Permission for 4 Bathroom (If not built), 1-2 Parking Spaces and Allowance for Hoarding / Display Board. Property Owner / Broker Welcome. Contact: 8291967915. (15421-A)**

## ૨૩. મનોરંજન

### પ્રાર્થનાસભા (7000/.) લગ્નગીત (15000/.)

[બોરીવલીથી મલાડ, બીજે ટ્રાન્સપોર્ટના અલગ] ભજન, ડાયરો, સંગીત સંધ્યા, સાઉન્ડ ભાડેથી, DJ, KARAOKE બજેટથી. મનસુખભાઈ - 9326801860. (૧૫૨૮૫-એ)

### ''બજેટ મુજબ''

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૨૮૦-એ)

## ૩૧. નાણાંકીય

### ૧૦,૦૦,૦૦૦

વળતર મહિને ૬૦૦૦ પ્લસ ૧૦ વર્ષમાં ૨૦,૦૦,૦૦૦ આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૫૧૯૦)

### ''શેર ખરીદશું''

બજારમાં ખપતાં / નહીં ખપતાં ડિમેટ / ફીજીકલ.. (શેરનાં કોઈપણ પ્રોબ્લેમ માટે સર્વિસ આપશું..) "Investment House" - 9321041907, 9321285108. (૧૫૨૭૬-જી)

### એકાઉન્ટન્ટસ

એકાઉન્ટસ, ઈન્કમટેક્ષ રિટર્ન, GST રિટર્ન, ટિડીએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું-7507797315 /7977866201. (બી-૧૫૧૮૫)

## ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

### CHURCHGATE - FOUNTAIN

13000 sq ft Carpet, Building for (Long Lease / Sale) (Residential / Commercial) 9136720659. (B-15268)

FOR SALE IN DEOLALI Camp Cantonment Near Nashik Two adjacent NA Bunglow Residential Plots with Water Electricity in Common Amenities 2400 square feet, 265 square yards each. No Brokerage. Contact +919822015710. (B-15293)

FURNISHED ROW HOUSE Sale at Udvada Near Agiyari for 38 Lacs. Only Buyers Contact: 9920612330 / 9924115495. (B-15305)

## ૩૩. ધંધાદારી

### ''પાણીની ટાંકીઓ''

''મશીનથી કૂવા-સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ.'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583 / 9892298963. (૧૫૨૯૧-એ)

**પ્રોપર્ટી વેલ્યુએશન**
**સોસાયટી ફોર્મેશન**
**PR કાર્ડ / CTS પ્લાન**
**પ્રોપર્ટી ટેક્સ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૨૨૧)

## ૩૩. ધંધાદારી

### દુનિયાભરમાં પાર્સલ

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૧૭૭)

REQUIRED BUYERS HAving knowledge for Imports/ Export Business of Plastic (Raw Materials, Roto Powder) Manufacturing Unit at SEZ Kandla for Development and Marketing Via B2B Platform / Local Lucrative Business. We will support you from our American Office. Proper Training Provided (if needed). "Nitin Mehta" 9987760379. (15414-A)

**ANDHERI RECREATIONS CLUB**
Patron Membership
Available For
**SALE**
CONTACT
**MR. PAL 98696 15986**
**MR. HARISH 98211 54404**
(B-15299)

### TAX COMPLIANCES

We provide Professional Service for Income Tax, TDS, all GST Returns, along with Reconciliation and Audit in Western Suburbs. Contact: Mehul Mehta: 9870150010. Sonal Mehta 9869256974. (B-15272)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

### બ્રહ્મ જ્યોતિષ સંસ્થાન રજી.

**જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્રનાં વર્ગોના નવા સત્રનો પ્રારંભ જાન્યુઆરીથી પ્રવેશ શરૂ, ગુજરાતી માધ્યમ. ત્રિવર્ષીય સર્ટિફિકેટ કોર્સ. કેન્દ્રઃ અંધેરી, ઘાટકોપર, મુલુંડ, સંપર્કઃ ૯૮૯૨૦ ૫૩૧૫૦/ ૯૯૩૦૧ ૯૬૩૨૮. (૧૫૨૯૨-એ)**

### વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજી.)

**જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર તથા સ્વરજ્ઞાનનો વિસ્તૃત ત્રીવર્ષીય સર્ટીફીકેટ અભ્યાસક્રમનાં ગુજરાતી તથા હિન્દીનાં નિઃશુલ્ક શિક્ષણના વર્ગો મલાડ તથા બોરીવલીમાં, જાન્યુઆરી ૨૦૨૪ થી પ્રારંભ. રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે. સંપર્ક :- આચાર્ય અશોકજી 93222 61709. (૧૫૪૧૮-એ)**

### મહાલક્ષ્મી જ્યોતિષ

**તાત્કાલિક સમાધાન લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સાસ બહુ/પતિ-પત્ની અણબનાવ, લગ્નમાં રૂકાવટ, કામ ધંધામાં નુકસાન, પ્રેમમાં અસફળતા, છોકરા છોકરી કહેવામાં નથી. ફીસ કામ પછી. 9321554879. (૧૫૨૯૭-એ)**

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

### ઈન્ટિરિયર ડિઝાઈનર

કમ્પ્લીટ- 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4,000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (૧૫૩૦૮-બી)

## ૫૨. કુરીઅર્સ

### મનસ્વી પાર્સલ

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૨૯૮)

### પરદેશમાં પાર્સલ

Western Air International, USA, UK, Canada, Newzealand, Dubai, Singapore તમામ દેશમાં પાર્સલ મોકલવા - 9820605632, 9820875632. (૧૫૪૨૧-સી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# ખાદ્ય પદાર્થોના ફેરિયાઓને સ્વચ્છતાના પાઠ ભણાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાના પેટને અને આરોગ્યને નુકસાન કરનારા રસ્તા પર ખાદ્ય પદાર્થ વેચનારા ૧૦,૦૦૦ લાઈસન્સધારક ફેરિયાઓને મુંબઈ મહાનગરપાલિકાએ સંયુક્ત રીતે ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાર્ન્ડ ઓથોરિટી ઑફ ઈન્ડિયા સાથે મળીને સ્વચ્છતાના પાઠ ભણાવશે.

ફેરિયાઓ દ્વારા બનાવવામાં આવતા ખાદ્યપદાર્થ સ્વચ્છતાનું પાલન કરીને તેને બનાવવામાં આવે, તેને સ્વચ્છ જગ્યામાં સંઘરવામાં આવે અને ફૂડ સેફ્ટીના તમામ નિયમોનું પાલન કરીને તેને બનવવામાં આવે તે માટે ફેરિયાઓને પ્રશિક્ષણ આપવામાં આવવાનું છે. તે માટે પાલિકાએ ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાર્ન્ડ ઓથોરિટી ઑફ ઈન્ડિયા સાથે મળીને સોમવારે કરાર કર્યા હતા, જે અંતર્ગત ખાદ્યપદાર્થ વિક્રેતાને અન્ન સુરક્ષાનું મહત્ત્વ, વ્યક્તિગત રીતે સ્વચ્છતા જાળવવી, વેચાણનું સ્થળ ચોખ્ખુ રાખવું અને યોગ્ય રીતે અન્નને બનાવવું, કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવો જેવી બાબતોની પ્રશિક્ષણ આપવામાં આવશે.

મુંબઈના રસ્તા પર, રસ્તાની એક તરફ ખાદ્યપદાર્થ વેચનારા લગભગ ૧૦,૦૦૦ લાઈસન્સધારક ફેરિયાઓને આ પ્રશિક્ષણનો લાભ થશે. પાલિકાના ૨૨૭ વોર્ડમાં લાઈસન્સધારક ફેરિયાઓ માટે આ પ્રશિક્ષણનું આયોજન કરાશે. ■

# આઠ વર્ષની બાળકીનો વિનયભંગ કરનારો પકડાયો

થાણેઃ થાણે જિલ્લાના દીવા ખાતે આઠ વર્ષની બાળકીનો કથિત વિનયભંગ કરવા પ્રકરણે પોલીસે પડોશમાં રહેતા ૪૩ વર્ષના આરોપીની ધરપકડ કરી હતી. મુંબ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના ૨૦ નવેમ્બરે બની હતી, પરંતુ આ મામલે મહિના બાદ ફરિયાદ નોંધાવવાનું સ્પષ્ટ કારણ પરિવારજનોએ આપ્યું નહોતું. ફરિયાદ અનુસાર બાળકી ઘરમાં એકલી હતી ત્યારે આરોપી ઘરમાં ઘૂસ્યો હતો અને બાળકીને અયોગ્ય સ્પર્શ કર્યો હતો.

આ પ્રકરણે શનિવારે પોલીસ ફરિયાદ કરાઈ હતી. ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પોક્સો ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# નવી મુંબઈ-થાણેમાં ગેરકાયદે વસવાટ કરતા ૧૮ બાંગ્લાદેશી પકડાયા

મુંબઈઃ નવી મુંબઈ અને થાણે પરિસરમાં પોલીસે વિવિધ સ્થળે દરોડા પાડી ગેરકાયદે વસવાટ કરતાં ૧૮ બાંગ્લાદેશીની ધરપકડ કરી હતી.

ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓની માહિતી મેળવી નવી મુંબઈ પોલીસે છેલ્લા બે દિવસમાં ખારઘર અને કોપરી ગાંવમાં કાર્યવાહી કરી હતી. બન્ને સ્થળેથી આઠ મહિલા સહિત ૧૦ જણને તાબામાં લેવાયા હતા. પકડાયેલા બાંગ્લાદેશીઓ પાસે ભારતમાં વસવાટ સંબંધી કોઈ દસ્તાવેજ મળી આવ્યા નહોતા. આ પ્રકરણે ખારઘર અને એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ગુના નોંધવામાં આવ્યા હતા. દરમિયાન નવી મુંબઈની એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલના અધિકારીઓએ ખારઘરમાં મજૂરી કરનારા મોનીલ ખાન (૪૪)ને પકડી પાડ્યો હતો. તેની પાસે પાસપોર્ટ હતો, પરંતુ વિઝા એક વર્ષ અગાઉ જ પૂરા થઈ ગયા હતા. વિઝા પત્યા છતાં નવી મુંબઈમાં રહેતા ખાનને સ્પેશિયલ બ્રાન્ચના આદેશને પગલે ડિપોર્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. થાણે પોલીસે પણ રવિવારે કાલ્હેર અને ભિવંડીના કોનગાંવમાં કાર્યવાહી કરી હતી. ૨૨થી ૪૨ વર્ષના આઠ બાંગ્લાદેશીની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. આઠેય જણ ભંગાર વેચનારા, મજૂર અને પ્લમ્બર તરીકે કામ કરતા હતા. તેમની પાસેથી ભારતમાં રહેઠાણના યોગ્ય દસ્તાવેજો ન મળતાં તેમની વિરુદ્ધ કાર્યવાહી કરાઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# ડિજિટલ અરેસ્ટની આભાસી માયાજાળ

## ‘એનસીપીઆઇ’ એડવાઈઝરી કેવા ઉપાયો સૂચવે છે?

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

‘ડિજિટલ અરેસ્ટ’ આ શબ્દ સાઇબર ક્રાઇમની દૂનિયામાં હાલ એટલો પંકાઇ રહ્યો છે અને સોશિયલ મીડિયામાં એટલો વાઇરલ થયો છે કે ભાગ્યેજ કોઇ એનાથી અજાણ હશે! આમ છતાં જાણીને આશ્ચર્ય થાય છે કે આ ટેકનોલોજી અને સાયકોલોજીના દૂરપયોગથી છેતરનારા, લૂટાનારા મોટેભાગે સોશિયલ મીડિયાનો વધુ ઉપયોગ કરનારા લોકો જ છે. ઓનાલાઇન પેમેન્ટ સિસ્ટમના જોખમો હવે લોકોના નાણાંનો જ નહીં પરંતુ અમુક કિસ્સામાં જીવનો પણ ભોગ લઇ રહ્યાં છે.

માનવામાં ના આવે પરંતુ ડિજિટલ અરેસ્ટ એટલે કે આભાસી માયાજાળમાં ફસાયેલા ભારતીયોએ એક અંદાજે રૂ. ૧૨૦.૩૦ કરોડ ગુમાવ્યા છે. આવો જોઇએ આને ટાળવા માટે એનસીપીઆઇએ એડવાઈઝરીમાં કેવા સૂચનો છે!

માત્ર સોશિયલ મીડિયા જ નહીં પરંતુ તાજેતરમાં આ ક્રાઇમ એટલી હદે હદપાર કરી ગયો છે કે લગભગ દરેક પ્રસાર માધ્યમોમાં એકાંતરે આ પ્રકારની ઘટનાઓ પ્રકાશિત થતી રહે છે અને આમ છતાં લોકોમાં દાદરુકતા કેમ નથી આવી રહી એ સવાલ છે.

એની વેઝ, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનસીપીઆઇ)એ દેશમાં ઓનલાઈન છેતરપિંડી અને ડિજિટલ અરેસ્ટની વધતી ઘટનાઓ અને ધમકીઓ અંગે ઓનલાઈન પેમેન્ટ યુઝર્સ માટે એડવાઈઝરી જારી કરી છે.

નોંધવુ રહ્યું કે, ડિજિટલ અરેસ્ટ કૌભાંડને કારણે ભારતીયોએ ૧૨૦.૩૦ કરોડ રૂપિયા ગુમાવ્યા હોવાની માહિતી તાજેતરમાં જ વડા પ્રધાન મોદીએ મન કી બાતના એક એપિસોડમાં જાહેર કરી હતી.

ડિજિટલ પેમેન્ટની પહોંચ હવે દેશના દરેક ખૂણે છે, તે દેશને ડિજિટલ તરફ લઈ જઈ રહી છે. આ સિસ્ટમે વપરાશકર્તાઓને સુરક્ષા અને સુવિધા બંને પૂરા પાડ્યા છે એમ જણાવવા સાથે એનસીપીઅઆઇએ એવી તાકીદ પણ કરી છે કે, ડિજિટલ સિસ્ટમનો સુરક્ષિત રીતે ઉપયોગ કરવો અને કૌભાંડોથી બચવું મહત્વપૂર્ણ છે. કોઈપણ સંભવિત છેતરપિંડી અથવા કૌભાંડને સમયસર શોધીને તમે તમારી જાતને અને તમારા પ્રિયજનોને બચાવી શકો છો.

આપણે સૌપ્રથમ એ જાણીએ કે ડિજિટલ અરેસ્ટ શું છે અને તેને શોધવા અને ટાળવા માટેના ઉપાયો શું છે?

ડિજિટલ અરેસ્ટ એ એક નવા પ્રકારનું સાયબર અને ઓનલાઈન કૌભાંડ છે. પોલીસ અથવા અન્ય સરકારી વિભાગોના તપાસ અધિકારીઓ હોવાનો ઢોંગ કરીને, સ્કેમર્સ પહેલા લોકોના મનમાં એવું બેસાડી દે છે કે તેઓએ કોઈ નાણાકીય ગુનો કર્યો છે અથવા કંઈક ખરાબ થયું છે અથવા તેમના પરિવારના કોઈ સભ્ય સાથે કશું ખરાબ થવાનું છે. મોટા ભાગના કેસમાં સામે સ્ક્રિન સામે બેઠેલી વ્યક્તિ પોલીસ અથવા કસ્ટમ અધિકારીના યુનિફોર્મમાં હોય છે. આવી સ્થિતિમાં લોકો માને છે કે તે સાચું બોલી રહ્યો છે. ઘણીવાર તેમના શિકાર વિશેની ૯૦ ટકા સાચી માહિતી એ લોકો પાસે હોવાથી લોકો તેમની વોતોમાં ભરમાઇ જાય છે અને આ પછી તેઓ ગભરાટમાં બિલકુલ સરેન્ડર થઇને તેઓ કહે એ પ્રમાણે કરતા રહે છે.





**માનવામાં ના આવે પરંતુ ડિજિટલ અરેસ્ટ એટલે કે આભાસી માયાજાળમાં ફસાયેલા ભારતીયોએ એક અંદાજે રૂપિયા ૧૨૦.૩૦ કરોડ ગુમાવ્યા છે. આવો જોઇએ આને ટાળવા માટે એનસીપીઆઇએ એડવાઈઝરીમાં કેવા સૂચનો આપ્યા છે!**

હવે જાણીએ કઇ રીતે ડિજિટલ અરેસ્ટ થાય છે અને આપણે આવા આભાસી સંકજામાં સપડાતાં બચવા માટે કેવુ સાવચેતી રાખવી જોઇએ? આવા કિસ્સામાં સૌ પ્રથમ સરકારી અધિકારીઓના નામે ફોન કોલ્સ આવે છે.

જો કોઈ વ્યક્તિ પોલીસ, સીબીઆઈ, આવકવેરા અધિકારી અથવા કસ્ટમ એજન્ટ જેવી સરકારી એજન્સીઓમાંથી હોવાનો દાવો કરે તો સાવચેત રહો. ખાસ કરીને જો તેઓ દાવો કરે કે તાત્કાલિક કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે અથવા જરૂરી છે, તો સાવચેત રહો. આ સાઇબર લૂટારૂઓ એવા આરોપ લગાવી શકે છે કે તમે અથવા પરિવારનો કોઈ સભ્ય મની લોન્ડરિંગ, કરચોરી અથવા ડ્રગ હેરફેર જેવા ગંભીર ગુનામાં સામેલ છો. આ લોકો તમારા ઘરના સભ્યના એઆઇ જનરેટેડ અવાજ કે ફોટા કે વિડિઓ પણ બતાવી શકે છે.

ધાકધમકી આપનારી ભાષા સાથે તેમની મારપીટ કરાતી હોવાનું ચિત્ર પણ ઊભું કરવામાં આવે છે. આવા છેતરપિંડી કરનારાઓ તમને વીડિયો કોલ માટે પૂછે છે. આમાં તેઓ પોલીસ યુનિફોર્મમાં હોય છે અને યુનિફોર્મ પર સરકારી લોગો પણ છપાયેલો છે.

માત્ર યુનિફોર્મ જ નહીં પરંતુ આ માટે તેઓ વાસ્તવિક પોલીસ સ્ટેશન જેવું સેટઅપ પણ બનાવે છે. વાટાઘાટો દરમિયાન તેઓ ઘણીવાર અરેસ્ટ અથવા તાત્કાલિક કાનૂની કાર્યવાહીની ધમકી આપે છે. તેઓ તેમની દરેક માગ પર તમારી પાસેથી ઝડપી પ્રતિસાદ ઇચ્છે છે.

ડિજિટલ અરેસ્ટ કરનારાઓ તમારી અંગત માહિતી માંગશે અથવા તમારા વિરુદ્ધના આરોપોમાંથી તમારૂ નામ દૂર કરવા માટે મોટી રકમની માગ કરી શકે છે. જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ તમને તેમના ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવા દબાણ કરે છે. આ સાઇબર ખંડણીખોરો તમને તમારા નામની પુષ્ટિ કરવા, તપાસમાં મદદ કરવા અથવા રિફંડપાત્ર સિક્યોરિટી ડિપોઝિટના નામે બેંક એકાઉન્ટ અથવા યુપીઆઇ આઇડીમાં પૈસા જમા કરાવવા દબાણ કરી શકે છે. મોટેભાગે લોકો સ્ટ્રેસમાં આવીને તેમની માગણીને વશ થઇ જતાં હોય છે.

હવે એ જાણી લો કે, ડિજિટલ અરેસ્ટ ટાળવા શું કરવું? સૌ પ્રથમ તો વોટ્સએપ, ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પર આવતા કોઈપણ શંકાસ્પદ કોલ્સ ઉપાડશો નહીં. જો તમે ફોન ઉપાડ્યો હોય તો ગભરાશો નહીં. એ વાતનું ખાસ ધ્યાન રાખો કે તમારે તમારી વ્યક્તિગત અને નાણાકીય માહિતી ક્યારેય શેર કરવી નહીં. જો તમને સહેજ પણ શંકા જાય કે કશું ખોટું થઇ રહ્યું અથવા અજુગતું લાગે છે, તો ફોનને તરત જ ડિસ્કનેક્ટ કરો. ફોન પર વાતચીત કરવાનું ટાળો અને સવાલ જવાબને નામે લાંબી વાતચીતમાં તો ક્યારે ના ફસાવ. ટ્રુ કોલર જેવી એપ વડે અજાણ્યા નંબર પરથી આવતા કોલને તરત જ વેરિફાય કરવાની ખાતરી કરો. જો ફોન જેન્યુઇન હશે તો પાછો પણ આવશે, અજાણ્યાં નંબરનો કોલ ઉપાડવાનું ટાળો.

નોંધવું રહ્યું કે, તાજેતરમાં ભારત સરકારે લગભગ ૧.૭ કરોડ સિમ કાર્ડ પર પ્રતિબંધ મૂક્યો છે. આ તમામ સિમ કાર્ડ નકલી આધાર કાર્ડ અને અન્ય દસ્તાવેજો દ્વારા આપવામાં આવ્યા હતા. આ સિવાય તમે સાઇબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર તેની ફરિયાદ કરી શકો છો. ■

# મોતના કારમા આઘાત વચ્ચે હરામખોરીની પરાકાષ્ઠા

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

સાઉથ મુંબઇના સમૃદ્ધ વિસ્તારમાં આવેલ ફાઇવ સ્ટાર હૉસ્પિટલના આઇસીયુની સગવડો કામ ન આવી, ડૉક્ટરોની મહેનત કારગર ન નિવડી અને સ્વજનોની પ્રાર્થના-આજીજી જાણે બહેરા કાને અથડાઇ. જિંદગીનો આખરી ડચકો મોતના અટ્ટહાસ્યમાં ખોવાઇ ગયો. કોઇને કંઇ અસર ન થઇ. નીચે ટ્રાફિક એમ જ ધસમસતો આગળ વધતો હતો. દરિયાનાં મોજાં પોતાની રાબેતા મુજબની મસ્તીમાં કિનારા પરના પથ્થરો સાથે અથડાતાં હતાં. અને પાણી બનીને પાછાં ફરી રહ્યાં હતાં, પરંતુ સ્વર્ગસ્થનાં પત્ની દિગ્મૂઢ થઇ ગયાં. આ અણધારી-અકલ્પ્ય આફતથી: હજી પરમ દિવસે તો જલદી સાથે યુરોપ જવાનું ઉત્સાહભેર આયોજન કરતા હતા ને આજે આમ એકલા અનંતની યાત્રાએ નીકળી પડયા!! ન સેવાનો મોકો આપ્યો, ન આવજો-અલવિદાની આપલે થઇ શકે. પતિને જીવનનો પહેલો અને આખરી અન્યાય કરવાનું કારણ આક્રંદ સાથે પૂછવું હતું. મમ્મીને ગળાફાડ રડવું હતું.

એકાએક એમની નજર સામેના સોફામાં ફસડાઇ પડેલી યુવાન દીકરી પર પડી. આ... આ મારી... અમારી કૃતિ છે? એનો તેજ, ઉત્સાહ, કિલ્લોલ ક્યાં? સતત કલબલાટ કરતી પારેવડી ક્રાઇસિસ મેનેજમેન્ટ એક્સપર્ટ છે. ગમે તે મુસીબત હોય, એ હસીને કહે, ‘રિલેક્સ, કૃતિ છે ને! પણ વહાલસોયા પપ્પાને આમ અચાનક કાયમ માટે ખોઇ બેસીને એ જાણે સૂધબૂધ ગુમાવી બેઠી છે.

ના, ના. આવું ન ચાલે. એના પપ્પા નારાજ થાય. મને ઠપકો આપે. આવા વિચારો સાથે મમ્મીએ ઓઢણીના છેડાથી ભીની આંખો લૂછીને પછી બન્ને હાથ ચહેરા પર ફેરવ્યા. જાણે સ્વસ્થતાનાં બૂસ્ટર ડૉઝ મળી ગયો હોય એમ તેઓ ઊભાં થયાં. કૃતિની બાજુમાં જઇને બેઠાં, બે પળ બાદ એનો હાથ પોતાના હાથમાં લીધો. કૃતિએ ન સામે જોયું, ન જરાય પ્રતિભાવ આપ્યો.

મમ્મી હળવે અવાજે બોલ્યાં. ‘હું ખૂબ મંઝાઇ ગઇ, તો તારા પપ્પાનો અવાજ કાને



પડઘાયો કે ફિકર ન કર, કૃતિ છે ને.’ કૃતિએ મમ્મી સામે જોયું. એમને ગળે વળગીને રડવા માંડી. મમ્મી કંઇન બોલ્યાં. ચૂપચાપ પીઠ પર હાથ ફેરવતાં રહ્યાં. થોડીવારમાં કૃતિ અળગી થઇ. ‘સૉરી, મમ્મી હવે મારું ધ્યાન રાખવાની જવાબદારી મારી. તને નથી ખબર પણ પપ્પા અનેકવાર મને કહેતા કે મારી ગેરહાજરીમાં તારી મમ્મીની મને જરાય ફિકર નથી. કૃતિ અમારો સવાયો દીકરો છે. એ મમ્મીને ક્યારેય તકલીફ પડવા નહીં દે.’ અને મમ્મી તને ખબર છે કે પપ્પા કાયમ પહેલા જવા માંગતા હતા. તારા સિવાય જીવવાની તેઓ કલ્પનાય કરી શકતા નહોતા.

હવે મમ્મી દીકરીના હાથમાં મોઢું મૂકીને હિબકે હિબકે રડવા માંડયાં. એકાદ મિનિટ બાદ કૃતિએ મમ્મીને રોકી. જો કોઇ નજીકનાં સગાં અહીં નથી. બધી વ્યવસ્થા આપણે જ કરવાની છે. થોડા ઘણાં જે છે એમને અંતિમવિધિનો સમય અને સ્થળ જણાવી દઇશું, બરાબરને?

‘મને કંઇ સૂઝતું નથી. તને જે ઠીક લાગે એ કર,’ મમ્મી એટલું માંડ બોલી શકી. ને પોતાના શૂન્યાવકાશમાં ગરકાવ થઇ ગયાં. કૃતિ ઊભી થઇ. આઇસીયુના દરવાજામાં લાગેલા નાનકડા પારદર્શક કાચમાંથી પપ્પાના પાર્થિવ દેહને જોયો. આંખમાં ફરી ધસી આવતાં આંસુના ઘોડાપુરને માંડ માંડ રોકીને એ દોડીને સોફા પર બેસી ગઇ.

બે મિનિટ ચૂપ બેઠા બાદ તેણે મોબાઇલ ફોન હાથમાં લીધો. સર્ચ પણ લખ્યું: ‘ફ્યુનરલ્સ સર્વિસ નિયર મી.’ ધડાધડ રિઝલ્ટ આવી ગયાં. પહેલી જ દેખાઇ: મોક્ષ અંતિમવિધિ સેવા, એના નંબર પર કૃતિએ ફોન લગાવ્યો. સામેથી ફોન ઉપાડાતા તેણે પૂછ્યું. અંતિમવિધિ માટે કઇ કઇ સેવા આપો છો?

સામેથી વળતો સવાલ પૂછાયો, ‘મેડમ, કોણ ગુજરી ગયું છે?’

‘મારા પપ્પા.’

એકદમ સહાનુભૂતિભર્યો જવાબ મળ્યો. સૉરી અમારી દિલસોજી આપની સાથે છે. અમે સ્મશાનમાં સમય લઇ આવીશું. પંડિતજીની વ્યવસ્થા થઇ જશે અને આપના સંબંધીઓને જાણ કરતો મેસેજ પણ બનાવીને આપીશું. આપે અખબારમાં નોંધ કે જાહેરખબર આપવી હશે તો એ પણ થઇ જશે. આપ કોઇ જાતની ફિકર ન કરશો.

કૃતિ હળવેથી બોલી, ‘થેંન્ક યુ.’


‘મેડમ, હું આપને એક લિન્ક મોકલું છું, એના પર પપ્પાની અને આપની વિગત, ડેથ સર્ટિફિકેટ મોકલી આપો. એડવાન્સ પેટે રૂ. બે હજાર મોકલજો. આપ અમારી સેવા ઇચ્છો છો એના માટે એક ઓટીપી આવશે. એ મારી સાથે શેઅર કરજો. હું ફોન ચાલુ રાખું છું. આપ જોઇ લો...’

કૃતિએ વિગતો ભરી મૃત્યનું પ્રમાણપત્ર અપલોડ કર્યું. બે હજાર રૂપિયા ભર્યા. અને આવેલો ઓટીપી નંબર શેઅર કર્યો. થૅન્ક યુ મેડમ. આપના માટે પંડિતજીની વ્યવસ્થા થઇ ગઇ છે. બીજી કોઇ આવશ્યકતા લાગે તો ગમે ત્યારે ફોન કરી શકે છે. બાકી બધુ હવે અમારા પર છોડી દો. અમે કોઇ કચાશ નહીં છોડીએ. ફરી મારી સાંત્વના સ્વીકારજો પ્લીઝ.

કૃતિને એકદમ નિરાંત થઇ. એ જઇને મમ્મીની બાજુમાં બેસી. મમ્મીને ગર્વ થયો. દીકરીની સ્વસ્થતા અને કાબેલિયત પર. બન્ને પોતપોતાની રીતે સ્વર્ગસ્થ સાથેના સંભારણાના વિશ્વમાં ડૂબવા લાગ્યાં.

ત્યાં જ કૃતિના ફોનમાં એસ.એમ.એસ. આવ્યાની નોટિફિકેશન રિંગ વાગી. મેસેજ બૅન્કનો હતો. આપના ખાતામાંથી ચાર લાખ રૂપિયા ઉપાડાયા છે. કૃતિ આશ્ચર્યચકિત થઇ ગઇ. હજી હૉસ્પિટલનું પેમેન્ટ કર્યું નથી તો આ શેનો મેસેજ? ત્યાં જ ફરી નોટિફિકેશનની બીજી રિંગ સંભળાઇ. જોયું તો ફરી બૅન્કનો મેસેજ. આપના ખાતામાંથી ૨.૫૦ લાખ રૂપિયા. કૃતિનું મગજ બહેર મારી ગયું. ત્યાં ત્રીજો મેસેજ આવ્યો. આપના ખાતામાં રૂ. ૫૩૦૨નું બેલેન્સ છે.

અચાનક કંઇક સમજાતા તેણે મોક્ષ અંતિમવિધિ સેવાનો નંબર ફરી જોડયો, તો એ નંબર સ્વીચ ઑફ મળ્યો. ■



**A.T.P. (ઑલ ટાઇમ પાસવર્ડ)**

*યાદ રહે કે ઓનલાઇન ફ્રોડસ્ટરને લાગણી જેવું હોતું નથી. જન્મથી લઇને મોત સુધીના દરેક તબક્કે આ ગીધડા સૉરી, આ પંખીનું અપમાન કરવું નથી, પોતાનું હરામીપણું બતાડતાં જ હોય છે. સાવધ રહો, સ્વસ્થ રહો.*

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# વરઘોડો હોય કે ઉત્સવ ... સિનેમા સંગીત વગર NO મજા!

આપણા દેશમાં લગ્નથી માંડીને સ્કૂલ-કોલેજમાં થતાં અભ્યાસ સિવાયના ફંકશનમાં મજા માણવા સિનેમા સંગીતનું ચલણ વધતું જાય છે. લગ્નમાં મહેંદી કે પીઠી જેવા ફંકશન હોય કે પછી ફેમિલી પર્ફોર્મન્સના નાચગાન સિનેમાના સંગીત વગર શક્ય જ નથી. હસ્તમેળાપ સમયે પણ ફિલ્મોનાં મધુર રોમેન્ટિક ગીતો ગવાતાં હોય અથવા ઇન્સ્ટ્રુમેન્ટ પર વગાડવામાં આવે .

હમણાં એકત્રીસ ડિસેમ્બર આવશે ત્યારે ડાન્સ પાર્ટીઓમાં લાઉડ સંગીતના જલસા થશે. આપણા ઉત્સવો હોળી હોય કે ઉત્તરાયણ... ફિલ્મ સંગીત વગર ફેસ્ટિવલમાં મજા મારી જાય.

આનો અર્થ કે ફિલ્મોની ટિકિટબારીઓ છલકાવવામાં સંગીતનો મોટો ફાળો રહ્યો છે. એવી અસંખ્ય ફિલ્મો હશે જેને રિલીઝ થયે દાયકાઓ થઇ ગયા હશે પણ તેનાં ગીતોને લીધે આજે પણ વારે- તહેવારે યાદ કરવી પડે. નવા સિનેમાનાં નામ પણ જૂનાં હિટ ગીતો પરથી રાખવામાં આવે છે. જૂનાં ગીતોને રી-મિક્ષ કરીને સફળતાની ફોર્મ્યુલા તરીકે અનેક ફિલ્મોમાં વપરાય છે.


પૂર્વ વિદેશમંત્રી શશી થરુરે એક વાર કહ્યું હતું કે એ અમેરિકાના પ્રવાસે હતા. એક થિએટરમાં સ્થાનિક વૃદ્ધ મહિલાની મુલાકાત થઇ હતી, જેને ભારતીય ભાષાઓ વિશે જ્ઞાન હતું નહિ,પણ આ મહિલા નિયમિત હિન્દી સિનેમા જોવા આવતી હતી, કારણ કે એને સિનેમા સંગીત અને ડાન્સ પસંદ હતા. એનો અર્થ એવો થયો કે વિશ્વમાં ભારતીય સોફ્ટપાવર જેવા સિનેમાના સંગીતની બહુ મોટી ડિમાન્ડ છે.

આનંદ પ્રમોદ માટે ફિલ્મ ગીત - સંગીત એ હદે આવશ્યક છે કે આપણા ઉત્સવોમાં ફિલ્મી સંગીત ગુંથાઈ ગયું છે. સામાન્ય માણસના મનમાં ફિલ્મોની કેટલીક ધૂન આજીવન અમર થઈને રહે છે. પારિવારિક અંતાક્ષરીમાં પૂરેપૂરા ગીત ગાવાવાળાઓની સંખ્યા ઓછી નથી. વરઘોડામાં બેન્ડવાજામાં યે મેરા જાદુ કે ‘મેં હું ડોન’ જેવી ધૂન વગાડે પછી ડાન્સ માટે કોઈને આમંત્રણ આપવાની જરૂર પડતી નથી. માનો કે સિનેમામાંથી જ સંગીત ગાયબ કરી દેવામાં આવે તો હોરર દ્રશ્ય હોય કે રોમેન્ટિક સીનની મજા મરી જાય. ભારતીય સિનેમામાંથી સંગીત ના હોત તો ઉત્તરનું કે પછી દક્ષિણ સુધ્ધાંનું સિનેમા ક્યારનું ખતમ થઇ ગયું હોત.

ઘરમાં રોમેન્ટિક સોન્ગ વાગતું હોય છે તો માણસનો મૂડ બદલાઈ જાય છે. એનો અર્થ એ થાય કે માણસનો તણાવ ઘટાડવામાં લોકપ્રિય સંગીત તરીકે સિનેમાનો મોટો ફાળો છે. સામાન્ય માણસ માટે ફિલ્મી સંગીત માનસિક રીતે સ્વસ્થ રાખવા સાથે પ્રેરણા આપવામાં મદદરૂપ થાય છે કેમ કે એને સિનેમાના સંગીતનો જ વધુ અનુભવ હોય છે.

એક અભ્યાસ મુજબ મનપસંદ સંગીત થકી યાદશક્તિમાં સુધારા સાથે બીમારીમાં દર્દની અસર ઘટાડી શકાય છે. અસંખ્ય લોકો છે જે રાત્રે સૂતી વેળા રેડિયો પર ગીતો સાંભળવાનું પસંદ કરે છે. રાત્રે સંગીત સાંભળવાથી ઊંઘ સારી આવતી હોવાનું માનવામાં આવે છે. સિનેમા સંગીત આપણા જીવનના આનંદ, વ્યથા, લાગણીઓ, ઉલ્લાસ, ઉત્સાહ પર અસર કરે છે.

ભારતીય સમાજ પર સિનેમાના સંગીતની વ્યાપક અસરોની શરૂઆત સર્જકોને તેના પ્રારંભથી જ આવી ગઈ હશે. ભારતીય પરંપરામાં સંગીત તો વેદોક્ત યુગથી ચાલ્યું આવે છે. ભારતના વિવિધ વિસ્તારો અને સંસ્કૃતિઓમાં અસંખ્ય શૈલીઓ વિકાસ પામી છે. ભારતીય સંગીતના રાગમાંથી ફિલ્મી સંગીતનો જન્મ થયો છે. જયારે સિનેમા મૌન હતું એટલે કે મૂંગી ફિલ્મો બનતી હતી ત્યારે સ્ક્રિન પાસે સ્થાનિક ઓર્કેસ્ટ્રાને બેસાડીને દર્શકોને ફિલ્મના મનોભાવ મુજબ લાઈવ સંગીત આપવામાં આવતું હતું. સંગીતકાર નૌશાદ સ્કૂલમાં ગુલ્લી મારીને હાર્મોનિયમ વગાડવા જતા હતા. પરિવારને ખબર પડતાં આકરી સજા થઇ હતી. એ અલગ વાત છે કે સિનેમાના સંગીતથી પ્રભાવિત થઈને ઘર છોડીને મુંબઈ પહોંચી ગયા હતા. એક કથા એવી પણ છે કે નૌશાદ મુંબઈમાં સંગીતકાર તરીકે સફળ થયા પછી વતનમાં લગ્ન માટે આવ્યા. તે સમયે સિનેમા માટે કામ કરવું એ પ્રતિષ્ઠિત ગણાતું નહીં. નૌશાદના પરિવારજનોએ મુંબઈમાં દરજીકામ કરે છે એવી વાત ફેલાવીને એમની શાદી કરાવી હતી. નૌશાદના વરઘોડામાં તે સમયે અતિ લોકપ્રિય બનેલા રતન ફિલ્મનાં ગીતો વગાડવામાં આવ્યાં હતાં, જેનું સંગીત ખુદ નૌશાદે









આપ્યું હતું ! પોતાના વરઘોડામાં પોતે જ કમ્પોઝ કરેલાં ગીતો વાગવા છતાં નૌશાદ ચુપચાપ ઘોડા પર બેસી રહ્યા હતા.

મૂંગી ફિલ્મોના સમયમાં પહેલી બોલતી ફિલ્મ ‘આલમઆરા’ આવી. આ ફિલ્મમાં ડબ્લ્યુ એમ ખાન નામના અભિનેતાએ પહેલું ફિલ્મી ગીત ગાયું હતું : ‘દે દે ખુદા કે નામ પે પ્યારે’ શબ્દ ધરાવતા આ ગીતમાં હાર્મોનિયમ અને તબલા જેવા વાજિંત્રોનો ઉપયોગ થયો હતો. ‘આલમઆરા’ ફિલ્મનું ગુજરાતી હીરોઈન ઝુબેદાએ ‘બદલા દિલવાયેગા યારબ તું ’ ગીત અત્યંત લોકપ્રિય બન્યું હતું. આમ તો આ ફિલ્મના સંગીત માટે ફિરોઝશાહ મિસ્ત્રીને ક્રેડિટ આપવી પડે. નવ દાયકાથી ફિલ્મ સંગીતની લોકપ્રિયતામાં પહેલી ફિલ્મથી જ પાયો નંખાયો હતો.

એ યુગમાં ફિલ્મની વાર્તા આગળ વધારવા તથા પ્રેક્ષકો કથાનકને સમજી શકે એ માટે ગીત-સંગીતનો ઉપયોગ થતો હતો. પ્લે બેક સિંગરનું ચલણ આવવાની વાર હતી. ફિલ્મમાં એક્ટર જ ગાયન ગાય. ઘણીવાર એમનો અવાજ મધુર હોવો કે ગીત મુજબ ભાવ વ્યક્ત કરવા અસમર્થ રહેતાં હોવાથી ગીતના શબ્દો તથા રચના અત્યંત સરળ રાખવામાં આવતી હતી. ગીતો અત્યંત ધીમા રહેતાં. પ્રારંભમાં જે ગીતો કમ્પોઝ થયા એમાં રાગ શક્યતઃ શુદ્ધ રહ્યા. એની અસર પાંચમા છઠ્ઠા દાયકાની ફિલ્મોના મધુર સંગીત પર જોવા મળે છે. ત્રીસીના દાયકામાં મીનાકુમારીના પિતા માસ્ટર અલી બક્શે નવા પ્રયોગો કર્યા. નરગિસની માતા જદ્દનબાઈએ ફિલ્મોમાં સંગીત આપ્યું. આપણા ગુજરાતી પ્રાણસુખભાઈ નાયકે સમગ્ર દેશમાં ગુજરાતી લોકસંગીત પ્રચલિત કરી દીધું. એમની ‘માધુરી’ નામની ફિલ્મનું સંગીત લોકપ્રિય બનતા ફિલ્મ સુપરહિટ બની હતી. ગુજરાતી પૃષ્ઠભૂમિ ધરાવતા એસ પી રાણેએ ત્રીસીના દાયકાના પ્રારંભે ફિલ્મોમાં સંગીત આપ્યું હતું અને પહેલી ગુજરાતી ફિલ્મ નરસિંહ મેહતા’ માં ભજનોને કમ્પોઝ કાર્ય હતાં.

આ જ રીતે, વઝીરખાન અને નાગરદાસ નાઈક બેલડીએ ફિલ્મ સંગીતનો ઇતિહાસ બનાવ્યો. ‘ઇન્દ્રસભા’ નામની ફિલ્મમાં ઈકોતેર ગાયનોનો આજ સુધીનો રેકર્ડ બનાવ્યો. ભારતીય સિનેમા સંગીતના પાયાને મજબૂત કરવામાં સુંદરદાસ ભાટિયા, લલ્લુભાઇ નાઈક, વ્રજલાલ વર્મા, ગોવિંદરાવ તેમ્બે, માસ્ટર મહમ્મદ, બદ્રી પ્રસાદ, ગંગાપ્રસાદ પાઠક, રેવાશંકર મારવાડી, મીર સાહેબ જેવા અનેક નામી- અનામી સંગીતકારોનો હાથ છે. આ સંગીતકારોને યાદ કરવાનો હેતુ એટલો જ છે કે એમના થકી આપણે લગ્ન સહિત અનેક ઉત્સવોમાં ફિલ્મી સંગીતની મોજ માણીએ છીએ. આજે કોઈપણ ફંકશન ફિલ્મી ગીતો વગર અશક્ય છે. કજરા રે’ કે ‘પાન મેં પુદીના’ જેવાં ગીતો ડાન્સ કરવા બન્યાં હોય એવું લાગે એ વાતમાં પૂરોસરીઓનું મોટું યોગદાન રહ્યું છે. ■

**ધ એન્ડ**

*‘ઇતની શક્તિ હમે દેના દાતા’.. ’એ માલિક તેરે બંદે હમ અથવા ‘હમ કો મન કી શક્તિ દેના’ જેવી ફિલ્મી ધૂનો સાથે પ્રાર્થના કરીને સ્કૂલોમાં તો કેટલીય પેઢીઓ પસાર થઇ ગઈ!*

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બેવકૂફ બનાયા.. બેવકૂફ બનાયા.. આપને!




'લગ્ન કરવા એ બેવકૂફી છે' એવો આત્યંતિક અભિપ્રાય કેટલાક પોતાને ડાહ્યા માનતા કુંવારા લોકો આપતા હોય છે. જોકે, કેટલીક બાબતે જગત આખાને બેવકૂફ બનાવવામાં પાવરધા ચીનમાં શિન નામના યુવક સાથે લગ્નના નામે ઠગાઈ કરવામાં આવી છે અને રીતસરનો બેવકૂફ બનાવવામાં આવ્યો છે. વેડિંગ પ્લાનિંગ એજન્સીના માધ્યમથી શિન કોઈ એક શાઓયુ નામની કન્યાના પરિચયમાં આવ્યો. ઓનલાઈન મીટિંગ પછી પરિચય પ્રેમમાં પરિણમ્યો. ગોળધાણા ખવાઈ ગયા અને રૂપાળી કન્યાએ ચીનના રિવાજ અનુસાર બ્રાઈડ મની પેટે ૨૨ લાખ રૂપિયા તેમજ પોતાની બહેનોની ગિફ્ટ માટે અને માતુશ્રીના ઓપરેશન માટે પૈસા માગ્યા. શિનઘેલા કુમારે ૫૫ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર પણ કરી દીધા. જોકે, પ્રત્યક્ષ મુલાકાત સતત ટાળતી રહેલી શાઓયુ આખરે સહ પરિવાર શિનના પરિવારને મળવા તૈયાર થઈ. મજા તો એ વાતની થઈ કે ઓનલાઈન જે રૂપાળીને જોઈ શિનએ હા પાડી હતી એના કરતાં સાવ જુદી જ કન્યા પ્રગટ થઈ. સવાલ થયો તો જવાબ આવ્યો કે ફિલ્ટરનો ઉપયોગ કર્યો હોવાથી અલગ ચહેરો દેખાયો હતો. બંનેના લગ્ન નક્કી થયા અને કન્યારાણીએ વધુ પૈસા માગ્યા ડોફા શિનએ આપ્યા સુધ્ધાં. પૈસા મળી ગયા પછી શાઓયુની બહેને 'લગ્ન નથી કરવા' કહી બ્રેકઅપની વાત કરી. હવે શિનને ખ્યાલ આવી ગયો કે દાળ આખી કાળી છે અને તપાસ કરતા ખબર પડી કે અત્યાર સુધી શાઓયુની બહેન જ પૈસા પડાવી રહી હતી. શાઓયુના પરિવારના સભ્યો તરીકે આવેલા લોકો ભાડા પર લવાયેલા એક્ટર હતા અને કૌભાંડમાં સામેલ હતા. પોલીસ ફરિયાદમાં જાણવા મળ્યું કે શિનને બેવકૂફ બનાવી રહેલી કન્યા પરિણીત છે અને એને એક બાળક છે. બાળકના ભરણપોષણ માટે એ ફ્રોડ કરી રહી હતી.

## ડિવોર્સની ગોલ્ડન જ્યુબિલીએ મેરેજ



સંબંધના છેડા બાંધતા ક્યારેક વરસોના વરસ લાગી જાય, પણ સંબંધના છેડા ફાડતા ક્ષણભરની વાર માંડ લાગતી હોય છે. મોટાભાઈના બેસ્ટ ફ્રેન્ડ રોબર્ટ સાથે પ્રેમ થયા પછી ૧૯૫૧માં લગ્ન કરનારી ફે ગેબલનું લગ્ન જીવન મધુર હતું. ચાર બાળકોનાં માતા - પિતા બન્યા પછી કોનું શું ફટક્યું કે ૨૪ વર્ષના લગ્નજીવન પછી ૧૯૭૫માં તેમના ડિવોર્સ - છૂટાછેડા થઈ ગયા. બંનેએ ફરી મેરેજ કર્યા અને પોતપોતાના નવા જીવનસાથી સાથે અનેક વર્ષ રંગેચંગે રહ્યા. પછી થયું એવું કે રોબર્ટની પત્ની અને ફે ગેબલના પતિનું અવસાન થયું. ત્યારબાદ બંને પારિવારિક પ્રસંગોમાં ફરી એકબીજાને મળવા લાગ્યા અને ગોળ - સાકર ઉમેરી જૂની કડવાશ દૂર કરી દીધી. ૧૯૫૧ની લવ સ્ટોરી ૨૦૨૧માં ફરી ધબકવા લાગી અને તાજેતરમાં બંનેએ ડિવોર્સ પેપરની હોળી કરી એની અગ્નિ સાક્ષીએ પરણી જવાનું નક્કી કર્યું. ગયા રવિવારે ૯૪ વર્ષના મિસ્ટર રોબર્ટની ૮૯ વર્ષની ફે ગેબલ સાથે છેડાછેડી બંધાઈ ત્યારે એમને શુભેચ્છા આપવા ૧૪ પૌત્ર, ૧૪ પ્રપૌત્ર અને પ્રપૌત્રનાં બે બાળકો હાજર હતાં. ડિવોર્સની ગોલ્ડન જ્યુબિલી વખતે મેરેજ, ભાઈ વાહ!

## ભાષાને શું વળગે ભૂર, સ્ક્રેબલમાં જીતે એ શૂર




બુદ્ધિશાળી હોય એ સ્માર્ટ હોય એ જરૂરી નથી અને સ્માર્ટ હોય એ બુદ્ધિશાળી હોય એવું લખી નથી દીધું. ન્યુઝીલેન્ડના રહેવાસી (કિવી) નિગલ રિચર્ડ્સની સિદ્ધિ જોયા પછી આ બંને ગુણ એક જ વ્યક્તિમાં હોઈ શકે છે એવું માનવાનું મન થશે. અંગ્રેજી ભાષા પર અદભુત પ્રભુત્વ ધરાવતા આ કિવીકુમાર શબ્દો બનાવવાની જગવિખ્યાત રમત ઈંગ્લિશ સ્ક્રેબલમાં પાંચ વાર વર્લ્ડ ચેમ્પિયન બન્યો છે. તાજેતરમાં સ્પેનિશ ભાષાની સ્ક્રેબલમાં પણ આ મિસ્ટર રિચર્ડ્સ વિશ્વ વિજેતા બન્યો છે અને આંખો પહોળી થઈ જાય એવી વાત એ છે કે ભાઈને સ્પેનીશનો 'સ' બોલતા પણ નથી આવડતું...!

એક મિનિટ, ૨૦૧૫ અને ૨૦૧૮માં એ ફ્રેન્ચ સ્ક્રેબલમાં પણ વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો અને હા, ત્યારે પણ એને ફ્રેન્ચનો 'ફ' બોલતા નથી આવડતું.

કિવી કુમાર જાદુગર છે? છળકપટ કરે છે?

ના, ભાઈ ના. એની યાદશક્તિ ડોલ્ફિનની મેમરીને ટક્કર મારે એવી છે. સ્ક્રેબલની રમતમાં વારંવાર વપરાતા શબ્દો છેલ્લા એક વર્ષથી નિગલે યાદ રાખવાનું શરૂ કર્યું હતું અને 'તૈયારી પૂરી' થયા પછી માત્ર યાદશક્તિના જોરે ચેમ્પિયન બની ગયો છે. આને શું કહેવું ?અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું..!

## કન્યા પોઝ આપે, સાવધાન!



લગ્ન પ્રસંગે આવતા મહેમાનોને લગ્નની વિધિ કે મંડપ સજાવટ કરતા ભોજનમાં શું છે એમાં વધુ રુચિ હોય એ આજના સમયની વાસ્તવિકતા છે. અલબત્ત, જૂજ લોકો એવા હોય છે ખરા જે ગોર મહારાજ કઈ અને કેવી વિધિ કરાવે છે એનું ઝીણવટથી નિરીક્ષણ કરતા હોય છે. 'કન્યા પધરાવો, સાવધાન!' એ લગ્ન વિધિની ઉચ્ચતમ ક્ષણ માનવામાં આવે છે. જોકે, બદલાતી વેડિંગ સ્ટાઈલમાં ગોરનું મહત્ત્વ ઘટી ગયું છે અને ફોટોગ્રાફરનું મહત્ત્વ વધી રહ્યું છે. ગોર અને ફોટોગ્રાફર બંને કન્યાને સરખો 'ભાવ આપતા' હોવા છતાં કન્યાને ફોટોગ્રાફર માટે પક્ષપાત હોય છે. ગોરે સૂચવેલી વિધિ કરવા કરતાં કન્યામાં વધુ સજાગતા ફોટોગ્રાફરના આદેશ પાલનમાં જોવા મળે છે.

'કન્યા પોઝ આપે, સાવધાન' ઉચ્ચારણ સામે અન્ય બધી બાબત ગૌણ ગણાય છે. સ્ટેજ પર આવતી દરેકે દરેક વ્યક્તિ ફોટોગ્રાફર 'બોસ'ના આદેશનું અક્ષરસઃ પાલન મલકાતાં મોઢે કરે છે. ટૂંકમાં ફોકસ ગોરની વિધિથી ફંટાઈને ફોટોગ્રાફરના કેમેરાના ફોકસ પર આવી ગયું છે. લગ્ન પ્રસંગે ગોર નહીં ફોટોગ્રાફરની પસંદગીને પ્રાધાન્ય એ હદે મળી રહ્યું છે કે 'ગોર ભગાવો, સાવધાન' એ દિવસ તો જોવો નહીં પડે ને એનો કલ્પિત ભય ગોર મહારાજાઓને ઘેરી વળ્યો છે. એનો ઉકેલ લાવવા યુપીમાં ગોર મહારાજાઓની સમિતિ બનાવવામાં આવી છે.

## લ્યો કરો વાત!

*આગામી રવિવારે ચીનના જિલિન નામના પ્રાંતમાં આઈસ એન્ડ સ્નો હાફ મેરેથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રસપ્રદ વાત એ છે કે સ્પર્ધા કરતાં લોકોમાં વિજેતાઓને આપવામાં આવનારા ઈનામો અચરજનો વિષય બન્યા છે. સ્પર્ધામાં વિનિંગ લાઈન ઓળંગી જનારા પ્રથમ વિજેતાને બક્ષિસમાં એક ગાય આપવામાં આવશે. અન્ય વિજેતાઓને માછલી, હંસ કે પછી મરઘાં આપવામાં આવશે. વિજેતા ગાયની બદલીમાં રોકડ રકમની ઈચ્છા વ્યક્ત કરશે તો ૬ હજાર યુઆન (આશરે ૭૦ હજાર રૂપિયા) રોકડા દેવામાં આવશે. ત્રીજા સ્થાન પછી અંતર પૂરું કરનારા દોડવીરોને ૧૦ કિલો ચોખા અને ઘઉંની થેલીઓ પકડાવી દેવામાં આવશે. આ જાહેરાત ચીનના સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**દેશમાં સૌથી વધુ શું ફગાવી દેવાય છે?**
* આક્ષેપો...
**સૌથી ઝડપથી શું પ્રસરે?**
* અફવા...
**બુલડોઝર બાબાથી બચવા શું કરવું જોઈએ?**
* ન્યાય દેવીના શરણે જવું...
**ઉધાર લેવું સારું કે રોકડા આપવા?**
* મને તો ઉધાર લીધેલી વસ્તુ વેચીને રોકડા કરવાનું ગમે...
**રોજ રામાયણ થતી હોય તો મહાભારત ક્યારે?.**
* રામાયણ પત્યા પછી....
**નેતાની પત્નીને નેતી કેમ કહેવાતી નથી?**
* મંત્રી મંડળમાં ઠરાવ બાકી હશે.!
**કૂતરાં અને ગધેડા વચ્ચે ઝઘડો કરાવીએ તો શું થાય?**
* એવા વાનરવેડા ના કરાય.
**દુઃશાસન ક્યાં હોય?**
* શાસનમાં.
**તડકા અને કડકા વચ્ચે ફરક શું?**
* તડકો ગરમ અને કડકો નરમ ઠંડો હોય..
**પ્રેમી યુગલ બગીચામાં કેમ વધુ જતાં હશે?**
* એન્ટ્રી - એકટિવિટી - એકાંત બધું ફ્રીમાં મળે એટલે...
**નવદંપતી ગોળ ફેરા કેમ ફરે છે?**
* 'લગ્ન સંસારમાં પણ આમ ફરતા રહેશો' એવી શીખ આપવા માટે
**જોરુના ગુલામ હોય તો જોરુના રાજા કેમ નહી?**
* જોકર કેમ ભૂલી ગયા?
**અમુક સંતો લોકોને ત્રણ સંતાન પેદા કરવાની સલાહ આપે છે. આવું કેમ?**
* સલાહ આપતા સંતોએ ક્યાં કોઈ સંસારીનું ઘર ચલાવવનું હોય છે..
**વટહુકમમાં કોનો વટ પડે?**
* હુકમ કરનારનો.
**અમુક લોકો સિક્યોરિટી ગાર્ડ સાથે કેમ બાથડે છે?**
* પોતાને બુદ્ધિવાન કે બહાદુર દેખાડવા...
**ગાંધી માર્ગે ચાલવા શું કરું?**
* પહેલાં પગરખાં ઉતારી નાખો...
**રૂપિયો ગગડીને ક્યાં જતો હશે?**
* જ્યાંથી આવ્યો ત્યાં...

કચ્છી ચોવક ___ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# શણગારો તો બાવળ પણ શોભે!

'**સોન જિત ઘડાજે, ઉતે અગે**' આ ચોવકમાં ઉપયોગમાં લેવામાં આવેલા શબ્દોના અર્થ મુજબ સંકલિત અર્થ એવો થાય છે કે, 'સોનું જ્યાં ઘડાય ત્યાં તેનું મહત્ત્વ રહે! પ્રથમ શબ્દ 'સોન' એટલે સોનું, 'જિત'નોઅર્થ થાય છે. જ્યાં અને 'ઘડાજે' એટલે ઘડાય. 'ઉતે'નો અર્થ થાય છે ત્યાં અને 'અગે'નો મૂળ અર્થ તો 'આગળ' એવો થાય છે, પરંતુ અહીં 'અગે'નો પ્રયોગ છે, જે મહત્ત્વ કે માન-સન્માનના અર્થમાં લઈ શકાય! ચોવકનો ભાવાર્થ તો વળી જુદો જ છે! ''**સોન જિત ઘડાજે**'' એટલે આપણા શરીરનું પિંડ જ્યાં બંધાય, જ્યાં આપણો જન્મ થાય એ ધરતી પર આપણા જીવનને પોષણ મળે, માન મળે, સન્માન મળે! અગ્રેસર તરીકે ગણના થાય! છેને? શબ્દાર્થની અજાયબી?

સોનાની જ વાત શરૂ કરી છે તો, તેના પ્રયોગ વાળો બીજી એક ચોવક પણ માણીએ! ચોવક છેઃ ''**સોનજી થારી મેં લો જી લી**'' પહેલો શબ્દ સમૂહ 'સોનજી થારી મેં'નો અર્થ થાય છે. સોનાની થાળીમાં. 'લો' એટલે લોખંડ અને 'લી'નો અર્થ થાય છે 'રેખા' કે લીટી કે મેખ' હવે યાદ કરો એક ગુજરાતી કહેવત! 'સોનાની થાળીમાં લોઢાંની મેખ'! એક વસ્તુ આખી ખૂબ જ સુંદર હોય પણ તેમાં કંઈક એવું હોય છે જે તેની સુંદરતામાં ડાઘ સમાન હોય! ભલે આપણે 'સોનાની થાળી'નું ઉદાહરણ જોઈએ છીએં', પદા ભાવાર્થનું ઊંડાણ સમજવાની જરૂર છે. ચોવક, માણસનાં વ્યક્તિત્વના ઓપની, તેની પ્રતિષ્ઠાની કે સમાજમાંના સન્માનનીય સ્થાનની વાત કરીને કહે છે કે, આ બધા ગુણોને લુણો લગાડે તેના અવગુણોની! જેના કારણે વ્યક્તિત્વ ઝંખવાનું હોય છે.

એક સુંદર મજાની ચોવક છેઃ '**સુડબ સૂંણાં નેં પાલર ભિનાં**'' અહીં પણ બે શબ્દના સમૂહનો એક અર્થ 'સુડબ સૂંણાં' એટલે ચઢેલાં ડાચાં વાળો - વાળી! એજ રીતે ''પાલર ભિનાં'' એટલે વરસાદનાં તાજાં પાણીમાંપલળેલો કે લી! આટલી કવાયત પછી પણ અર્થ તો એટલો જ નીકળે છે કે, કોઈનો દેખાવ બરાબર ન હોવો!

ઘણાને સામે ચાલીને આફત વહોરી લેવાની આદત હોય છે. એવા લોકો માટે કચ્છીમાં એક ચોવક પ્રચલિત છેઃ ''સુતલ કે છીર ડીંણું'' 'સુતલ' શબ્દનો અર્થ છે, સુતેલા અને 'છીર' એટલે છીર. 'ડીંણું' એટલે આપવું કે દેવું. વળી એક ગુજરાતીમાં પ્રયોજાતી કહેવત આ ચોવકનો મૂળ અર્થ સમજવા જોઈએઃ 'સૂતા સૂર જગાવવાં' કે 'સિંહની બોડમાં હાથ' નાખવો!

''**સિભાજે ઈતરો વીતરીજે**'' 'સિભાજે' એટલે સહન થાય તેટલું પણ અહીં 'પહોંચી વળવા'ના અર્થમાં તેનો ઉપયોગ થયો છે. 'ઈતરો' એટલે 'એટલું જ' 'વીતરીજે'નો અર્થ થાય છે વેતરવું! કોઈપણ આયોજન આપણે પહોંચી વળીએં કે પછી આપણી ક્ષમતા પ્રમાણે જ કરવું જોઈએ.

ઘણા લોકો, એટલે કે પુરુષો કે સ્ત્રીઓ જરા પણ શોભતાં ન હોય. પણ પાર્લર કે બ્યુટી પાર્લરમાંથી નીકળે અને પછી જરા ચિવટથી શણગાર કરે તો કાંઈક અંશે શોભે! આવા અર્થમાં એક ચોવક છે, જેમાં હકીકત પણ છે અને કોઈની મજાક-મશ્કરી કરવાની કળા પણ છે. ચોવક છેઃ ''સણગાયો બાવર પ શોભે'' અર્થ થાય છે બાળવને શણગારીએં તો એ પણ શોભી ઊઠે! 'સિણગાર્યો' અટલે શણગારેલો. 'બાવર' એટલે બાવળ. 'પ'નો અર્થ પણ અને શોભે એટલે... શોભે જ તો વળી! ■

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સફળતા મેળવવા ડગલે ને પગલે પરીક્ષા આપવી પડે...

## આકાંક્ષા-સભાનતા ને પરિશ્રમથી ગમે તેવાં કષ્ટદાયક કાર્ય પણ પાર પડી શકે છે

**સફળતાનો** આનંદ શાશ્વત રાખવા અને શક્તિઓમાં ચેતના લાવી વિકાસના માર્ગ પર પ્રવૃત્ત રાખવા જીવનમાં અડચણો અને દુઃખ હોવાં ખાસ જરૂરી છે.

આ સનાતન સત્ય છે.ઈતિહાસમાં જેટલા મહાપુરુષોનાં વર્ણન આવે છે તે બધાએ પોતાના જીવનમાં કષ્ટસાધ્ય દુઃખ,ભયાનક આફતો સહન કરેલી છે. જો ઈસુ ખ્રિસ્તના જીવનમાંથી એમનું તપ અને વધસ્થળ પર ચડવું એ બે ઘટના બાદ કરી દઈએ તો ઈશુ માત્ર એક સામાન્ય ધર્મોપદેશક જ રહી જાય. રાણા પ્રતાપ, શિવાજી, દધીચિ, હરિશ્ચંદ્ર, પ્રહ્લાદ, લેનિન, ગાંધીજી, સરદાર પટેલ, વગેરેને મહાપુરુષ બનાવવાનો યશ એમની સહનશીલતાને જ આપવો પડે.



આકાંક્ષા-સભાનતા અને પરિશ્રમથી ગમે તેવાં કષ્ટદાયક કાર્ય પણ પાર પડી શકે છે, છતાં એમ કહી ન શકાય કે આવાં કાર્ય તાત્કાલિક અથવા કોઈ જોખમ ઉઠાવ્યા વિના સફળ થઈ જાય.પરમાત્મા વારંવાર પરીક્ષા લઈ માનવીની યોગ્યતા અયોગ્યતા ચકાસતા હોય છે. શાળાઓમાં અને વિદ્યાલયોમાં ફક્ત વખતો વખત પરીક્ષાઓ લેવામાં આવતી હોય છે આ પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ વધુ ગુણાંક લાવે તે જ વિદ્યાર્થી આગળના ધોરણમાં જઈ શકે છે. એ પછી આવી અનેક પરીક્ષા પાસ કરે ત્યારે સ્નાતકની પદવી મેળવે છે.

સફળતાના સ્નાતક બનવા પણ માનવીએ કેટલાં જોખમ, દુઃખો, કષ્ટો, મુશ્કેલીઓ, પ્રતિકૂળ સંજોગો જેવી પરીક્ષાઓ આપવી પડે છે. મનવાંછિત સફળતાનો રસાસ્વાદ માણે છે. હા, આવી પરીક્ષાઓથી ગભરાઈ જાય છે, એને પાસ કરવા પ્રયત્ન નથી કરતા એ ઉન્નતિના શિખરે પહોંચી શકતા નથી, ઈચ્છિત સિદ્ધિ મેળવી શકતા નથી.

સફળતાનો માર્ગ ધીમે ધીમે તબક્કા વાર પાર કરવો પડે છે. સાઈકલ ચલાવતાં શીખનાર જાણે છે કે શીખતાં શીખતાં કેટલીયે વાર નીચે પડવું પડશે. તરવૈયા જાણે છે કે પાણીમાં પગ મૂક્યાં જ તરવૈયા બની જવાતું નથી. કોઈ વાર બીજા મુશ્કેલીઓ ઊભી કરે છે, કોઈ વાર અનાયાસે દૈવી પ્રકોપ દ્વારા મુશ્કેલીમાં મુકાવું પડે છે. કોઈક વાર માનવી પોતાની જ ભૂલનો ભોગ બને છે. પોતાની બેદરકારી કે બીજાની ભૂલના કારણે પણ નિષ્ફળ જવાય છે. પોતાની ભૂલો સુધારવા પ્રયત્ન તો થાય છે, પણ જૂના અભ્યાસના કારણે ફરી વાર તે દોષ,ભૂલો ઊભરાઈ જાય છે અને તે કર્યું કારવ્યું ધૂળમાં મેળવી દે છે.

કેટલીયે વાર પ્રયત્ન કરતા રહેવા છતાં,જ્યારે આપણા સ્વભાવ કે અનુભવને સુધારવામાં નિષ્ફળ જઈએ છીએ ત્યારે ઘણી નિરાશા વ્યાપી જાય છે અને સાવ નિરાશ થઈને પ્રયત્નો છોડી દઈએ છીએ.

આપણો સ્વભાવ સુધારવા, બદલવા પૂરી શક્તિથી પ્રયત્ન તો કરવો જોઈએ, પણ એવી આશા ન રાખવી જોઈએ કે બે-ચાર દિવસમાં જ સંપૂર્ણ સુધરી જઈશું. સ્વભાવ ધીમે ધીમે અને લાંબા ગાળે બદલાય છે.

કોઈ ખરાબ સ્વભાવ દૂર કરવા અને એકાદ સારો ગુણ ગ્રહણ કરવા માટે ઘણા સમય સુધી ધીરજ સાથે પ્રયત્ન કરવો પડે છે.. દોરડું વારંવાર પથ્થર પર ઘસાય છે અને પથ્થર જેવા કઠણ પદાર્થ પર પણ કાપા પાડી દે છે તો પછી આપણા દોષ-દુર્ગુણો આપણે બદલી ન શકીએ એ કેમ બને ?

'મારાથી રોજ ભૂલો થાય છે અને શિક્ષક રોજ મને શિક્ષા કરે છે' એવું માની કોઈ વિદ્યાર્થી ભણવાનું છોડી દેતો નથી.ભૂલો કરતાં કરતાં પણ વિદ્યાર્થી ભણવાનું સતત ચાલુ જ રાખે છે, ભૂલો સુધારે છે અને સફળતા મેળવે છે. પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીને જ્યારે એંસી ટકા ગુણ મળે છે એની સાથે અનહદ આનંદ મેળવે છે, પ્રથમ નંબર મળે છે અને બધા તેની ભરપૂર પ્રશંસા કરે છે.

બીજી તરફ, ૩૫ ટકા ગુણ મેળવનારને કે ક્યાંક ૫૦ ટકા ગુણ કે ક્યાંક ૬૦ ટકા ગુણ મેળવનારને પાસ સમજવામાં આવે છે.એને પણ શાબાશી મળે છે. નાનાં બાળકો નિષ્ફળતાથી ડરતા નથી, ના હિંમત થતાં નથી. એ અધીરાં થતાં નથી કે હાર પણ કબૂલતાં નથી. આને બદલે નાની નાની નિષ્ફળતાઓની અવગણના કરી, તેમાંથી બોધપાઠ લઈ કાર્યક્રમ ચાલુ રાખે છે અને છેવટે સફળતા મેળવે છે.

આપણે આવા વિદ્યાર્થીઓ પાસેથી શીખવું જોઈએ. ■




■ એચ. એન. ગોલીબાર

**હવે સેકન્ડની પણ વાર કરવી જીમીને પાલવે તેમ નહોતી. એ દોડ્યો. એણે પેટી ઉઠાવી અને સીડીના દરવાજા પાસે પહોંચ્યો અને દરવાજો ખોલીને એ ઝડપથી બહાર નીકળ્યો... પણ...**

જીમીએ કહેવાની શરૂઆત કરીઃ ‘તને ખબર છે મારી પાસે બે કરોડ રૂપિયા છે અને મારે સહુથી પહેલાં આ રૂપિયા શ્રીનગરની હદની બહાર લઈ જવા છે. શું તું મારી મદદ કરવા આવી છો?’

‘એવું જ સમજો જીમી!’ કજલી હસીઃ ‘કાલીમાની ઇચ્છા હતી. તમને પૈસાનો મોહ હતો - તમે પૈસાદાર બનવા માગતા હતા - તમે પૈસાદાર બની ગયા. હવે તો તમારી કોઈ ઇચ્છા બાકી રહી નથીને!’

જીમીની નજર કજલીના શરીર પર દોડવા લાગી અને એના મગજમાં ખૂબ જ ઝડપે વિચારો પણ દોડવા લાગ્યા. એ પોતે અત્યારે એક ખતરનાક જાળમાં સપડાઈ ચૂક્યો હતો. એક ચમત્કારિક જાળે એને ચારે તરફથી જકડી રાખ્યો હતો. જો એણે શાંત દિલે અને ઠંડા દિમાગથી કામ ન લીધું તો પછી કોઈ પણ હાલતે એ આ ‘અજનબીના બંગલા’માંથી બહાર નીકળી શકશે નહીં. આજની રાત જ એના માટે ખતરનાક હતી. જો એણે કજલી સાથે આજની રાત પસાર કરી લીધી તો પછી દિવસના અજવાળામાં એનું કોઈ કંઈ બગાડી નહીં....

‘શું વિચારી રહ્યા છો જીમી! આવો.... આપણે આજની રાત સાથે મળીને વિતાવીએ....’ કજલીએ પોતાની નશીલી આંખોથી જીમીને જોતાં કહ્યું.

‘સારું! તું જેમ કહીશ તેમ જ હું કરીશ.’ કહેતાં જીમીએ દીવાલને ટેકે પેટી ઊભી રાખી.

‘આજે આપણા મિલનની રાત છે એટલે....’ કહેતાં કજલી જીમી તરફ આગળ વધી અને એને ભેટી પડી. જીમીએ પણ એની કમર ફરતે હાથ વીંટાળ્યા.

એ સાથે જ બહાર આકાશમાં વીજળી કડાકા કરવા લાગી. બંધ બારીમાંથી વીજળીની ચમક વારંવાર અંદર આવીને ભાગી જતી હતી. બારી-બારણાં જોરદાર હવાને કારણે ધડાધડ અથડાઈ રહ્યાં હતાં.

જીમીને લાગ્યું જાણે કેટલીય અદૃશ્ય શક્તિઓ એનું અને કજલીનું આ મિલન જોવા માટે ચારે તરફ કમરામાં પ્રવેશવા માટે ધમપછાડા કરી રહી છે. કજલી વધુ બેચેન હતી. જીમીને એણે આગળ વધુ વિચારવા દીધો નહીં, એણે જીમી ફરતી પોતાની પક્કડ વધુ મજબૂત કરી.

હવે નીચે કમરામાંથી એવા જ ઢોલનો અવાજ આવવા લાગ્યો, જેવો અવાજ જીમીએ શ્રીનગરની દક્ષિણ પહાડીઓમાં આવેલા મંદિરમાં સાંભળ્યો હતો.

વીજળીના કડાકા-ભડાકા-પવનના સુસવાટા અને ઢોલની ધમાધમ, એક વિચિત્ર અને ડરામણું દૃશ્ય હતું છતાંય અત્યારે જીમી કજલીમાં ખોવાઈ ગયો હતો.

કજલીએ જીમીની કમર પર પોતાની પકડ મજબૂત કરતાં એની ગરદન પર હોઠ મૂકી દીધા. જીમી એક અનોખી દુનિયામાં ખોવાઈ ગયો હતો. કજલી સાથે જીમીએ આ પહેલાં પણ અનેક રાતો વિતાવી હતી, પરંતુ આજની વાત કંઈક અલગ હતી.

અચાનક જીમીને પોતાની ગરદન પર કંઈક કરડ્યું હોય એવું લાગ્યું.... શું કરડ્યું છે એ જોવા માટે એણે કજલીને પોતાનાથી જબરજસ્તી અલગ કરી અને કજલીનો ચહેરો જોતાં જ એને પોતાના હોશ-હવાશ ઊડતા લાગ્યા.

કજલીના દાંત ખૂબ જ મોટા અને તીણા થઈ ગયા હતા અને હોઠની બહાર ડોકાઈ રહ્યા હતા અને એ દાંતો પર લોહી પણ લાગેલું હતું.

જીમી ગભરાઈને કજલીના હાથમાંથી છટકવાના પ્રયાસ કરવા લાગ્યો. ત્યાં જ થોડેક દૂર ઊભેલા મુન્નાએ ત્યાંથી છલાંગ લગાવી અને જીમી પર આવી પડ્યો. નાનકડા બાળકનું વજન કેટલું હોય? પરંતુ જીમીને લાગ્યું જાણે એની કમર પર કોઈએ કંઈ-કેટલાય મણનો ભાર મૂકી દીધો છે. કજલીએ હાથ આગળ કરીને ફરી વાર જીમીના ચહેરાને પોતાના દાંત પાસે લાવવાની કોશિશ કરી, પરંતુ જીમી પણ એનાથી અલગ થવાનો ભરચક પ્રયત્ન કરી રહ્યો હતો એટલે એને જીમીના ચહેરા પર પોતાના દાંત ગાડવામાં ફાવટ આવતી નહોતી.

અચાનક જીમી તડપી ઊઠ્યો. એની કમર પર પીડા ફરી વળી. એણે એક જોરદાર ઝાટકા સાથે કજલીથી પોતાના ચહેરાને છોડાવીને પાછળ ફરીને જોયું તો મુન્નો એની કમર પર લાંબા અને તીણા દાંતથી બટકાં ભરી રહ્યો હતો.

જીમીએ ફરી કજલીની પક્કડમાંથી છટકવાની કોશિશ કરી. મુન્નો એના દાંત જીમીની કમરમાં ખૂંપાવી રહ્યો હતો અને કજલીએ પોતાના હાથથી એની કમર જકડી રાખી હતી અને એ વારંવાર જીમીની ગરદન પર એના દાંત ગાડવાની કોશિશ કરી રહી હતી.

જ્યારે જીમી પણ પોતાનું બધું જ જોર લગાવીને કજલીના દાંતથી બચવાની અને મુન્નાની પકડમાંથી છટકવાની કોશિશ કરી રહ્યો હતો.

હવે કજલી ધીમે-ધીમે કાલીમાનું રૂપ ધારણ કરી રહી હતી. કજલી કાલીમાનું રૂપ ધારણ કરીને વધુ ભયાનક બને એ પહેલાં જીમીએ પોતાના શરીરમાં જેટલું જોર હતું એ ભેગું કરીને કજલીની પકડમાંથી છટકવાની કોશિશ કરી અને એ કોશિશમાં આખરે સફળ થઈ ગયો. કજલીની પક્કડમાંથી છટકતાં જ એ દૂર ખસ્યો, પરંતુ મુન્નો હજુ પણ એની કમરને ચિપકેલો હતો. એણે પોતાના દાંત જીમીની કમરમાં ગાડી દીધા હતા અને એનું દર્દ હવે જીમી માટે અસહ્ય થઈ ગયું હતું.

જીમી પોતાની પકડમાંથી છટક્યો એ કજલીને પસંદ પડ્યું નહીં. એ વીફરેલી વાઘણની જેમ એક જ ઝાટકે પલંગ પરથી ઊભી થઈ ગઈ.

જીમી હવે પોતાનો જીવ બચાવવા માગતો હતો. પાછળ કમર પર મુન્નો વળગેલો હતો અને આગળ-સામે કજલી પોતાના અણીદાર નખવાળા હાથ જીમી તરફ આગળ વધારીને આગળ વધી રહી હતી. કજલીનો ચહેરો હવે ખૂબ જ ભયાનક થઈ ગયો હતો. એણે પોતાનું મોઢું સિંહની જેમ પહોળું કરી દીધું હતું અને એ મોઢામાંથી ભાલા જેવા અણીદાર દાંત ડોકાઈ રહ્યા હતા.

જીમીએ એક જ સેકન્ડમાં વિચાર્યું કે એણે શું કરવું જોઈએ! અને એના મગજમાં બીજી સેકન્ડે વિચાર ઝળક્યો કે એણે પેટી લઈને અહીંથી તરત જ ભાગી જવું જોઈએ. હવે જો એ થોડોક સમય પણ વધુ અહીં રહ્યો તો ભયાનક બનેલી કજલી એને મિનિટોમાં ખતમ કરી નાખશે.

‘આપણા મિલનની આજ છેલ્લી રાત છે જીમી!’ કજલીએ કહ્યું, પરંતુ દાંત બહાર આવી જવાથી એનો અવાજ ભયાનક અને ખોખરો નીકળ્યો હતો.

‘ના....ના.... મને જવા દે! હું અહીં નહીં રહું!’ જીમીએ પોતાની કમરનો ઝટકો આપતાં પીડા ભરેલા અવાજે કહ્યું. હજી પણ મુન્નો એની કમર સાથે ચિપકેલો હતો. એણે ફરી એક ઝટકો માર્યો અને મુન્નો દૂર જઈને ફંગોળાયો. એ પોતાના લોહીવાળા દાંત પર જીભ ફેરવવા લાગ્યો.

‘અહીં આવ્યા પછી કોઈ પાછું જઈ શક્યું નથી જીમી....!’ કજલીએ મક્કમ અવાજે કહ્યું.

‘પરંતુ હું જરૂર અહીંથી પાછો જઈશ, આ પહેલાં પણ તો હું અહીંથી બચીને ગયો જ છું ને!’ કમર પરના ઘા પર હાથ મૂકતાં જીમીએ કહ્યું.

‘પરંતુ હવે એવું નહીં થાય!’ કજલી ભયાનક હાસ્ય હસીઃ ‘તમારી ડાબી અને જમણી બાજુ જુઓ તો જરા....!’

અને જીમીએ પોતાની ડાબી અને જમણી બાજુ જોયું એવા જ ગભરાટથી અને નવાઈથી એના હાલ બેહાલ થઈ ગયા. રૂપા, નર્સ મેરી અને મિસ નિશા કમરાના અલગ-અલગ ખૂણામાંથી નીકળીને એની તરફ જ આવી રહી હતી. એ ત્રણેયની આંખો આગની જેમ સળગી રહી હતી, એમના દાંત પણ ધીમે-ધીમે મોટા થઈને હોઠની બહાર નીકળી રહ્યા હતા. એ ત્રણેએ જીમી તરફ પોતાના હાથ આગળ વધાર્યા. એમના હાથના નખ પણ ઘણા લાંબા અને અણીદાર થઈ ચૂક્યા હતા. એ ત્રણેય પોતાના પ્યાસા હોઠ પર લાંબી જીભો ફેરવી રહી હતી, અત્યારે એમને પ્યાસ હતી. લોહીની-જીમીના લોહીની....

જીમીએ ઝડપથી એમની તરફ નજર ફેરવીને દરવાજા પાસે એણે મૂકેલી પેટી તરફ જોયું. પેટી હજુ જેમની તેમ પડી હતી. એણે અર્ધી સેકન્ડમાં જ નિર્ણય કરી લીધો.

રૂપા, નર્સ મેરી, મિસ નિશા, મુન્નો અને કજલી જીમી તરફ પોતાના પ્યાસા હોઠ પર જીભ ફેરવતાં આગળ વધી રહ્યાં હતાં.

હવે સેકન્ડની પણ વાર કરવી જીમીને પાલવે તેમ નહોતી. એ દોડ્યો અને ચાર છલાંગમાં તો એ પેટી પાસે પહોંચી ગયો. એણે પેટી ઉઠાવી અને સીડીના દરવાજા પાસે પહોંચ્યો અને દરવાજો ખોલીને એ ઝડપથી બહાર નીકળ્યો....

પણ....

કમરાનો દરવાજો તો હતો, પરંતુ દરવાજા સાથે લાગેલી સીડી, કે જેની પર ચઢીને જીમી ઉપર આવ્યો હતો એ અત્યારે ત્યાં નહોતી અને ઝડપથી બહાર નીકળેલા જીમીના પગ સીડીનાં પગથિયાં પર પડવાને બદલે હવામાં લહેરાયા અને એ કંઈ સમજે કે પોતાની જાતને સંભાળે એ પહેલાં તો એ ઝડપથી નીચેની તરફ લગભગ એક હજાર ફૂટની ખાઈમાં ગબડી પડ્યો.

વીજળી એક વાર ફરી ગર્જી ત્યારે ભયથી બંધ આંખોએ એટલું જ જોઈ શક્યો કે એ હવામાં ટકરાતો હજાર ફૂટની ઊંચાઈએથી નીચે પડી રહ્યો છે. પેટી એના હાથમાંથી ક્યારનીય છૂટી ગઈ હતી અને હવાના દબાણને કારણે પેટી એની મેળે જ ખૂલી ગઈ હતી અને એમાં ભરાયેલી બે કરોડ રૂપિયાની નોટો હવામાં આમ-તેમ ઊડી રહી હતી.

અને એની આંખો વધુ કંઈ વિચારે એ પહેલાં જ એ છેક નીચે પહોંચી ગયો અને નીચે પથરાવાળી જમીન સાથે પછડાયો એ સાથે જ એની છેલ્લી મરણતોલ ચીસ નીકળી અને બે સેકન્ડ માટે તરફડીને જીમી શાંત થઈ ગયો. જીમી ખતમ થઈ ગયો.... હંમેશ માટે....

સવાર પડી ત્યારે ઇન્સ્પેક્ટર ખાન જીમીને શોધતાં-શોધતાં ત્યાં આવી પહોંચ્યા હતા.

પરંતુ ઇન્સ્પેક્ટર ખાનને ન તો કોઈ ટૅક્સી મળી હતી કે ન તો કોઈ બંગલો દેખાયો હતો, કે પછી ન તો કજલી કે પછી બીજું કોઈ જોવા મળ્યું હતું.

હા! જીમીની લાશ જરૂર મળી હતી. જેની ચારે તરફ સો-સોની નોટોની સાઈઝના સફેદ કાગળો વિખરાયેલા પડ્યા હતા. ચારે તરફ બસ કાગળિયા જ - કાગળિયા વિખરાયેલા પડ્યા હતા.

અને એ વિખરાયેલા કાગળિયાઓ જાણે જીમીની લાશ પર ખડખડાટ હસી રહ્યા હોય અને ઈન્સ્પેક્ટર ખાનની લાચારી પર જોરજોરથી તાળી વગાડી રહ્યા હોય એવું લાગતું હતું.


**(સમાપ્ત)■**

## એચ.એન. ગોલીબાર

### એક અચ્છા આદમી ને કુશળ સર્જકને અલવિદા...

કોઈ પણ ધારાવાહિક પૂર્ણ થાય પછી સામાન્ય રીતે વાચકોને ઉદ્દેશીને લેખક પોતાની સર્જનકથા વિશે વાત કરે અને વાચકોનો આભાર માને, પણ ...

- પણ ‘મુંબઈ સમાચાર’માં હમણાં ધારાવાહિકરૂપે પ્રગટ થઈ રહેલી નવલકથા ‘તૃપ્ત-અતૃપ્ત’ હજુ એની પરાકાષ્ઠાએ પહોંચી ‘સમાપ્ત’ થાય એ પહેલાં જ જાણીતા લેખક એચ.એન. ગોલીબારસાહેબે એમનાં જીવનની બાજી ઓચિંતા સમેટી લીધી...



ગત ગુરુવારે ૧૯ ડિસેમ્બરની સવારે પ્રકરણઃ ૨૬ જે સવારે પ્રગટ થયું એ સાંજે જ બ્રેન હેમરેજને લીધે એમનો અમદાવાદમાં ઈન્તેકાલ થઈ ગયો...

‘ચંદન’ના તંત્રી -માલિક એવા ગોલીબાર એટલે કે ભોલાભાઈની ૨૦૦થી વધુ નવલકથા પ્રગટ થઈ છે,જેમાંથી અડધોઅડધ નોવેલ હોરર - થ્રિલર છે. અંગત રીતે ,પોતે ભૂત- પ્રેત-ડાકણ જેવી વાતોમાં માનતા નહીં,પણ આ દિશામાં એમણે ઊંડો અભ્યાસ કરીને આવી કથાઓ આલેખી છે. હોરર -થ્રિલર કથા પર એમની જબરી પક્કડ રહેતી એથી વાચકોમાં એ ભારે લોકપ્રિય નીવડી છે.

અત્યાર સુધીમાં ‘મુંબઈ સમાચાર’માં એમની ચાર નવલ કથા પ્રગટ થઈ ચૂકી છે,જેને જબરો પ્રતિસાદ મળ્યો હતો અને આ પાંચમી ધારાવાહિક ‘તૃપ્ત-અતૃપ્ત’ના પ્રકરણઃ૩૧ સાથે આજે એ ‘સમાપ્ત’ થઈ રહી છે ત્યારે અફસોસ થાય છે કે આપણે એક સહૃદયી ઈન્સાન અને એક કુશળ લેખક હંમેશને માટે ગુમાવ્યા છે.

**ટૂંક સમયમાં એક નવી ધારાવાહિક.... વધુ વિગત હવે !**

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Avail | બદલો લેવો |
| Avenge | હિમપ્રપાત |
| Averse | ટાળવું |
| Avert | ઉપયોગી |
| Avalanche | પ્રતિકૂળ |

### ઓળખાણ પડી?



ભારતનું કયું શહેર ‘સિટી ઓફ ઓરેન્જ’ તેમજ ‘વાઘના શહેર’ તરીકે પ્રચલિત છે એ જાણો છો? રાજકીય દૃષ્ટિએ પણ શહેર ઘણું મહત્ત્વ ધરાવે છે.

અ) દિલ્હી બ) ચંદીગઢ ક) નાગપુર ડ) પટના

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જા | હે | ૨ રા | ત | | ૩ ચ | થા | ૪ વ | ત | |
| કા | | મ | | ૫ પ | ક્ષ | | મ | | ૬ ના |
| ૭ રો | ૮ કા | ણ | | ડ | | ૯ બ | ળ | ૧૦ ત | રા |
| | જ | | ૧૧ ન | કા | ૧૨ બ | | | ૧૩ ર | જ |
| ૧૪ ગ | લ | ૧૫ ત | | ૧૬ ર | દ | ૧૭ બા | ત | લ | |
| ણ | | ૧૮ ડ | ખો | | ૧૯ લો | કો | | ૨૦ તા | ૨૧ બે |
| ૨૨ ત | કા | જો | | ૨૩ ટૂં | | ૨૪ રુ | ૨૫ પ | | રો |
| રી | | ૨૬ ડ | ૨૭ ર | પો | ૨૮ ક | | ૨૯ ર | મૂ | જ |
| | ૩૦ લા | | ખા | | ૩૧ સ | ૩૨ ત | હ | | ગા |
| ૩૩ લ | લ | ચા | વ | વું | ૩૪ પ | રિ | વા | | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| | | ૭ | | | | | ૮ | ૯ | |
| | | | | | ૧૦ | ૧૧ | | ૧૨ | |
| | ૧૩ | | ૧૪ | | | ૧૫ | ૧૬ | | |
| ૧૭ | | | ૧૮ | | | | ૧૯ | | |
| | | ૨૦ | | | | ૨૧ | | | |
| ૨૨ | | | | ૨૩ | | | | | ૨૪ |
| | | ૨૫ | ૨૬ | | | ૨૭ | | | |
| | ૨૮ | | | | ૨૯ | | ૩૦ | | |
| ૩૧ | | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. પ્રત્યુત્તર, પ્રતિભાવ (૪)
૪. ગીત ગાવાની ઢબ (૩)
૭. કાપી નાખે એવું (૪)
૮. કાજુકતરી પર --- લગાવે (૩)
૧૦. સીમાડો, પાદર (૨)
૧૨. પારધી---બિછાવે (૩)
૧૩. કપડાં વણનાર (૪)
૧૫. હુતૂતૂ, --- રમતની ઋતુ (૨)
૧૭. શરીર (૨)
૧૮. દુખાવાનો ઝટકો (૩)
૧૯. ---બજાર એટલે નવરા લોકોનો અડ્ડો (૩)
૨૦. ફોઇએ પાડ્યાં--- (૨)
૨૧. આંમળો (૨)
૨૨. શરીરનો વાયુ બહાર નીકળવો તે (૩)
૨૩. ધંધામાં નાણાંની --- થાય (૬)
૨૫. ચોળી, કંચુકી, (૩)
૨૭. મેંદી તે--- માળવે (૨)
૨૯. કોને કોનાં -- સાન વરસાદ ભીંજવે (૨)
૩૦. વિષય વાસના (૨)
૩૧. સમગ્ર, બધું જ (૫)
૩૨. શરમાઇ જતો છોડ (૪)

**ઊભી ચાવી**

૧. ખૂબ બધી, મોટી, મહાકાય (૩)
૨. સામાન્ય (૪)
૩. ભાવ (૨)
૪. પ્યાસી (૩)
૫. બિયર એટલે --- નું પાણી (૨)
૬. કામમાં---કોઇને ન ગમે (૫)
૯. પરવાનગી (૨)
૧૧. જલસા (૨)
૧૩. જંગલ (૨)
૧૪. સોગંદ (૩)
૧૬. ગુજરાતની પ્રસિદ્ધ મહારાણી (૫)
૧૭. ફરીફરીને (૪)
૨૦. તખ્તા પર ભજવાતી વાર્તા (૩)
૨૧. સમુદ્રમાં રહેલો અગ્નિ (૫)
૨૩. લેખકો છાપામાં --- લખે (૨)
૨૪. ભય પમાડે એવી (૪)
૨૬. હાર આપવી તે (૩)
૨૮. મહાત્મા ગાંધી દેશના --- હતા (૨)
૩૦. કાર્ય (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘વાતે રીઝે વાણિયો, રાગે રીઝે રજપૂત’ પંક્તિમાં રીઝે શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) રજૂઆત બ) રેસા ક) આનંદ ડ) ભાવ

### ગુજરાત મોરી મોરી રે

લગ્ન વિધિ દરમિયાન ગોરના વચનની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ગોરનું વરો ભરો કન્યા વર તરભાણું વરો

### માતૃભાષાની મહેક

મન ભાંગી જવું એટલે નિરાશ થઈ જવું, નાસીપાસ થઈ જવું. મન મનાવવું એટલે અંતઃકરણ કબૂલ કરે તેમ કરવું તેમજ સંતોષ કરાવવો, રાજી કરવું. મન માનવું એટલે અનુરાગ થવો; પ્રેમ થવો. અમુક બાબત મનમાં ઊતરવી, કબૂલ કરવું. ખાતરી થવી કે નિશ્ચય થવો; પ્રતીતિ થવી; અંતઃકરણ માનવું.

### ઈર્શાદ

આમ જો કહેવા હું બેસું તો યુગો વીતી જશે;
આમ જો તું સાંભળે તો એક ક્ષણની વાત છે.

-- ભગવતીકુમાર શર્મા

### સુડોકુ-૭૦૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૪ | ૫ | | ૭ |
| ૬ | | ૪ | | | ૯ | ૩ | | ૧ |
| | | | ૨ | ૫ | ૧ | | | ૬ |
| | | ૮ | | ૧ | | | | ૪ |
| | | | | | | | | |
| ૫ | | | | ૨ | | ૬ | | |
| ૭ | | | ૯ | ૬ | ૫ | | | |
| ૯ | | ૨ | ૧ | | | ૭ | | ૮ |
| ૧ | | ૫ | ૭ | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૧ | ૭ | ૪ | ૮ |
| ૪ | ૧ | ૮ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૭ | ૬ | ૨ | ૪ | ૮ | ૫ | ૯ | ૩ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૯ | ૬ | ૭ | ૨ | ૮ | ૩ |
| ૯ | ૨ | ૩ | ૧ | ૪ | ૮ | ૬ | ૫ | ૭ |
| ૬ | ૮ | ૭ | ૫ | ૩ | ૨ | ૪ | ૧ | ૯ |
| ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ | ૧ | ૨ | ૬ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૭ | ૪ |
| ૨ | ૩ | ૬ | ૭ | ૧ | ૪ | ૮ | ૯ | ૫ |

### માઈન્ડ ગેમ

એક ફર્લાંગમાં ૨૨૦ યાર્ડ હોય અને એક યાર્ડ એટલે ૩ ફૂટનું અંતર થાય તો ૪ ફર્લાંગમાં કેટલા ફૂટનું અંતર થાય એ ગણતરી કરી જણાવો.

અ) ૧૯૮૮ બ) ૨૦૭૫ ક) ૨૪૫૫ ડ) ૨૬૪૦

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Den | બોડ |
| Dent | ગોબો |
| Dean | ઉપરી |
| Dare | હિંમત |
| Drag | ઘસડાવું |

માઈન્ડ ગેમ
૩૬

ઓળખાણ પડી?
થ્રિસુર

ગુજરાત મોરી મોરી રે
ગોળ વિના મોળો કંસાર, માત વિના સૂનો સંસાર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પવન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) લજિતા ખોના (૧૭) મહેશ દોશી (૧૮) પ્રવીણ વોરા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અશોક સંઘવી (૨૭) હર્ષા મહેતા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) અરવિંદ કામદાર (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભાવના કર્વે (૩૩) કલ્પના આશર (૩૪) અંજુ ટોલિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જગદીશ ઠક્કર (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) દિલીપ પરીખ (૪૧) કિશોર બી. સંઘરાજકા (૪૨) શિલ્પા શ્રોફ (૪૩) નીતિન બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) પુષ્પા ખોના (૪૬) નંદકિશોર સંજાણવાળા (૪૭) વિમા સંપટ (૪૮) વિજય આસર (૪૯) પુષ્પા ખોના (૫૦) મહેશ સંઘવી











# મુંબઈ સમાચાર આયોજિત ખેલમહોત્સવમાં ઉમળકો, ઉત્સાહ અને ઉમંગનો ત્રિવેણી સંગમ

## સ્પર્ધકોએ વિજેતા બનવા માટે ભારે તૈયારી કરતાં તમામ મેચોમાં જોવા મળી રસાકસી

મુંબઈમાં વસતા ગુજરાતીઓ માટે 'મુંબઈ સમાચાર' દ્વારા આયોજિત ખેલ મહોત્સવ-૨૦૨૪ બેનર હેઠળ ફરી એક વાર ૧૪મી ડિસેમ્બરથી ભવ્ય રમતોત્સવની શરૂઆત કરાયા બાદ બીજા સપ્તાહે ૨૧મી ડિસેમ્બરે પહેલો રાઉન્ડ જોલી જિમખાના ખાતે રમાયો હતો અને તેની પૂર્ણાહુતિ પણ જોલી જિમખાના ખાતે રવિવાર, ૨૨મી ડિસેમ્બરે થઇ હતી. કાંદિવલી રિક્રિએશન ક્લબ, માટુંગા ગુજરાતી ક્લબ, નોર્થ ઈન્ડિયા એસોસિયેશન, ગરવારે ક્લબ અને ઘાટકોપર જોલી જિમખાનાના સથવારે યોજાયેલી આ સ્પર્ધામાં મુંબઈના ખૂણેખાંચરેથી રમતવીરો અહીં રમવા માટે આવ્યા હતા અને ફાઈનલમાં તો જાણે મેળો જામ્યો હતો.

ખેલ મહોત્સવના પ્રાયોજકો પ્રકાશ કામદાર એસ્ટેટ કન્સલ્ટન્સીના પ્રકાશ કામદાર, અલગ ગ્રુપ અને સહપ્રાયોજક મેજિક આર્ટ કલર (પ્રાઉડલી ઈન્ડિયા) તેમ જ ગિફ્ટિંગ પાર્ટનર તરીકે ગ્લોબલ નેટવર્કિંગ (બાર્ટર કંપની), સોની પ્લાસ્ટિક્સ અને ટોસા હતા. અલગ ગ્રુપના જિજ્ઞેશ ખિલાણી તેમ જ મેજિક આર્ટ કલર (પ્રાઉડલી ઈન્ડિયા)ના અનિલ પટેલ સદેહે હાજર નહોતા પણ તેમણે 'મુંબઈ સમાચાર' દ્વારા આયોજિત ખેલમહોત્સવના તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

૨૧મી ડિસેમ્બરે જોલી જિમખાના ખાતે પહેલો રાઉન્ડમાં વિજેતાઓને બીજે દિવસે ફાઈનલમાં રમવાની ખુશી હતી જ્યારે પરાજય થયેલા સ્પર્ધકોને આશ્વાસન ઈનામ મળવાને કારણે તેઓના ચહેરા પર હાસ્યની લહેર છવાઈ હતી. શનિવારે ખેલ મહોત્સવમાં વિજયી થયેલા સ્પર્ધકોને બીજે દિવસે ફરી એક વાર પડકારરૂપ ખેલૈયાઓ સાથે રમવાનું હોવાથી તેઓ પૂરેપૂરી તૈયારી કરીને આવ્યા હતા. બેડમિંટન (સિંગલ્સ, ડબલ્સ), ટેબલ ટેનિસ (સિંગલ્સ, ડબલ્સ), કેરમ (સિંગલ, ડબલ્સ) તેમ જ ચેસ રમવા આવેલા તમામ સ્પર્ધકોમાં એક અનેરો જુસ્સો જોવા મળ્યો હતો. આને કારણે જ સ્પર્ધા સ્પર્ધાત્મક બની હતી. આખરે બપોરી ત્રણ વાગ્યાની આસપાસ તમામ રમતોમાંથી કુલ ૧૩૮ વિજેતાઓને આકર્ષક ગિફ્ટ આપવામાં આવી હતી.

ફાઈનલ રાઉન્ડમાં વિજેતાઓને ટ્રોફી તેમ જ ગિફ્ટ આપવામાં આવ્યાં હતાં. ઈનામવિતરણ સમારોહ ઘાટકોપર જોલી જિમખાનાના ટર્ફ ખાતે આયોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત 'મુંબઈ સમાચાર'ના પ્રતિનિધિ જયદીપ ગણાત્રાએ સ્વાગત પ્રવચનથી કરી હતી.

ઘાટકોપર જોલી જિમખાનાના ચેરમેન રજનીભાઈ શાહ અને કારોબારીના સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ખેલ મહોત્સવના મુખ્ય પ્રાયોજકોમાંના એક પ્રકાશ કામદારને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રકાશ કામદારે શાયરાના અંદાજથી પોતાનું વક્તવ્ય ખૂબ જ સરસ રીતે કરીને તમામ વિજેતાઓને અભિનંદન આપ્યાં હતાં અને મુંબઈ સમાચારને પણ સુંદર આયોજન કરવા બદલ અભિનંદન આપ્યાં હતાં. બળવંતભાઈ સંઘરાજકા, નિશિથભાઈ ગોળવાલા, નલીન મહેતા અને ચેરમેન રજનીભાઈ શાહે પણ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને બિરદાવ્યા હતા. રજનીભાઈ શાહે કહ્યું હતું કે હારવું કે જીતવું પછીની વાત છે, સૌપ્રથમ સ્પર્ધામાં ભાગ લેવો એ જ મોટી વાત છે. 'મુંબઈ સમાચાર' દ્વારા આયોજિત ખેલ મહોત્સવને બિરદાવ્યું હતું અને ભવિષ્યમાં આવા કોઇ પણ કાર્યક્રમ માટે જોલી જિમખાનાની જરૂર જણાય તો તેઓ તત્પર છે.

મુંબઈ સમાચાર છેલ્લાં અનેક વર્ષથી રોમેરોમ ગુજરાતી અભિયાન હેઠળ ગુજરાતી ભાષાની અસ્મિતાને ધબકતી રાખવાનું અને ગુજરાતીઓને એક છત્ર નીચે લાવવાનું કાર્ય કરી રહ્યું છે. વાચકોને લાભદાયી નીવડે એ માટે આ અભિયાન હેઠળ ડિસ્કાઉન્ટેડ રેટમાં પુસ્તકમેળાનું આયોજન હોય કે પછી નવરાત્રિ પહેલાં ગરબા વર્કશોપ (જાણીતા કોરિયોગ્રાફરો દ્વારા શિખવાડવામાં આવતી ગરબાની નવી પદ્ધતિ) અને નવરાત્રિમાં શહેરનાં તમામ સેન્ટરોમાંથી ટોચના દરજ્જાના જજની નિમણૂક કરીને ફાઈનલનો રાઉન્ડ રમાડ્યા બાદ તેઓને ગિફ્ટ અને ટ્રોફી આપવાનું હોય કે પછી એક્ટિંગ કરવાનો જેને શોખ હોય તેઓ માટે નાટ્યશિબિર (પ્રખ્યાત કલાકારો દ્વારા શિખવાડવામાં આવતા એક્ટિંગ ક્લાસ)નું આયોજન કે પછી રંગોળી સ્પર્ધા હોય 'મુંબઈ સમાચારે હંમેશાં ઉત્તમ દરજ્જાનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

જોકે આવા કાર્યક્રમ કરવા પાછળ ઘણી જહેમત અને નાણાં ખર્ચવાં પડતાં હોય છે, પણ મુંબઈ સમાચારે અત્યાર સુધી એક પણ ઈવેન્ટમાં કોઇની પાસે પણ એક પણ પૈસો લીધો નથી. જોકે આમાં અનેક સંસ્થાઓનો સાથસહકાર પણ સાંપડ્યો છે. 'મુંબઈ સમાચાર' દ્વારા આવાં આયોજનો ક્યારે પણ બંધ ન થાય એવી વિનંતી કરી હતી ખેલ મહોત્સવમાં ભાગ લેવા આવેલા સ્પર્ધકોની. ■

## ખેલ મહોત્સવ ઈવેન્ટમાં જેનો સહકાર સાંપડ્યો એ રવિ દોશી અને ટીમનો આભાર





(તસવીરઃ અમય ખરાડે)

### વિશેષ આભાર...

ઘાટકોપ જોલી જિમખાનાના મેનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, ચેરમેન રજનીભાઈ શાહ, ટ્રસ્ટી-સેક્રેટરી મુકેશ બદાણી, ટ્રસ્ટી-ટ્રેઝરર બળવંતભાઈ સંઘરાજકા, મેનેજિંગ કમિટી મેમ્બર નલીન મહેતા, કમિટી મેમ્બર નિશિથ ગોળવાલા અને તમામ કારોબારી સમિતિના સભ્યો અને સ્ટાફનો.

### દક્ષિણ મુંબઈથી રમવા આવી



અમે આ ટૂર્નામેન્ટ માટે ખાસ નેપિયન સી રોડથી ભાગ લેવા આવ્યા હતા. મેં બેડમિન્ટનમાં ભાગ લીધો હતો અને ત્યાં ઘાટકોપર, કાંદિવલીથી પણ આવેલા સ્પર્ધક હતા. તો આવી અલગ અલગ જગ્યાથી આવેલા સ્પર્ધકો સાથે રમવાનો લ્હાવો પણ મળ્યો. થેન્ક્સ ટૂ મુંબઈ સમાચાર

- કિમાયરા શાહ


### વેલ ઓર્ગેનાઈઝ્ડ



ખેલ મહોત્સવ વેલ ઓર્ગેનાઈઝ હતો. ખાસ કરીને બાળકો માટે આવા પ્રકારના કાર્યક્રમ થવાથી તેમને એક સારો એક્સપોઝર મળે છે. એક ફેર ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જુદા જુદા જિમખાના અને ક્લબના પ્લેયર સામે રમવાનો અનુભવ સારો રહ્યો.

- દિયા ભંડારી

### વધુ લોકો પ્રેરિત થવા જોઇએ



કેરમમાં હું એમ.ટી.એન.એલ.માંથી પી.એસ.યુ સેક્ટરથી નેશનલ લેવલમાં રમ્યો છું અને ખેલ મહોત્સવમાં માટુંગામાં રમીને પછી ઘાટકોપરમાં ફાઇનલ મેં જીતી છે. મારો એક્સપિરિયન્સ ખૂબ જ સારો રહ્યો હતો. કેરમમાં હજી ઘણા લોકો એટલા રમતા નથી. તમારા જેવા લોકોએ આને હજુ રમતગમત માટે લોકોને પ્રેરિત કરવા જોઈએ અને બને તેટલા વધુ લોકોએ આમાં ભાગ લેવો જોઈએ.

- કિશોર પટેલ

### ઉત્સાહમાં વધારો થયો



આવા કાર્યક્રમનો લ્હાવો એક હાઉસ વાઈફ હોય એને પણ મળે છે કે રમતગમતમાં ભાગ લઇ શકે. જ્યારે પણ કોઈ રમતગમતના કાર્યક્રમો થાય છે ત્યાં વધારે પડતા પુરુષો ભાગ લેતા હોય છે અને આવી ટૂર્નામેન્ટને કારણે અમારો ઉત્સાહ પણ વધે છે અને જાણવા અને શીખવા પણ મળે છે.

- વૈશાલી ઠક્કર

### આવી ટૂર્નામેન્ટ થતી રહે



હું સ્કૂલ ટુર્નામેન્ટમાં પણ ભાગ લઉં છું. છેલ્લાં ચાર વર્ષથી ચેસ રમું છું. ખેલમહોત્સવમાં મેં કાંદિવલીથી પાર્ટિસિપેટ કર્યું હતું અને ક્વોલિફાઈ થઈને હું ઘાટકોપર રમવા આવી હતી. મને ખૂબ મજા આવી અને આવી મુંબઈ સમાચાર ફરી કોઈ ટૂર્નામેન્ટ કરશે તો હું જરૂર ભાગ લઇશ.

- જિયા સંપટ

### પ્રતિયોગિતા વધુ દિવસની રાખો



ખૂબ જ સારી ફેસિલિટી હતી. હું માટુંગાથી ગુજરાતી ક્લબમાં રમીને ફાઇનલ રાઉન્ડ માટે જોલી જિમખાના રમવા આવ્યો હતો.હું સ્ટેટ લેવલ ઉપર રમું છું અને એ હિસાબે મારો અનુભવ બહુ સારો રહ્યો. મુંબઈ સમાચારે બે-ત્રણ દિવસની પ્રતિયોગિતા રાખવી જોઈએ જેથી લોકો બીજી પણ રમતમાં ભાગ લઇ શકે. એક દિવસની પ્રતિયોગિતામાં આપણે બીજી ગેમોમાં કોન્સનસ્ટ્રેટ ના કરી શકીયે માટે અલગ અલગ દિવસે કોમ્પિટિશન હોય તો બીજી ગેમોમાં પણ ભાગ લઇ શકાય.

-ધવલ રુખાના

### ફૂટબોલ જેવી ગેમ પણ રમાડો



વાત મુંબઈ સમાચાર દ્વારા આયોજિત સ્પર્ધાની છે તો એકદમ વેલ મેનેજ અને પરફેક્ટ મેનેજમેન્ટ હતું. ગેમમાં જે આરબીટ્રેંટર્સ હતા. મુંબઈ સમાચારે ખૂબ સારું આયોજન કર્યું હતું. ક્રિકેટ કે ફૂટબોલ છે એવી ગેમો પણ રમાડો તો એ વધું સારું રહેશે.

- અક્ષત દવે

### લેડીઝ ટૂર્નામેન્ટનું આયોજન કરો



છ વર્ષ પછી મેં કોઈ સ્પોર્ટ્સમાં ભાગ લીધો હતો અને હું ઘાટકોપર જોલી જિમખાનામાં ફાઇનલમાં રમવા આવી હતી. મારું માનવું છે કે સ્પોર્ટ્સમાં લોકોએ ભાગ લેવો જ જોઈએ. મુંબઈ સમાચારે લેડિસ ક્રિકેટ પણ ઓર્ગેનાઈઝ કરવી જોઇએ.

- મેઘલ ફુરિયા

### પ્રોફેશનલ પ્લેયર સાથે રમવા મળ્યું



હું બેઝિકલી હું કાંદિવલીથી બેડમિન્ટનમાં ક્વોલિફાઇ થઈને જોલી જિમખાનામાં આવ્યો હતો પણ આવું સારું શીખવા મળે તો ઘાટકોપર પણ આવીને રમવામાં કોઈ વાંધો ન આવે. આમ તમે પૂછો તો ઘાટકોપરમાં જે લેવલના પ્લેયર રમવામાં હતા. તે જોઈને એમ લાગતું હતું કે પ્રોફેશનલ પ્લેયર છે. અમુક તો સ્ટેટ લેવલ ઉપર પણ રમેલા હતા. ઘાટકોપરમાં ગેમ એક અલગ જ લેવલની હતી અને એકદમ અનુકૂળ વાતાવરણ હતું. હું આ પ્રતિયોગિતામાં થર્ડ આવ્યો છું અને બીજી વાત મુંબઈ સમાચાર ક્યારે પ્રતિયોગિતા રાખે તેની રાહ જોઉ છું.

-મોક્ષેશ દોશી

### સુંદર આયોજન હતું



બહુ સારો એક્સપિરિયન્સ રહ્યો. કેરમ અને ક્રિકેટ મારી ફેવરિટ ગેમ છે. જે હું રેગ્યુલર રમું છું. એવામાં ઘાટકોપર અને માટુંગાના પ્લેયરો સાથે રમીને એક સારો અનુભવ મળ્યો. મુંબઈ સમાચારે સારું આયોજન કર્યું હતું. આવા રમતગમતના આયોજન થવા જોઈએ.

- પાર્થ નંદુ

### મોરનાં ઈંડાંને ચીતરવા ન પડે

આજકાલના નવયુવાનો જ્યારે મોબાઈલ અને નેટ સર્ફિંગમાંથી ઊંચા નથી આવતા ત્યારે ત્વિષા સંઘવી આ યુવાનિયાઓ માટે એક લેસન છે. ૧૯ વર્ષની ત્વિષા લોનું ભણી રહી છે અને સાથે સાથે ખૂબ જ સુંદર પેઈન્ટિંગ્સ કરે છે. ૨૧મી ડિસેમ્બરે જોલી જિમખાનામાં ડ્રોઈંગમાં ભાગ ન લઇ શકેલી ત્વિષા રવિવારે પોતાના ઘરેથી પેઈન્ટિંગ્સ બનાવીને લઇ આવી હતી. આફરીન પોકારી જવાય એવું સુંદર ચિત્ર બનાવ્યું હતું ત્વિષાએ. તેમનાં મમ્મી વૈશાલી અને પિતા પણ પ્રોફેશનલી વકીલ છે, તેમ જ બંનેને પેઈન્ટિંગ્સમાં ઘણી રુચિ છે. મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે, ત્વિષાને તેના વારસામાંથી જ આ શીખવા મળ્યું છે.



# ખેલ મહોત્સવ



## શો મસ્ટ ગો ઓન



'મુંબઈ સમાચાર' આયોજિત ખેલ મહોત્સવમાં કેરમ સ્પર્ધાને મેનેજ કરનારા પ્રણેશ પવારનું ૧૪મી ડિસેમ્બરના રોજ ખેલ મહોત્સવના પહેલા જ દિવસે અવસાન થયું હતું. હોસ્પિટલના બિછાને પણ તેમને મુંબઈ સમાચારની ઈવેન્ટની ચિંતા સતાવી રહી હતી, એટલી એમની સમર્પણ ભાવના. જોકે તેમણે મુંબઈ સમાચારને આપેલા કમિટમેન્ટને પૂરાં કરવા માટે દીકરા યશ પવારે આગળ પડતી ભૂમિકા ભજવી હતી. પિતાનું અવસાન થયું હોવા છતાં યશે તેમના પિતાએ કરેલા વાયદાને પૂરા કરવામાં કોઇ કસર નહોતી રાખી. ગમે ત્યારે, ગમે તે ઘડીએ, અને ગમે તે પરિસ્થિતિ આવે પણ શો મસ્ટ ગો ઓન.

## વિવિધ સ્પોર્ટ્સમાં વિવિધ કેટેગરીમાં વિજેતા થયેલાઓનાં નામ

### ★ બેડમિંટન સિંગલ્સ (અંડર ૧૩-બોય્ઝ)

પ્રથમ ઈનામ દૈવિક શાહ, બીજું ઈનામ આહાન વેદ અને ત્રીજું પરમ શાહને ફાળે ગયું હતું. એવી જ રીતે ગર્લ્સમાં સમીક્ષા, પહલ ખાંડેલવાલ અને આરવી કાગથરા. અંડર-૧૫ બોય્ઝમાં પ્રિયમ સોલંકી, આદિત્ય વાસકે અને જશ મહેતા. ગર્લ્સમાં દિવ્યા ભંડારી, કિમાયરા વી. અને ફિયોના શાહ. ૧૬-૪૦ મેલ્સ મીત ગાલા, દેવલ માલદે, અને મોક્ષ દોશી. ફિમેલ્સમાં હેતલ કામદાર અને પૂનમ વીસરિયાને. ૧૬-૪૦ મેલ્સ ડબલ્સમાં મીતા ગાલા-દેલ માલદે, સંદીપ લાલ-આર્ય કાણકિયા અને આદિત્ય વાસકે-પ્રિયમ સોલંકી. ફિમેલ્સ ડબલ્સમાં દિવ્યા ભંડારી-કિમાયરા વી., ફિયોના એસ.-સમીક્ષા અને તાન્યા બી.-આરવી કે. ૪૦ પ્લ મેલ્સ-ડબલ્સમાં અમરીશ વેદ-રિશી બંસલ અને જિજ્ઞેશ શાહ-સતીશ કાગથરા અને ૪૦ પ્લસ ફિમેલ્સ-ડબલ્સમાં કલ્પના-ભૈરવી અને વનીતા ગાલ-દીપ્તિ વોરા.

### ★ ચેસ (અંડર-૧૦ બોય્ઝ)

પ્રથમ ઈનામ મેદાંશ વોરા, પર્વ માણેક અને મિતાંશ વોરા. ગર્લ્સમાં આશની છેડા, યાશી દોશી અને દિવિશા પરમાર. અંડર-૧૨ બોય્ઝમાં દેવાંશ લાખાણી, ધ્યાન દમણિયા અને સમકિત સંઘવી. ગર્લ્સમાં સ્વરા દોશી, ક્રિષ્ના વસાણી અને કાવ્યા વસાણી. અંડર-૧૪ બોય્ઝમાં આર્યન નિલય મોતા, હીત જિજ્ઞેશ સંપટ અને કહાન વિરલ વોરા. ગર્લ્સમાં ખેલ માલદે અને ટિયારા કોટક. અંડર-૧૬ બોય્ઝમાં પ્રણવ શાહ અને ધૈર્ય શાહ. (નોંધ અંડર ૧૬ ગર્લ્સમાં કોઇ સ્પર્ધક નહોતાં.) ૧૬-૪૦ મેલ્સમાં વર્ષિલ નંદુ, ભાર્ગવ ઠક્કર અને અક્ષત દવે. ફિમેલમાં ગુંજ પેટહાડ. ૪૦ પ્લસ મેલમાં પાર્થ ગાંધી, ભાવેશ સંપટ અને ચેતન પાબારી. ફિમેલ્સમાં વનીતા ગડા, દીપ્તિ વોરા અને કૃપા દેસાઈ.

### ★ કેરમ (અંડર-૧૬ બોય્ઝ)

પાર્થ નંદુ, કહાન વોરા, વિહાન કામદાર. (નોંધ અંડર ૧૬ બોય્ઝમાં કોઇ સ્પર્ધક નહોતા.) ૧૬-૪૦ મેલ્સમાં પ્રણવ કાણકિયા, આશિષ સોઢા અને દર્શિત શાહ. ફિમેલ્સમાં ગુંજ પેટહાડ, તેજલ ગજરા અને સોનાલી પટેલ. ૪૦ મેલ્સમાં કિશોર પટેલ, ભાવેશ સંપટ અને નીતિન ઠક્કર. ફિમેલ્સમાં સૌમ્યા ખાનદાર, આશા ગડા અને વૈશાલી ઠક્કર.

### ★ ટેબલ ટેનિસ (૧૬-૪૦ મેલ્સ)

પ્રથમ ઈનામ ધવલ રુખાના અને બીજું ઈનામ અમિત પંડ્યા. ફિમેલ્સમાં મેઘલ ફુરિયા અને તનિશા કટારિયા. ૪૦ પ્લસ મેલ્સમાં અમિત મોદી, જયેશ પરમાર અને મથુરાદાસ ભાનુશાલી. ફિમેલ્સમાં અમિતા કારિયા, દીપ્તિ સંઘવી અને કલ્પના. (નોંધ ૧૬-૪૦ મેલ્સ અને ફિમેલ્સ ડબલ્સમાં કોઇ સ્પર્ધક નહોતાં.) ૪૦ પ્લસ મેલ્સ ડબલ્સમાં અમિત મોદી-જયેશ પરમા, મથુરાદાસ ભાનુશાલી-નીતિન ઠક્કર અને અમિત છેડા-ઉપેન્દ્ર. ફિમેલ્સમાં કલ્પના-ભૈરવી, દીપ્તિ-ભાર્ગવી અને જયા-વનિતા.

**'મુંબઈ સમાચાર' તરફથી તમામ વિજેતાઓને અભિનંદન**

















## લાડકી બહેન યોજનાના હપ્તાનું વિતરણ શરૂ

મુંબઈ: આચારસંહિતાના કારણે વિરામ બાદ મંગળવારથી મહારાષ્ટ્ર સરકારની લાડકી બહિણ યોજનાના લાભાર્થીઓને માસિક હપ્તાનું વિતરણ ફરી શરૂ કરાયું હોવાની માહિતી રાજ્ય મંત્રી અદિતિ તટકરેએ આપી.

મહિલા અને બાળ વિકાસ પ્રધાને જણાવ્યું કે, તબક્કાવાર હપ્તાઓનું વિતરણ કરવામાં આવશે. હપ્તાનું ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ગઈ કાલથી શરૂ થયું છે. ૧,૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે અને ચાર દિવસ પછી અમને ખબર પડશે કે કેટલા લાભાર્થીઓને રકમ આપવામાં આવી હતી. નોંધણી મુજબ લાભાર્થીઓની સંખ્યામાં વધારો થશે, તટકરેએ જણાવ્યું.

યોજના હેઠળ દર મહિને ૨,૧૦૦ રૂપિયાના વચન વિશે પૂછવામાં આવતા, તેન કહ્યું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પહેલેથી જ કહ્યું છે કે આગામી બજેટ દરમિયાન નિર્ણય લેવામાં આવશે. ■

## કાય વિશેષ મગ?

### જયારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કુવૈતમાં ભારતીય સાથે મરાઠીમાં બોલ્યા: વીડિયો વાયરલ

મુંબઈ: વડા પ્રધાન મોદીના કુવૈતના બે દિવસીય પ્રવાસનો હેતુ ભારત અને ખાડી દેશો વચ્ચેના દ્વિપક્ષી સંબંધોને વધારવા માટેના કરારો પર હસ્તાક્ષર કરવાનો છે. તાજેતરમાં પીએમ મોદીનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેઓ સંતાનોના શિક્ષણ વિશે એક ભારતીય વ્યક્તિ સાથે મરાઠીમાં વાતચીત કરી રહ્યા છે.

વીડિયોમાં પીએમ મોદી રત્નાગિરિના એક મજૂર સાથે મરાઠીમાં વાત કરી રહ્યા છે, જે કુવૈતમાં ગલ્ફ સ્પિક લેબર કેમ્પમાં મોદીને મળેલા અસંખ્ય કામદારોમાંનો એક છે. તેમની વાતચીત દરમિયાન, પીએમ મોદીએ તે મજૂરને મરાઠીમાં પૂછ્યું 'કિતી વર્ષ ઝાલે?'(તમે અહીં કેટલા સમયથી નોકરી કરો છો?) જેના જવાબમાં તે માણસ કહે છે, ''૯ વર્ષ ઝાલ'' (૯ વર્ષથી).

પીએમ મોદીએ આગળ પૂછ્યું કે, ''કાય વિશેષ મગ?'' જેનો માણસ જવાબ આપે છે, ''પ્રોગ્રેસ ઝાલા આહે.'' (પ્રગતિ થઇ છે). આગળની વાતચીત દરમિયાન, તે વ્યક્તિ મોદીને તેના બાળકોને શિક્ષિત કરવાના તેમના પ્રયાસો વિશે માહિતગાર કરે છે અને ઉલ્લેખ કરે છે કે તેણે તેની પુત્રીને સફળતાપૂર્વક શિક્ષિત કરી પછી રત્નાગિરિમાં લગ્ન કર્યા અને તેણે તેના બાળકોને શિક્ષણ પૂરું પાડવાની તેની આકાંક્ષા પણ વ્યક્ત કરી. ■

## ઈન્ડિયા વેડિંગ ટ્રન્ક શૉ



મુંબઈ: મુંબઈનો સૌથી મોટો લક્ઝરી વેડિંગ શૉ, જ્યાં સપનાં સાકાર થાય છે! અહીં બ્રાઈડલ શૉકેસ છે જે તમે ચૂકશો નહીં.! બ્રાઈડ્સ ટુ બી, બ્રાઈડ મેઈડ્સ અને ઉત્સુક દુકાનદારો! બ્રાઈડ્સ & ફેસ્ટિવ પ્રેટ & કોચર, રીસ્પ્લેન્ડન્ટ જ્વેલ્સ, ટ્રાઉસો ઈન્સેશીયલ્સ, એસેસરીઝ & લક્ઝરી ગિફ્ટિંગ સોલ્યુશન્સમાં ૧૦૦ લેબલોની લાઈન અપ હોસ્ટ કરતું એક ભવ્ય પ્લેટફોર્મ પરંપરાગત ગ્લેમર સાથે હાઈ સ્ટ્રીટ એસ્થેટીક્સની મેડલી નિર્માણ કરતું સમગ્ર ભારત, લંડન અને દુબઈમાંથી મોટા ડિઝાઈનરોનો સંગમ. ડિઝાઈનરો, સૌંદર્ય નિષ્ણાતો, જ્વેલરી હાઉસો, સજાવટ નિષ્ણાતો વિગેરે એક જ છત હેઠળ શ્રેષ્ઠ કોચર ડિઝાઈનરો બ્રાન્ડસથી લઈને ઉત્કૃષ્ટ જ્વેલરી ઉત્પાદકો અને ઘણું બધું ૨ દિવસ પ્રદર્શન ૨૬ અને ૨૭ ડિસે. ૨૦૨૪ જેડબલ્યુ મેરીએટ મુંબઈ જુહુ ખાતે. ■

## બ્રેડના ભાવ વધી ગયા

થાણે: મહારાષ્ટ્રના થાણા જિલ્લાના બદલાપુર શહેરના રહેવાસીઓને બ્રેડની એક સ્લાઈસ માટે વધુ પૈસા દેવા પડશે, કારણ કે થાણા જિલ્લાના બેકરી માલિકોના સંગઠને મંગળવારથી બ્રેડના ભાવ ૨૦ રૂપિયાથી વધારી ૨૩ રૂપિયા કરી દીધા છે.

બ્રેડ બનાવવા માટે વાપરવામાં આવતી ચીજવસ્તુની કિંમતમાં થયેલા વધારાને કારણે ભાવ વધારો નાછૂટકે કરવો પડ્યો હોવાનું કુળગાંવ - બદલાપુર બેકરી ઓનર્સ વેલફેર એસોસિએશનના પદાધિકારી અયુબ ગડકરીએ જણાવ્યું હતું.

એસોસિયેશનના એક સભ્યએ જણાવ્યું હતું કે 'લોટ, તેલ અને અન્ય ઘટકોની કિંમતમાં છેલ્લા એક વર્ષમાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો છે. અમે શક્ય હતું ત્યાં સુધી ભાવ વધારવાનું ટાળ્યું હતું, હવે નથી પરવડતું.' દરરોજ વિવિધ સ્વરૂપોમાં બ્રેડનું સેવન વિશાળ પાયે કરવામાં આવે છે. આ ભાવ વધારાથી ભોજનમાં નિયમિતપણે બ્રેડનો ઉપયોગ કરતા પરિવારો તેમજ નાના ઉદ્યોગોને અસર થવાની સંભાવના છે. બેકરીના માલિકોના એસોસિએશનના પ્રતિનિધિઓએ એમ પણ કહ્યું હતું કે બજારની પરિસ્થિતિનું નિરીક્ષણ કરી ગુણવત્તા અને પરવડે એવા ભાવ વચ્ચે સંતુલન જાળવવાની કોશિશ કરવામાં આવશે. (પીટીઆઈ) ■

## મેટ્રો-૯નો પહેલો તબક્કો જૂનમાં શરૂ થશે

### દહીંસરથી મીરા-ભાઈંદર લાઈનનું કામ પૂરું થવાના આરે

મુંબઈ: દહીંસરથી મીરા-ભાઈંદર મેટ્રો-૯ લાઈનનું કામ હવે પૂરું થવાની દિશા તરફ છે. આને કારણે આગામી છ મહિનામાં આ મેટ્રો લાઈનના પહેલા તબક્કાનું કામ કરવામાં આવશે. જૂન, ૨૦૨૫ સુધી આ મેટ્રોના પહેલા તબક્કાને શરૂ કરવાની દૃષ્ટિએ એમએમઆરડીએએ તૈયારી શરૂ કરી દીધી છે.

એમએમઆરડી તરફથી દહીંસરથી મીરા-ભાઈંદર મેટ્રો-૯ લાઈનને બનાવવામાં આવી રહી છે. આ મેટ્રો લાઈનની લંબાઈ ૧૩.૬ કિમી હોઇ તેના પર ૧૦ સ્ટેશન હશે. આ પહેલાં આ મેટ્રો લાઈનનું છેલ્લું સ્ટેશન મીરા-ભાઈંદર ખાતે સુભાષચંદ્ર બોઝ સ્ટેડિયમ હતું. જોકે આ મેટ્રોના કારશેડને રાઈ મુર્ધેથી ઉત્તન તરફ લઇ જવામાં આવતાં વધુ બે સ્ટેશન બનાવવાની જરૂર પડી હતી. હાલની સ્થિતિમાં એમએમઆરડીએ તરફથી સુભાષચંદ્ર બોઝ સ્ટેડિયમ સ્ટેશન સુધીની લાઈનનું કામ ચાલી રહ્યું છે.

એમએમઆરડીએ તરફથી આમાંના પહેલા તબક્કામાં દહીંસરથી કાશીગાંવ વચ્ચેની લાઈન પ્રવાસીઓની સેવામાં લાવવામાં આવશે. આ લાઈનનું આર્કિટેક્ચર કામ અંતિમ તબક્કામાં છે, જ્યારે ટ્રેક નાખવાનું કામ ચાલી રહ્યું છે. હવે મશીનરી નાખવાનું કામ પણ ટૂંક સમયમાં શરૂ થવાનું છે.

દરમિયાન મેટ્રો-૯ લાઈનનું કામ પૂર્ણતાને આરે છે ત્યારે કારશેડનું કામ થોડા મહિના પહેલાં જ શરૂ થયું છે. ઉત્તન ખાતે કારશેડની જગ્યા એમએમઆરડીએના તાબામાં આવી ગઇ હોઇ એ ઠેકાણે કારશેડ ઊભું કરવા માટે કોન્ટ્રેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. હાલમાં કોન્ટ્રેક્ટર દ્વારા માટીના નિરીક્ષણનું કામ ચાલી રહ્યું છે. આ કારશેડ બનતાં અંદાજે ચાર વર્ષનો સમય થશે. આને કારણે આ મેટ્રો લાઈનના કારશેડનું કામ પૂરું થાય ત્યાં સુધી મેટ્રો ટ્રેનો ચારકોપ ખાતે કારશેડમાંથી દોડાવવામાં આવશે. ■

## મહારાષ્ટ્રમાં મતદાર યાદીમાં મનસ્વી રીતે કોઈ ઉમેરો કરવામાં આવ્યો નથી: ચૂંટણી પંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓ વચ્ચે, ચૂંટણી પંચે મંગળવારે એવી સ્પષ્ટતા કરી હતી કે, મહારાષ્ટ્રમાં જ્યાં તાજેતરમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ હતી ત્યાં મતદારોની યાદીમાં મનસ્વી રીતે કોઈના નામ ઉમેરવામાં અથવા કાઢી નાખવામાં આવ્યા નથી.

કોંગ્રેસને તેના જવાબમાં ચૂંટણી અધિકારીએ ૬૬ પાના લાંબા જવાબમાં કહ્યું હતું કે, અંતિમ મતદાનના આંકડા સાથે સાંજે પાંચ વાગ્યાના મતદારોના મતદાનના આંકડાની તુલના કરવી યોગ્ય રહેશે નહીં.

તેમણે એમ પણ સમજાવ્યું હતું કે સાંજે પાંચ વાગ્યાથી રાત્રે ૧૧:૪૫ વાગ્યા સુધી મતદાનમાં વધારો થવો તે કેવી રીતે સામાન્ય બાબત હતી, જે મતદાનના એકત્રીકરણની પ્રક્રિયાનો એક ભાગ હતો અને મતદાન અને ગણતરી કરાયેલા મતોમાં વાસ્તવિક, પરંતુ અપૂર્ણ તફાવત કેવી રીતે હોઈ શકે છે.

ચૂંટણી પંચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મતદાન મથક પર મતદાન સમાપ્ત થાય ત્યારે ઉમેદવારોના અધિકૃત એજન્ટો પાસે મતદારોના મતદાનની વિગતો આપતું કાયદેસર ફોર્મ '૧૭-ઈ' ઉપલબ્ધ હોવાથી વાસ્તવિક મતદારોના મતદાનમાં ફેરફાર કરવો અશક્ય છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં મતદાર યાદી તૈયાર કરવામાં પારદર્શિતા સાથે નિયમ-આધારિત પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતુ અને રાજ્યમાં મતદારોનું નામ રદ કરવામાં કોઈ અનિયમિતતા આચરવામાં આવી નહોતી.

કોંગ્રેસને આપેલા જવાબમાં એમ પણ જણાવ્યું હતું કે મતદાર યાદી તૈયાર કરવામાં કોંગ્રેસના પ્રતિનિધિઓની ભાગીદારી સહિત યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું. ■

## રસ્તા-ફૂટપાથનાં કામથી દાદર પારસી કોલોનીના રહેવાસીઓ પરેશાન

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા થઈ રહેલા રસ્તાના કોન્ક્રીટાઇઝેશનના કામ માટે શહેરમાં અનેક ઠેકાણે રસ્તાઓ ખોદવામાં આવ્યા છે.

જોકે, આ પ્રોજેક્ટ્સના આયોજન વગરના અને આડેધડ અમલને કારણે સ્થાનિક રહેવાસીઓ ખૂબ અગવડ અનુભવી રહ્યા છે. દાદર પારસી કોલોનીના રહેવાસીઓ તેમના વિસ્તારમાં ચાલી રહેલા રસ્તા અને ફૂટપાથના સમારકામથી ખૂબ પરેશાન છે. તેઓએ ધ્યાન દોર્યું હતું કે આ વિસ્તારમાં ઠેર ઠેર ગંદકી, કાટમાળ અને મળ જોવા મળે છે. તૂટી ગયેલી સડકો સમસ્યામાં વધારો કરે છે.

પાલિકાએ શહેર અને તેના ઉપનગરોમાં આશરે ૭૦૦ કિલોમીટરના રસ્તાઓનું કોન્ક્રીટાઈઝેશન કરવા માટે એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરુ કર્યો છે. તેને કારણે અનેક ફૂટપાથો તૂટી ગઈ છે. આ ફૂટપાથો તોડીને નવા કોંક્રિટવાળા રસ્તાઓ સાથે તેને સાંકળી લેવા માટે પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં સ્થાનિક રહેવાસીઓએ માજી નગરસેવક અમિત ઘોલે સાથે મળીને એડિશનલ મ્યુનિસિપલ કમિશનર અભિજીત બાંગર સાથે મુલાકાત કરીને ફૂટપાથના ચાલી રહેલા સમારકામ અને કોલોનીમાં બાંધવામાં આવી રહેલા રસ્તાઓની હાલની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. રહેવાસીઓએ ચાલુ બાંધકામની ઝડપ અને એની અસર વિશે ચિંતા વ્યક્ત કરી હતી. આ બદલાવથી તેમના દૈનિક જીવનમાં શું ફરક પડશે તે અંગે સ્પષ્ટતા માગી હતી. ■

# શ્રેયસ ઐયર અને ચહલની પત્ની ધનશ્રીની ડાન્સમાં પરફેક્ટ કેમિસ્ટ્રી પર ચાહકો આફરીન

નવી દિલ્હીઃ ભારતના ટોચના સ્પિનરોમાં ગણાતો યુઝવેન્દ્ર ચહલ તેની પત્ની ધનશ્રીથી અલગ થઈ રહ્યો હોવાની ફરી એકવાર ફેલાયેલી અટકળો વચ્ચે ધનશ્રીએ ભારતીય ક્રિકેટર શ્રેયસ ઐયરને ડાન્સના મૂવ્ઝ શીખવ્યા એનો ત્રણ વર્ષ પહેલાનો વીડિયો બે દિવસથી વાઇરલ થયો છે. બન્નેના ચાહકો તેમના આ ડાન્સથી પ્રભાવિત થયા છે.

આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે ધનશ્રી ખૂબ સારી ડાન્સર અને જાણીતી કોરિયોગ્રાફર છે. શ્રેયસ ઐયર ભારતના વર્તમાન બેટર્સમાં સૌથી સ્ટાઇલિશ ગણાય છે.

૨૦૨૧માં શ્રેયસ ઐયરને ડાન્સના મૂવ્ઝ શીખવાની ઈચ્છા થઈ એટલે તેણે યુઝવેન્દ્રને કહ્યું હતું જેણે તરત જ તેની પત્ની ધનશ્રીને વાત કરી હતી અને ધનશ્રીએ શ્રેયસને પોતાના અમુક ફેવરિટ મૂવ્ઝ શીખવ્યા હતા.

ધનશ્રીએ શ્રેયસને શફલ ડાન્સના મૂવ્ઝ ખૂબ જલ્દી શીખવી દીધા હતા. વાસ્તવમાં, શ્રેયસે ખૂબ ઝડપથી એ સ્ટેપ્સ શીખી લીધા હતા.



બેટિંગ વખતે ક્રીઝમાં બહુ સારા ફૂટવર્કથી ભલભલા બોલરની બોલિંગમાં ફટકાબાજી કરી શકતા શ્રેયસે ડાન્સની આ તાલીમ દરમ્યાન પણ બહુ સારા ફૂટવર્ક બતાવ્યા હતા. તેણે ધનશ્રી પાસેથી શીખ્યા બાદ પરફેક્ટ રિધમથી ડાન્સ કર્યો હતો.

ખુદ ધનશ્રી ત્યારે શ્રેયસના સ્ટેપ્સથી એટલી બધી પ્રભાવિત થઈ ગઈ હતી કે તેણે સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું હતું કે 'શ્રેયસ, જાણે પરફેક્ટ ફૂટવર્કથી સિક્સર ફટકારી રહ્યો હોય એ રીતે તેં ડાન્સના સ્ટેપ્સ શીખી લીધા.'

એ સમયે (૨૦૨૧માં) ધનશ્રી અને શ્રેયસનો આ વીડિયો ખૂબ વાઇરલ થયો હતો અને અત્યારે ધનશ્રી અને યુઝવેન્દ્ર પાછા ચર્ચામાં છે ત્યારે આ વીડિયોને ફરી અનેક લાઈકસ મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે શ્રેયસ અને યુઝવેન્દ્ર, બન્ને દિગ્ગજ ખેલાડીઓ આઇપીએલ ૨૦૨૫ માટેની પંજાબની ટીમમાં છે. પંજાબે તાજેતરના ઑકશનમાં શ્રેયસને ૨૬.૭૫ કરોડ રૂપિયાના તોતિંગ ભાવે ખરીદીને સનસનાટી મચાવી દીધી હતી. યુઝવેન્દ્રને પંજાબે ૧૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. ■

# ભારત સામેની બોક્સિંગ ડે ટેસ્ટમાં ડેબ્યૂ કરશે ઓસ્ટ્રેલિયન યુવા ઓપનર કોન્સ્ટાસઃ ટ્રેવિસ હેડના રમવા પર શંકા

મેલબોર્નઃ ઓસ્ટ્રેલિયાનો યુવા ઓપનિંગ બેટ્સમેન સેમ કોન્સ્ટાસ ભારત સામેની બોક્સિંગ ડે ટેસ્ટ મેચથી ટેસ્ટ ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. તો ત્રીજી ટેસ્ટ મેચમાં ઈજાગ્રસ્ત થયેલો બેટ્સમેન ટ્રેવિસ હેડના ચોથી ટેસ્ટમાં રમવા પર શંકા છે. પસંદગીકાર ટોની ડોડેમાઈડે મંગળવારે અહીં પ્રેક્ટિસ સેશન દરમિયાન ભારત સામે ૨૬ ડિસેમ્બરથી શરૂ થઈ રહેલી ચોથી ટેસ્ટ મેચ માટે આ ૧૯ વર્ષીય બેટ્સમેનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાની માહિતી આપી હતી. કોન્સ્ટાસ ઓસ્ટ્રેલિયન પુરુષ ટીમ માટે ટેસ્ટ ક્રિકેટ રમનાર ૪૬૮મો ખેલાડી બનશે.

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ બાદ કોન્સ્ટાસ ટેસ્ટમાં ડેબ્યૂ કરનાર સૌથી યુવા ઓસ્ટ્રેલિયન ખેલાડી બનશે. કમિન્સે ૨૦૧૧માં ૧૮ વર્ષની ઉંમરે ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડે પત્રકારોને જણાવ્યું હતું કે, અમે ટીમ મીટિંગ પહેલા અમારા બેટિંગ યુનિટ વિશે સ્પષ્ટતા ઈચ્છતા હતા. અમે સામાન્ય રીતે આ પ્રકારનો ખુલાસો કરતા નથી પરંતુ અમે ઈચ્છીએ છીએ કે દરેકને ખબર પડે કે તે ટીમમાં છે. તેમણે કહ્યું હતું કે, તે (કોન્સ્ટાસ) ખૂબ જ સહજ છે. તે એ જ છે જેવો મેં તેને જોયો હતો જ્યારે તે ટીમથી દૂર હતો. તે પોતાની રમતને સારી રીતે સમજે છે અને વિરોધી ટીમ પર દબાણ લાવવામાં સક્ષમ છે. તે તકનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે.



પ્રથમ ત્રણ ટેસ્ટ મેચમાં સારું પ્રદર્શન ન કરનાર નાથન મેકસ્વીનીના સ્થાને કોન્સ્ટાસને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. જોકે, મેકડોનાલ્ડે કહ્યું કે શાનદાર ફોર્મમાં રહેલા ટ્રેવિસ હેડને માંસપેશીઓમાં ખેંચાણ છે. ત્રીજી ટેસ્ટ મેચ દરમિયાન તે ઈજાગ્રસ્ત થયો હતો. છેલ્લી બે મેચમાં મેન ઓફ ધ મેચ જાહેર કરાયેલા હેડે મંગળવારે નેટ્સમાં પ્રેક્ટિસ કરવાને બદલે સહાયક કોચ બ્રેડ હોજના થ્રો ડાઉન પર બેટિંગ પ્રેક્ટિસ કરી હતી.

ઓસ્ટ્રેલિયાના કોચે કહ્યું હતું કે, તે દોડવામાં સક્ષમ છે અને મને આશા છે કે તે મેચ માટે ફિટ હશે. જો હેડ ફિટ નહીં હોય તો તેનું સ્થાન કોણ લેશે તે અંગે મેકડોનાલ્ડે કોઇ માહિતી આપી નહોતી. ઑસ્ટ્રેલિયા પાસે જોશ ઇંગ્લિસ અને બ્યૂ વેબસ્ટર એમ બે વિકલ્પો છે. ■

# કુલદીપ યાદવ અને અક્ષર પટેલના બદલે તનુષ કોટિયનના સમાવેશ અંગે રોહિત શર્માએ તોડ્યું મૌન

મેલબોર્નઃ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ મંગળવારે ખુલાસો કર્યો હતો કે કુલદીપ યાદવ અને અક્ષર પટેલને નજરઅંદાજ કરીને યુવા ખેલાડી તનુષ કોટિયનને શા માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ૨૬ ડિસેમ્બરથી મેલબોર્નમાં શરૂ થનારી ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટ અગાઉ ભારતીય ક્રિકેટ ટીમમાં અનકેપ્ડ ઓલરાઉન્ડર તનુષ કોટિયનને સામેલ કર્યો હતો. આર અશ્વિનની નિવૃત્તિ પછી તેના સ્થાને કોટિયનનો સમાવેશ કરાયો છે, પરંતુ રોહિત શર્માએ અક્ષર-કુલદીપને નજરઅંદાજ કરીને તનુષને શા માટે સ્થાન આપવામાં આવ્યું તે અંગે પોતાનું મૌન તોડ્યું છે.





વાસ્તવમાં મેલબોર્ન ટેસ્ટ પહેલા પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કેપ્ટન રોહિત શર્માએ કહ્યું હતું કે તનુષ કોટિયન એક મહિના પહેલા અહીં આવ્યો હતો. કુલદીપ મને નથી લાગતું કે તેની પાસે વિઝા છે. અમે ઈચ્છતા હતા કે કોઈ જલદી અહીં આવે. તનુષ તેના માટે ફિટ હતો અને તે અહીં પણ રમ્યો છે. એવું નથી કે તનુષ સારો નથી. તેણે છેલ્લાં બે વર્ષમાં ઘરેલુ ક્રિકેટમાં સારું પ્રદર્શન કર્યું છે. અમને બેકઅપની જરૂર હતી. કુલદીપ વિશે રોહિતે કહ્યું કે તે ચોક્કસપણે ૧૦૦ ટકા ફિટ નથી. તેણે વધુમાં કહ્યું કે જો અમને મેલબોર્ન અથવા સિડનીમાં રમવા માટે બે સ્પિનરોની જરૂર પડશે તો બેકઅપ વિકલ્પની જરૂર પડશે.

રોહિતે એમ પણ કહ્યું કે, ''કુલદીપ ચોક્કસપણે ૧૦૦ ટકા ફિટ નથી. તેણે તાજેતરમાં જ સર્જરી કરાવી હતી અને અન્ય વિકલ્પ અક્ષર તાજેતરમાં જ ઇજાગ્રસ્ત થયો હતો. તેથી તે મુસાફરી કરી શકે તેમ ન હતો. તેથી તનુષ હાલમાં અમારી પાસે છે તે યોગ્ય પસંદગી હતી.''

નોંધનીય છે કે તનુષ કોટિયને ૩૩ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૨૫.૭૦ની એવરેજથી ૧૦૧ વિકેટ લીધી છે. આ દરમિયાન તેણે ત્રણ ઇનિંગ્સમાં પાંચ વિકેટ પણ લીધી છે. બીજી તરફ તેણે ૪૭ ઇનિંગ્સમાં ૪૧.૨૧ની એવરેજથી ૧,૫૨૫ રન કર્યા છે. ■

# ધોનીને રાંચીનું ઘર ખાલી કરી નાખવા નોટિસ મળી?

રાંચીઃ ભારતના સૌથી સફળ ક્રિકેટ કેપ્ટન અને સૌથી સકસેસફુલ વિકેટકીપર-બેટર મહેન્દ્રસિંહ ધોની વિરુદ્ધ ઝારખંડ રાજ્ય સરકાર દ્વારા તપાસ થઈ રહી હોવાનું મનાય છે.

માહીએ રાંચી ખાતેના નિવાસસ્થાનનો ઉપયોગ કમર્શિયલ ધોરણે કર્યો હોવાનો આક્ષેપ છે.



કેટલાક અહેવાલોમાં જણાવાયા મુજબ માહીને થોડાં વર્ષો પહેલાં ઝારખંડ રાજ્ય સરકારે હારમુ હાઉસિંગ કોલોનીમાં પાંચ કાટા જમીન બક્ષિસમાં આપી હતી. સરકારે તેને એ પ્લોટ માત્ર રહેઠાણ બનાવવા માટે આપ્યો હતો.

ધોનીએ હોમટાઉન રાંચીમાં એ વિશાળ પ્લોટ પર આલીશાન બંગલો બનાવ્યો હતો. જોકે થોડાં વર્ષો બાદ ધોનીએ જાહેર જનતા અને મીડિયાથી દૂર રહેવા રાંચી શહેરની ભાગોળે સિમાલિયા નામના વિસ્તારમાં મોટું ફાર્મહાઉસ વિકસાવ્યું હતું અને પરિવાર સાથે ત્યાં રહેવા જતો રહ્યો હતો.

ધોની સામે એવો આક્ષેપ છે કે સરકારે રાંચીમાં ફાળવેલા પ્લોટ પરની ઈમારતનો ઉપયોગ વ્યાપારી ધોરણે કરવામાં આવી રહ્યો છે. સરકાર આ બાબતમાં તપાસ કરી રહી છે.

એક અહેવાલમાં જણાવ્યા અનુસાર ઝારખંડ સ્ટેટ હાઉસિંગ બોર્ડના અધ્યક્ષ સંજય લાલ પાસવાને જણાવ્યું હતું કે રાજ્યના નિયમ મુજબ સરકાર જેને રહેવા માટે જે જગ્યા આપે એનો ઉપયોગ વ્યાપારી ધોરણે ન થઈ શકે.

પાસવાને એવું પણ જણાવ્યું હોવાનું મનાય છે કે રાજ્ય સરકારને ફરિયાદ મળી છે અને અધિકારીઓને એ બાબતમાં તપાસ કરવાની સૂચના આપી દેવામાં આવી છે. જો આક્ષેપો પુરવાર થશે તો ધોનીને નોટિસ મોકલવામાં આવશે.

અન્ય એક અહેવાલ મુજબ ઝારખંડ રાજ્ય સરકારે ૩૦૦ જેટલા પ્લોટના માલિકોને રહેઠાણ માટે અપાયેલી જગ્યાનો ઉપયોગ કમર્શિયલ ધોરણે કરવા બદલ નોટિસ મોકલી છે. ધોની ૨૦૨૫ની આઇપીએલમાં ચેન્નઈની ટીમ વતી માત્ર ચાર કરોડ રૂપિયાની ફીના બદલામાં રમવાનો છે. ■

# ઈંગ્લેન્ડનો કેપ્ટન બેન સ્ટોક્સ ત્રણ મહિના નહીં રમી શકે ક્રિકેટ, ઈજાના કારણે કરાવશે સર્જરી

લંડનઃ ઇંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ટેસ્ટનો કેપ્ટન બેન સ્ટોક્સ હેમસ્ટ્રિંગમાં વારંવાર થતી ઇજાને કારણે ઓછામાં ઓછા ૩ મહિના માટે ક્રિકેટ રમી શકશે નહીં. ગયા મહિને ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીની ત્રીજી ટેસ્ટ દરમિયાન ઇજાગ્રસ્ત થયો હતો. સ્ટોક્સને ન્યૂઝીલેન્ડના પ્રવાસ દરમિયાન ડાબા હાથની હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. તેની સારવાર કરાવવા માટે તેણે થોડા મહિના ક્રિકેટથી દૂર રહેવું પડશે.

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટે માહિતી આપી છે કે કેપ્ટન બેન સ્ટોક્સ તેની ઈજાની સર્જરી માટે ત્રણ મહિના સુધી ક્રિકેટથી દૂર રહેશે. જાન્યુઆરીમાં ડરહમ હોસ્પિટલમાં તેની સર્જરી થશે. આ પછી તે રિહેબની પ્રક્રિયામાંથી પસાર થશે જેમાં સમય લાગી શકે છે. આ વર્ષે ઓગસ્ટમાં ધ હન્ડ્રેડમાં રમતી વખતે સ્ટોક્સ પણ આ જ રીતે હેમસ્ટ્રિંગથી પરેશાન હતો, જેના કારણે તે ટીમની બહાર થઈ ગયો હતો.



બેન સ્ટોક્સે ન્યૂઝીલેન્ડ સામેની બે ટેસ્ટમાં ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું હતું. તેમની ટીમે આ પ્રવાસમાં ઐતિહાસિક જીત નોંધાવી હતી. ન્યૂઝીલેન્ડ બીજી ટેસ્ટમાં સૌથી વધુ રન (૪૨૩ રન)થી હાર્યું હતું. પ્રથમ બે ટેસ્ટ જીત્યા બાદ ઈંગ્લેન્ડે વધુ એક ઈતિહાસ રચ્યો હતો. તેણે ૧૬ વર્ષ બાદ ન્યૂઝીલેન્ડમાં ટેસ્ટ શ્રેણી જીતી હતી. આટલી મોટી સફળતા બાદ બેન સ્ટોક્સની ભારત સામેની વનડે અને ટી૨૦ સિરીઝ માટે ટીમમાં પસંદગી કરવામાં આવી નથી. આ સાથે તેને ફેબ્રુઆરી-માર્ચમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. ■

# પંત, ગિલ અને જયસ્વાલ એક જ બોટ પર સવાર, તેમની માનસિકતા સાથે છેડછાડ કરવા માગતા નથીઃ રોહિત શર્મા

મેલબોર્નઃ યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત અને શુભમન ગિલ તેમના અનિયમિત ફોર્મના કારણે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ સિરીઝમાં એક જેવી સ્થિતિમાં છે પરંતુ કેપ્ટન રોહિત શર્માનું માનવું છે કે ત્રણમાંથી કોઈ પર વધારાનો બોજ નાખવામાં આવ્યો નથી કારણ કે તેનાથી પરિસ્થિતિને વધુ જટિલ બની જશે.

જયસ્વાલે પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઇનિંગમાં ૧૬૧ રનની મેચ વિનિંગ ઇનિંગ રમી હતી, પરંતુ તે પછી તે કાંઇ ખાસ કમાલ કરી શક્યો નથી. જ્યારે ગિલ અને પંત અત્યાર સુધી રમાયેલી ત્રણ ટેસ્ટ મેચમાં સારી શરૂઆતનો ફાયદો ઉઠાવી શક્યા નથી.



રોહિતે પત્રકારોને આ ત્રણેય બેટ્સમેનોના ફોર્મ અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં કહ્યું હતું કે, ગિલ, જયસ્વાલ અને પંત જેવા ખેલાડીઓ એક જ હોડી પર સવાર છે. તેઓ જાણે છે કે તે શું કરવામાં સક્ષમ છે. આપણે વસ્તુઓને જટિલ બનાવવી જોઇએ નહીં.

તેણે કહ્યું હતું કે, જયસ્વાલ પહેલીવાર ઓસ્ટ્રેલિયામાં રમી રહ્યો છે. તેણે પહેલેથી જ બતાવ્યું છે કે તે શું કરી શકે છે. તે ખૂબ જ પ્રતિભાશાળી ખેલાડી છે અને જ્યારે તમારી પાસે તેના જેવો ખેલાડી હોય તો તમે તેની માનસિકતા સાથે વધુ પડતી છેડછાડ કરવા માગતા નથી.

રોહિતે કહ્યું હતું કે, તેને શક્ય તેટલી મુક્ત થઇને રમવા દો અને તેની બેટિંગ વિશે વધુ વિચારીને તેના પર વધારાનો બોજ ન નાખો. તે તેની બેટિંગની અન્ય કોઈ કરતાં વધુ સારી સમજ ધરાવે છે અને તે જ રીતે તેણે અત્યાર સુધી ક્રિકેટ રમ્યો છે. એ જ રીતે ભારતીય કેપ્ટન ગિલને લઈને કોઈ પણ રીતે ચિંતિત નથી અને તેને તેના પર પૂરો વિશ્વાસ છે.

રોહિતે કહ્યું, જ્યાં સુધી ગિલનો સંબંધ છે, આપણે બધા જાણીએ છીએ કે તે કેવો કુશળ ખેલાડી છે. તે તેની બેટિંગને સારી રીતે સમજે છે. ■

# ખેલરત્ન વિવાદ પર મનુ ભાકરે કરી ભાવુક પોસ્ટઃ 'નોમિનેશન ફાઇલ કરવામાં મારાથી થઇ હશે કોઇ ભૂલ'



નવી દિલ્હીઃ પેરિસ ઓલિમ્પિકમાં બે બ્રોન્ઝ મેડલ જીતનાર ભારતની સ્ટાર મહિલા શૂટર મનુ ભાકરે ખેલરત્ન પુરસ્કાર વિજેતાઓની યાદીમાંથી તેને બહાર રાખવાને લઇને ઊભા થયેલા વિવાદ વચ્ચે મંગળવારે સ્વીકાર્યું હતું કે આ વર્ષના રાષ્ટ્રીય રમત પુરસ્કારો માટે નામાંકન દાખલ કરતા સમયે કદાચ મારાથી કોઇ ભૂલ થઇ હશે. પુરસ્કાર પસંદગી સમિતિ દ્વારા તેના નામની ભલામણ કરવામાં ન આવતાં રમતગમત મંત્રાલયને નુકસાનની ભરપાઈ માટે પગલાં ભરવા પડ્યાં હતાં જેના એક દિવસ બાદ ૨૨ વર્ષીય સ્ટાર શૂટરે સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ લખી પ્રતિક્રિયા આપી હતી.

મનુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે સૌથી પ્રતિષ્ઠિત ખેલરત્ન પુરસ્કાર માટે મારા નામાંકન અંગે ચાલી રહેલા મુદ્દા અંગે હું કહેવા માગું છું કે એક ખેલાડીના રૂપમાં મારી ભૂમિકા મારા દેશ માટે રમવાની અને પ્રદર્શન કરવાની છે.

તેણે કહ્યું હતું કે, ''મને લાગે છે કે નોમિનેશન ફાઇલ કરતી વખતે કદાચ મારા તરફથી કોઈ ભૂલ થઈ હતી જેને સુધારવામાં આવી રહી છે.'' મનુએ કહ્યું કે તેનું લક્ષ્ય દેશ માટે પ્રદર્શન કરવાનું છે પછી ભલે તેને એવોર્ડ મળે કે ના મળે. પુરસ્કાર અને માન્યતા મને પ્રોત્સાહિત કરે છે, પરંતુ તે મારું લક્ષ્ય નથી.

મનુએ કહ્યું હતું કે, મને એવોર્ડ મળે કે ના મળે, હું મારા દેશ માટે વધુ મેડલ જીતવા માટે પ્રેરિત રહીશ. દરેકને વિનંતી છે કે કૃપા કરીને આના પર અટકળો કરો નહીં.

અગાઉ મનુ ભાકરના કોચ જસપાલ રાણા અને પિતા રામકિશન ભાકરે રમત મંત્રાલય અને પસંદગી સમિતિ પર તેમની શાનદાર સિદ્ધિઓ હોવા છતાં મનુ ભાકરની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો. એક જ ઓલિમ્પિક સીઝનમાં બે મેડલ જીતનાર મનુ સ્વતંત્ર ભારતની પ્રથમ ખેલાડી છે. ■

# વિરાટ કોહલીના સમર્થનમાં આવ્યો રોહિત શર્માઃ 'આધુનિક સમયના મહાન ખેલાડી પોતાનો રસ્તો જાતે જ બનાવે છે'

મેલબોર્નઃ ભારતીય કેપ્ટન રોહિત શર્મા રન બનાવવામાં સંઘર્ષ કરી રહેલા વિરાટ કોહલીના સમર્થનમાં આવ્યો હતો. કોહલી ઓસ્ટ્રેલિયામાં ઓફ-સ્ટમ્પની બહારના બોલ પર રન કરવામાં સંઘર્ષ કરી રહ્યો છે. રોહિતે કહ્યું હતું કે, આધુનિક સમયના મહાન ખેલાડીઓ પોતાનો રસ્તો જાતે જ બનાવી લે છે. ઓસ્ટ્રેલિયાના આ પ્રવાસ પર કોહલીએ પાંચ, અણનમ ૧૦૦, સાત, અગિયાર અને ત્રણ રન કર્યા હતા. દરમિયાન તેની એવરેજ ૩૧.૫૦ રનની રહી છે. રોહિત શર્મા પણ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે, તે તેની લય ઝડપથી પાછી મેળવશે તેવી આશા છે. જ્યારે રોહિતને કોહલીના ખરાબ ફોર્મ અંગે સવાલ પૂછવામાં આવ્યો તો તેણે ચહેરા પર સ્મિત સાથે જવાબ આપ્યો હતો.

જ્યારે એક પત્રકારે રોહિતને પૂછ્યું કે ખરાબ સમયમાંથી પસાર થઇ રહેલા વર્તમાન યુગના કોઇ મહાન ખેલાડીને તમે સલાહ આપવાનું પસંદ કરશો અથવા તેને પોતાની હાલત પર છોડી દેશો.

જેના જવાબમાં ભારતીય કેપ્ટને કહ્યું હતું કે, તમે પોતે કહ્યું હતું કે તે વર્તમાન યુગનો મહાન ખેલાડી છે. વર્તમાન યુગના મહાન ખેલાડીઓ પોતપોતાનો રસ્તો જાતે જ બનાવી લે છે. કોહલી મેલબોર્ન ખાતે નેટ પ્રેક્ટિસ સત્રમાં હાજરી આપનાર શરૂઆતના બેટ્સમેનોમાંનો એક હતો. પ્રેક્ટિસ દરમિયાન રોહિતે બોલરોને ખાસ કરીને હર્ષિત રાણા અને પ્રસિદ્ધ કૃષ્ણાને ચોથા સ્ટમ્પની લાઇનમાં બોલિંગ કરવા કહ્યું હતું.

જ્યારે રોહિતને તેના બેટિંગ ઓર્ડર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, ''તેની ચિંતા ન કરો.'' મને લાગે છે કે આપણે ટીમની અંદર ચર્ચા કરવી જોઈએ કે કોણ ક્યાં બેટિંગ કરશે. મારે દરેક પ્રેસ કોન્ફરન્સમાં આ સવાલનો જવાબ આપવો જોઈએ નહીં. ■



## પશ્ચિમ રેલવે ઉર્સ મેલા ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેન્સ (અનરિઝર્વ્ડ) બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે દોડાવશે

| ટ્રેન નં. | શરૂઆતનું સ્ટેશન અને મુકામ | સેવાની તારીખ | વિદાય | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૨૭ | બાંદ્રા ટર્મિનસ - અજમેર (અનરિઝર્વ્ડ સ્પેશ્યલ) | ૨૬.૧૨.૨૦૨૪, ૦૨ અને ૦૯.૦૧.૨૦૨૫ | ૧૨:૧૫ કલાકે (ગુરૂવાર) | ૬:૨૫ કલાકે (પછીના દિવસે) |
| ૦૯૦૨૮ | અજમેર - બાંદ્રા ટર્મિનસ (અનરિઝર્વ્ડ સ્પેશ્યલ) | ૨૭.૧૨.૨૦૨૪, ૦૩ અને ૧૦.૦૧.૨૦૨૫ | ૧૦:૨૫ કલાકે (શુક્રવાર) | ૪:૨૦ કલાકે (પછીના દિવસે) |

**હોલ્ટસઃ** બોરીવલી, પાલઘર, દહાણુ રોડ, વાપી, વલસાડ, ઉધના, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, મંદસૌર, નિમચ, ચીત્તોડગઢ, ભીલવાડા, બીજૈનગર અને નસિરાબાદ સ્ટેશને બન્ને દિશામાં ઊભી રહેશે.

**કમ્પોસીશનઃ** જનરલ સેકન્ડ કલાસ કોચ.

સમય, હોલ્ટ અને કમ્પોશીસન અંગે વિગતવાર માહિતી માટે પેસેન્જર www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે

ઉપરની ટ્રેનો ખાસ ટ્રેન તરીકે ખાસ ભાડા પર દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ X.com/WesternRly

બધી આરક્ષિત ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રુફ સાથે રાખો

## પશ્ચિમ રેલવે ઉત્સવ વિશેષ ટ્રેઈનો દોડાવશે

| ટ્રેઈન નં. | શરૂઆતનું સ્ટેશન & ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૬૨૪ | બાન્દ્રા ટર્મિનસ - અજમેર (સાપ્તાહિક વિશેષ) | ૨૬/૧૨/૨૪ & ૨/૧/૨૫ | ૧૦.૦૦ ક. (ગુરૂવાર) | ૧૦.૧૫ ક. (બીજા દિવસે) |
| ૦૯૬૨૩ | અજમેર - બાન્દ્રા ટર્મિનસ (સાપ્તાહિક વિશેષ) | ૨૫/૧૨/૨૪ & ૧/૧/૨૫ | ૧૦.૧૫ ક. (બુધવાર) | ૬.૪૫ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, ઉધના, વડોદરા, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, દુર્ગાપુર, જયપુર અને કિશનગઢ સ્ટેશન બંને દિશામાં

**રચનાઃ** AC–૨ ટાયર, AC ૩–ટાયર, AC ૩–ટાયર (ઈકોનોમી), સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચેસ.

સમય, હોલ્ટ્સ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૬૨૪નું બુકિંગ ૨૫.૧૨.૨૦૨૪થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરની ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ X.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકીટો માટે મૂળ ID પ્રુફ સાથે રાખો


# બેતરફી વધઘટના અંતે સેન્સેક્સમાં ૬૭ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૨૫ પૉઈન્ટની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના અવિરત બાહ્ય પ્રવાહ વચ્ચે રોકાણકારોએ સાવચેતીનું વલણ અખત્યાર કરતાં આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી બેતરફી વધઘટે અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે અનુક્રમે ૬૭.૩૦ પૉઈન્ટ અને ૨૫.૧૦ પૉઈન્ટ ઘટને બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં પ્રમાણમાં ઓછી ૧૬૮.૭૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહ્યા બાદ આજે વધુ રૂ. ૨૪૫૪.૨૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, આજે તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૮૧૯.૨૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. દરમિયાન આજે ક્રિસમસ નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહેશે.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૮,૫૪૦.૧૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૮,૭૦૭.૩૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૮,૩૯૭.૭૯ અને ઉપરમાં ૭૮,૮૭૭.૩૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા અથવા તો ૬૭.૩૦ પૉઈન્ટ ઘટીને ૭૮,૪૭૨.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. આમ આજે સેન્સેક્સમાં સત્ર દરમિયાન ૩૩૭.૧૯ પૉઈન્ટનો સુધારો અને ૧૪૨.૩૮ પૉઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૭૫૩.૪૫ના બંધ સામે ૨૩,૭૬૯.૧૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૬૮૫.૧૫ અને ઉપરમાં ૨૩,૮૬૭.૬૫ની રેન્જમાં અથડાઈને અંતે ૦.૧૧ ટકા અથવા તો ૨૫.૧૦ પૉઈન્ટ ઘટીને ૨૩,૭૨૭.૬૫ના મથાળે બંધ રહ્યો હતો. તેમ જ નિફ્ટીમાં સત્ર દરમિયાન ૧૧૪.૨૦ પૉઈન્ટનો સુધારો અને ૬૮.૧૩ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો.

આજે બીએસઈ ખાતે ૪૦૯૨ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાં ૧૯૭૭ શૅરના ભાવ વધીને ૨૦૧૯ શૅરના ભાવ ઘટીને અને ૯૬ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે નવ શૅરના ભાવમાં અપર સર્કિટ અને એક શૅરમાં લોઅર સર્કિટ લાગી હતી. તથા ૧૭૦ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૬૪ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા.

એકંદરે આજે સ્થાનિક બજાર સાંકડી વધઘટે અથડાઈને અંતે સાધારણ નરમાઈના અન્ડરટોને બંધ રહી હતી. જોકે, હવે રોકાણકારોની નજર વર્તમાન નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિકગાળાના પરિણામો પર અને ફેબ્રુઆરીમાં જાહેર થનારા અંદાજપત્ર પર સ્થિર થઈ હોવાથી તેમ જ ડૉલર સામે રૂપિયામાં સતત થઈ રહેલા ધોવાણને કારણે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

બજારમાં આજથી સાંન્ટા રેલી જોવા મળે તેવો આશાવાદ સેવાઈ રહ્યો હતો, પરંતુ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી, આર્થિક વૃદ્ધિની ચિંતા રૂપિયામાં નરમાઈ અને રોકાણકારોના સાવચેતીના અભિગમ જેવાં કારણોસર બજાર સાંકડી વધઘટે અથડાઈને સાધારણ નરમાઈના ટોને બંધ રહી હોવાનું મહેતા ઈક્વિટીઝનાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું.

જોકે,સ્ટોક્સબોક્સના ચાર્ટર્ડ માર્કેટ ટેક્નિશિયન અમેય રણદીવે જણાવ્યું હતું કે રોકાણકારોની નજર રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે કેવી નાણાનીતિ અપનાવે છે અને કેન્દ્ર સરકાર પણ આર્થિક વૃદ્ધિ માટે અંદાજપત્રમાં કેવાં પગલાંની જાહેરાત કરે છે તેના પર સ્થિર થઈ છે.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૫ શૅરના ભાવ વધીને અને ૧૫ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૨૨ શૅરના ભાવ વધીને અને ૨૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જોકે, સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૧.૯૨ ટકાનો સુધારો ટાટા મોટર્સમાં જોવા મળ્યો હતો, ત્યાર બાદ અનુક્રમે આઈટીસીમાં ૦.૮૬ ટકાનો, નેસ્લેમાં ૦.૬૯ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૦.૬૨ ટકાનો, ટીસીએસમાં ૦.૫૭ ટકાનો અને એનટીપીસીમાં ૦.૫૪ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં પાવર ગ્રીડ કોર્પોરેશનમાં ૧.૬૨ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૧.૧૧ ટકાનો, ટિટાનમાં ૦.૯૮ ટકાનો, ટાટા સ્ટીલમાં ૦.૯૫ ટકાનો, ઈન્ડસઈન્ડ બૅન્કમા ૦.૯૩ ટકાનો અને બજાજ ફાઈનાન્સમાં ૦.૮૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે આજે બીએસઈ મિડિકેપ ઈન્ડેક્સ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૦.૦૯ ટકાનો અને ૦.૩૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં મુખ્યત્વે ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૦.૫૯ ટકાનો, એફએમસી ઈન્ડેક્સમાં ૦.૫૮ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૦.૫૩ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૦.૫૨ ટકાનો, ટેલિકોમ ઈન્ડેક્સમાં ૦.૪૦ ટકાનો અને હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૦.૦૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર ઈન્ડેક્સમાં મેટલ ઈન્ડેક્સમાં ૦.૯૩ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૦.૭૩ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૫૨ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૫૦ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૩૩ ટકાનો અને પીએસયુ ઈન્ડેક્સમાં ૦.૩૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. દરમિયાન આજે એશિયન બજારોમાં સિઉલ અને ટોકિયોની બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો, શાંઘાઈ અને હૉંગકૉંગની બજારમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ આજે મધ્ય સત્ર દરમિયાન યુરોપિયન બજારોમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના અહેવાલ હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૨ ટકા વધીને બેરલદીઠ ૭૩.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ખાંડની નિકાસની સમીક્ષા શક્યતઃ ફેબ્રુઆરી, ૨૦૨૫માં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૫૦થી ૩૪૦૦માં ટકેલા ધોરણે થયા હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત કામકાજો વચ્ચે ભાવમાં નીચલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવતાં એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# સોનામાં ₹ ૭૦નો ઘટાડો અને ચાંદીમાં ₹ ૨૩નો ધીમો સુધારો

મુંબઈઃ ક્રિસમસની રજાઓનાં માહોલમાં આજે લંડન ખાતે સત્રના આરંભે પાંખાં કામકાજો ઉપરાંત ભાવી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની અનિશ્ચિતતા સાથે ફેડરલ રિઝર્વના વ્યાજદર અંગેના અભિગમના અવઢવ વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. તેમ જ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો નવ પૈસા નબળો ક્વૉટ થઈ રહ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થવા છતાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૨૩નો સાધારણ સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લે-વેચનો અભાવ રહ્યો હોવા છતાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ સાધારણ રૂ. ૨૩ વધીને રૂ. ૮૭,૫૧૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પાંખાં કામકાજો વચ્ચે વૈશ્વિક બજારમાં હાજર અને વાયદામાં મિશ્ર વલણ રહ્યું હોવાથી ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫,૫૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫,૮૭૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં જ્વેલરી ઉત્પાદકોનો નવી લેવાલીનો અભાવ હતો, પરંતુ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ક્રિસમસની રજાઓના માહોલમાં પાંખાં કામકાજો વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૬૧૪.૬૬ ડૉલર અને વાયદામાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૬૨૯ ડૉલર આસપાસ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૯.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વે ગત ૧૮ ડિસેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવાની સાથે આગામી વર્ષ ૨૦૨૫માં ઓછી વખત વ્યાજદરમાં કપાતની શક્યતા વ્યક્ત કરતાં હવે રોકાણકારોમાં વ્યાજદરમાં ક્યારે ઘટાડો કરવામાં આવશે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. સામાન્યપણે ઊંચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી કિંમતી ધાતુઓમાં રોકાણકારોની માગ નથી હોતી. ગત સપ્તાહે અમેરિકા ખાતે ફુગાવામાં જોવા મળેલી વૃદ્ધિને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૫માં ૩૫ બેસિસ પૉઈન્ટના ઘટાડાની અપેક્ષા રોકાણકારો રાખી રહ્યા છે. રોકાણકારોની નજર આગામી વર્ષે નવા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ટેરિફ અંગે વેપારી ભાગીદાર દેશો સાથે કેવી નીતિ અપનાવે છે તેના પર હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉંગે જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે મારા મતે જો ટેરિફ અંગે વાટાઘાટોની નીતિ અર્થાત્ જો અમારા આ ઉત્પાદનો નહીં લો તો અમે તમારી ચીજો પર વધુ ટેરિફ લાદશું એવી નીતિ રહેશે તો બજારમાં ભારે ચંચળતા રહેશે. સોનામાં સલામતી માટેની માગ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

# ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસા તૂટીને ૮૫.૨૦ના નવા તળિયે

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટ આજે બેતરફી વધઘટે અથડાઈ જવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેવાના અહેવાલ ઉપરાંત આયાતકારોની ડૉલરમાં માગ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસા તૂટીને ૮૫.૨૦ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. હાલ સ્થાનિકમાં માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી ઉપરાંત ટ્રમ્પનાં વહીવટીતંત્ર દ્વારા ટેરિફમાં વધારો કરવામાં આવે તેવી ભીતિ હેઠળ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને વધી રહેતા ક્રૂડતેલના ભાવ રૂપિયાને વધુ દબાણ હેઠળ લાવી રહ્યો હોવાનું મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતી અને સ્થાનિકમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જોતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫થી ૮૫.૪૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે. સંભવિતપણે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપનો ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૧૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૫.૧૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર નીચામાં ૮૫.૨૧ અને ઉપરમાં ૮૫.૧૦ની રેન્જમાં અથડાઈને અંતે ૮૫.૨૦ની નવી સપાટીએ બંધ રહ્યો હતો.


**પશ્ચિમ રેલવે**

**અર્જન્ટ રિપેર વર્કસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ઈ-ટેન્ડર નોટીસ નં.: **BCT/ ૨૪-૨૫/૨૪૦**, તા. ૧૭.૧૨.૨૦૨૪ મંગાવે છે. કામ અને સ્થળઃ જોરાવાસન - સુરત સેકશનઃ સેકશન SSE-W-BIM હેઠળ સર્વિસ બિલ્ડીંગો અને અન્ય મહત્ત્વના સ્ટેશન બિલ્ડીંગોનું જનરલ સમારકામ. ૨. જોરાવાસન - સુરત સેકશનઃ SSE-W-BIM સેકશન હેઠળ મહત્ત્વના સર્વિસ બિલ્ડીંગ, કવાર્ટર્સ, સ્ટીલ સ્ટ્રક્ચર્સ, એટલે કે FOB's, કવર શેડ, બ્રિજ ભાગોનું પેઈન્ટિંગ. ૩. જોરાવાસન - સુરત સેકશનઃ સેકશન SSE-W-BIM સેકશન હેઠળ હાલના જર્જરિત સ્ટાફ કવાર્ટર્સમાં સામાન્ય સમારકામ અને છત લિકેજની સારવાર. ૪. જોરાવાસન - સુરત સેકશનઃ SSE-W-BIMના અધિકારક્ષેત્ર હેઠળ કોલોનીઝમાં ડ્રેનેજમાં સુધારણા. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૫,૪૭,૧૧,૬૧૮.૫૪/-. બારડીઃ રૂ. ૪,૨૩,૬૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૦.૦૧.૨૦૨૫ ૧૫:૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૦.૦૧.૨૦૨૫ના ૧૫:૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0858

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે**

**OHE મોડિફિકેશન વર્ક**

ADEE (TRD) BL, ટેન્ડર નં.: **EL-TRD-W-૧૧૮- ૨૪-૨૫-૧૪**, તારીખ ૧૬.૧૨.૨૦૨૪ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડિવિઝનના વિરાર - સુરત સેકશનમાં સચિન સ્ટેશન ખાતે લૂપ લાઈન નં. ૧ પર ઈનલેન્ડ પ્લેટફોર્મ, PF નં. ૨ અને હોમ પ્લેટફોર્મનું હાલના અને રેસિંગ સાથેના સંબંધમાં OHE મોડિફિકેશન કામ. જાહેરાત મૂલ્યઃ રૂ. ૧,૪૨,૯૬,૩૩૮.૫૦. બારડીઃ રૂ. ૨,૨૧,૫૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૦૮.૦૧.૨૦૨૫, ૧૪:૩૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૦૮.૦૧.૨૦૨૫ના ૧૫.૦૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in**ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0857

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પબ્લિક નોટીસ**

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે **INA વિજય મજીઠીયા**, પુખ્ત, મુંબઈના ભારતીય રહેવાસી, ફ્લેટ નં. ૧૮૦૨, બેનહુર એપાર્ટમેન્ટ, ૩૨ નારાયણ દાભોળકર રોડ, મલબાર હિલ, મુંબઈ-૪૦૦૦૦૬ ખાતે સરનામું ધરાવનાર, અહીં પાછળથી ''વેચાણકર્તા'' તરીકે ઉલ્લેખેલ, જેઓ તમામ બોજા, દાવા અને માગણીથી મુક્તપણે હોઈ, મલબાર અને કંબાલા હિલ ડિવિઝનના C. S. નં. ૨૧૯ ધરાવતી જમીન પર આવેલ જમીનનો તે તમામ ટુકડો અને કકડો હોઈ મિલકત પર બંધાયેલ બિલ્ડીંગમાં ''બેનહુર'' તરીકે જાણીતી બિલ્ડીંગના બેઝમેન્ટમાં નં. ૯ અને ૧૦ ધરાવતી ૨ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે ભરતમાં ૨૦૦૦ ચો. ફૂટ એટલે કે ૧૮૬ ચો.મી.ની સમકક્ષ બિલ્ટ-અપ એરિયા અથવા તે સુમારે, ૧૮મા માળ પર ફ્લેટ નં. ૧૮૦૨ (ફોર્મલી ૧૬મા માળ પર ફ્લેટ નં. ૪ & ૫ તરીકે ક્રમાંકિત, ત્યારબાદ ૧૮મા માળે) વાપરવા, ભોગવટો કરવા અને કબજા ધરાવવાના સંપૂર્ણ અને એકસકલુઝીવ હક્ક, ટાઈટલ અને હિત સાથે તારીખ ૦૩-૦૯-૧૯૯૪ના, ૯૪-૯૫ના નોંધણી નં. BOM/W-D/HSG/ ૫૮૬૯ હેઠળ મહારાષ્ટ્ર કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ એક સોસાયટી, ''બેનહુર કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ'' દ્વારા ઈશ્યૂ કરાયેલ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૩ શેર સર્ટિફિકેટ નં. ૩૭ દ્વારા વિશિષ્ટ નં. ૨૧૬થી ૨૨૦ (બંને સહિત) ધરાવતી ફુલ્લી પેઈડ-અપ દરેક રૂા. ૫૦/-ના ૫ શેર્સ (''સદર શેર્સ'')માં તેણીના તમામ હક્ક, ટાઈટલ અને હિત અમારા અસિલોની તરફેણમાં અને તેમને ટ્રાન્સફર, વેચાણ, કન્વે, એસાઈન અને એસ્યોર કરવા સંમત થયા છે. (સદર ફ્લેટ, ૨ કાર પાર્કિંગ જગ્યા સાથે સામૂહિક રીતે ''સદર પ્રિમાઈસિસ'' તરીકે ઉલ્લેખેલ છે.)

તમામ શખ્સો જે સદર પ્રિમાઈસિસ અને/અથવા શેર્સ અને/અથવા ઉપરોક્ત દસ્તાવેજોના સંદર્ભમાં વેચાણ, ટ્રાન્સફર, લિઝ, ટેનાન્સી, અદલાબદલી, ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, જાળવણી, લીયન, લાયસન્સ, અદલાબદલી, કબજો અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ અને હિત ધરાવતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને ૧૩, ગ્રાઉન્ડ ફ્લોર, હમામ હાઉસ, હમામ સ્ટ્રીટ (અંબાલાલ દોશી માર્ગ), ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૦૧ ખાતે તેમની ઓફિસમાં અને તેમજ તેમની ઈમેલ-id pnvora1954@gmail.com પર આ છપાયાની તારીખથી ૭ દિવસમાં કરે, નહીંતર અમારા અસિલો આવા કોઈપણ દાવાને ધ્યાનમાં લીધા વિના, સદર પ્રિમાઈસિસ અને સદર શેર્સના સંદર્ભમાં વેસ્ટીંગ દસ્તાવેજોની બજવણી કરીને સદર વેચાણકર્તા સાથે લેવડદેવડ પૂર્ણ કરશે અને આવા દાવા જો કોઈ હશે તેને ત્યજી દીધેલ તરીકે ગણવામાં આવશે.

આજ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૨૪.

M/s. પ્રમોદકુમાર & કું. (રજી.)
સહી/-
પાર્ટનર
ખરીદનાર માટેના એડવોકેટસ


# પાંખાં કામકાજો વચ્ચે ધાતુમાં સાંકડી વધઘટ

### ટીન, નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ ₹ બે ઘટીને અનુક્રમે ₹ ૨૫૪૩, ₹ ૧૩૪૦ અને ₹ ૨૪૫ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ ₹ એક ઘટીને ₹ ૭૬૮ના મથાળે રહ્યા હતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રિસમસને કારણે કામકાજો પણ પાંખાં રહ્યાં હોવાથી કોપર સહિતની ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના અહેવાલ હતા. આમ વૈશ્વિક અહેવાલોને અનુસરતા આજે સ્થાનિક સ્તરે પણ કામકાજો નિરસ રહેતાં ભાવમાં માગ અનુસાર સાધારણ વધઘટ જોવા મળી હતી.

જોકે, આજે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એક વધી આવ્યા હતા. આ સિવાય સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ટીન, નિકલ, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ક્રિસમસની રજાઓના માહોલમાં પાંખાં કામકાજો ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ આસપાસ જ ટનદીઠ ૮૯૪૦.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આમ લંડનના નિરુસ અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ પાંખાં કામકાજ વચ્ચે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

આજે મુખ્યત્વે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૧૦ના મથાળે રહ્યા હતા.

જ્યારે વપરાશકાર ઉદ્યોગની ખપપૂરતી માગને ટેકે કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૧૪ અને રૂ. એક વધીને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં ટીન, નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૨૫૪૩, રૂ. ૧૩૪૦ અને રૂ. ૨૪૫ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૬૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અન્ય વેરાઈટીઓ તથા ઝિન્ક સ્લેબમાં છૂટાછવાયા વેપાર રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### મલયેશિયા પાછળ આયાતી તેલમાં સુધારો

# એકથી ૨૫ ડિસેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની આયાત ૪.૨૨ ટકા ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૭૫ અને ૭૮ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના માર્ચ વાયદામાં ૧૩ રિંગિટનો સુધારો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ખાસ કરીને આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ દેશી તેલમાં મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં ગોલ્ડન એગ્રીના રૂ. ૧૪૦૦, રૂચીના રૂ. ૧૩૪૫ અને ગોકુલના રૂ. ૧૩૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે એડબ્લ્યુએલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૫થી ૧૨૨૫ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦થી ૧૨૩૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસિસ દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા નવેમ્બર મહિનાના સમાનગાળાના ૧૨,૦૦,૪૨૧ ટન સામે ૪.૨૨ ટકાના ઘટાડા સાથે ૧૧,૪૯,૭૪૯ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે. આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ અને સરસવના રૂ. ૧૩૭૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૧૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૩૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ સિવાય આજે રાજસ્થાનનાં મથકો પર ૮૫,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૩૭૫થી ૬૪૦૦માં થયા હતા, જ્યારે સરસવ એક્સ્પેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૧૫ અને ૧૩૨૫માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૪૨૦થી ૨૪૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે**

**મુંબઈ ડિવિઝન ઉપર ટોઈલેટ બ્લોકસનું નોર્મલ પે એન્ડ યુઝનું ઓપરેશન અને જાળવણી**

મુંબઈ ડિવિઝન ઉપર ટોઈલેટ બ્લોકસનું નોર્મલ પે એન્ડ યુઝનું ઓપરેશન અને જાળવણી માટે કોન્ટ્રાકટ માટે ઈ-ઓકશન મંગાવાય છે. કેટલોગ પહેલાથી જ **IREPS** વેબસાઈટ ૧૮.૧૨.૨૦૨૪ના પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છેઃ કોન્ટ્રાકટના પ્રકારઃ નોર્મલ કોન્ટ્રાકટ, કેટેગરીઃ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકસ.

**ઓકશન કેટલોગ નં. MMCT-PnUT- ૨૪-૩૭**

| સ્ટેશન અને સ્થળ | કોન્ટ્રાક્ટ મુદત | ઈ-ઓકશનની તારીખ | ઈ-ઓકશનનો સમય |
|---|---|---|---|
| વિલે-પાર્લે, અંધેરી, જોગેશ્વરી, ગોરેગાંવ, મલાડ, કાંદીવલી સ્ટેશનો | ૩ વર્ષ | ૦૬-૦૧-૨૦૨૫ | ૧૨.૦૦ ક. |

નોંધઃ સંભવિત બિડર્સને **IREPS** વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ઓકશન લિઝિંગ મોડયૂલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. ઉલ્લેખિત કેટલોગ હેઠળ લોટ મુજબની વિગતો ત્યાં ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગનો સમયગાળો ૩૦ મિનિટ છે. ક્રમિક લોટ બંધ થવાનું અંતરાલ ૧૦ મિનિટ છે. IREPSના ઈ-ઓકશનમાં લોટ મૂજબની બંધ થવાનો સમય જોઈ શકાય છે. 0876

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નં. ડે. ચી.એ./ O & M/૪૫૬૪/SWD તા. ૨૩.૧૨.૨૦૨૪

**બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર શહેર (O & M) SWD |
| વિષય | eT- ૨૨ ૨૦૨૪-૨૫ના (બીડ નં. ૨૦૨૪ _MCGM_૧૧૨૯૦૫૦) ડે. ચી. એ. (O & M) SWD ના સેકશન હેઠળ સ્ટોર્મ વોટર પ્રવેશદ્વાર અને SWD મેન હોલ્સની સફાઈ માટે પશ્ચિમી પરાં ડિવિઝન માટે રિસાયકલિંગ સુવિધા મશીન (૦૧ નં.) સાથે વાહન માઉન્ટેડ સકશન કમ જેટીંગ મશીનની વ્યાપક સંચાલન અને જાળવણી માટે સર્વિસોની જોગવાઈ. |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૨૪.૧૨.૨૦૨૪ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| પાકતી તારીખ | તારીખ ૦૨.૦૧.૨૦૨૫ સમયઃ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |
| સંબંધિત અધિકારીનું નામ | શ્રીમતી વનિતા એમ. કોકાટે એક્ઝિક્યૂટીવ એન્જિનિયર (O & M) મીકે. SWD |
| ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૪૩૦૯૮૧૭ ૦૨૨-૨૪૩૦૯૪૭૨ |
| મોબાઈલ નંબર | ૯૮૩૩૫૩૯૦૨૯ |
| ઈ-મેલ સરનામું | aeomcity10.swd@mcgm.gov.in |

સહી/-
PRO/2063/ADV./2024-25 એક્ષિ. એન્જિ. (O & M) મીકે. SWD

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



# મુંબઈમાં કેબલ ટેક્સી ચલાવવાની તૈયારી

## હોદ્દો સંભાળતાની સાથે જ પરિવહન પ્રધાને કહ્યું, આ મારો ડ્રીમ પ્રોજેક્ટ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે મંગળવારે મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક ઘટાડવા માટે કેબલ ટેક્સી ચલાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને કહ્યું હતું કે આ તેમનો ડ્રીમ પ્રોજેક્ટ છે. સરનાઈકે મંગળવારે જ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

તેમણે કહ્યું હતું કે, યુરોપિયન દેશોમાં કેબલ ટેક્સી ઘણી લોકપ્રિય છે. મુંબઈમાં રસ્તાઓ પર વધુ વાહનોના કારણે રોડ ટ્રાન્સપોર્ટ મૃત્યુશય્યા પર છે અને રોડની જગ્યા ઘટી રહી છે. અમે જળ પરિવહન સેવાઓમાં સુધારો કરવા પર પણ કામ કરી રહ્યા છીએ, પરંતુ અમારે પરિવહનના નવા રસ્તાઓ શોધવા પડશે અને કેબલ ટેક્સી એ ખૂબ જ યોગ્ય વિચારોમાંનો એક છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેબલ ટેક્સીઓ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં પરિવહનનું લોકપ્રિય માધ્યમ બની શકે છે. આ કેબલ ટેક્સી સિસ્ટમ મહારાષ્ટ્રમાં ક્યાંય અસ્તિત્વમાં નથી. જો આપણે ૧૫-સીટર અથવા ૨૦-સીટર કેબલ ટેક્સી ચલાવીએ, તો ટ્રાફિક નિયંત્રણમાં આવશે. જો આપણે જમીનથી ઉપર મેટ્રો ચલાવી શકીએ તો કેબલ ટેક્સી ચલાવવામાં કોઈ સમસ્યા નહીં રહે કારણ કે રોપ-વે સ્થાપિત કરવા માટે આપણને વધારે જગ્યાની જરૂર નહીં પડે.

સરનાઈકે એમ પણ જણાવ્યું હતું કે, આ સિસ્ટમ યોગ્ય રીતે કામ કરે છે તેની ખાતરી કરવા માટે કેબલ ટેક્સીઓ મહારાષ્ટ્ર પરિવહન વિભાગના કાર્યક્ષેત્રમાં આવવી જોઈએ.

### કેબલ ટેક્સી શું છે?

કેબલ ટેક્સી અથવા તો જેને પોડ

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રને ૨૦ લાખ ઘરની નાતાલ ભેટ

## પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વધુ ૧૩ લાખ ઘરને મંજૂરી: અન્ય રાજ્યોની સરખામણીમાં સૌથી વધુ ફાળવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્ર સરકારે આ વર્ષે મહારાષ્ટ્ર માટે વધારાના ૧૩ લાખ ઘરો ફાળવ્યા છે, જેનાથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એક વર્ષમાં કુલ ૨૦ લાખથી વધુ ઘરો મહારાષ્ટ્રના ગરીબોને મળશે, એમ સોમવારે પુણેમાં આવેલા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ પહેલને 'ઐતિહાસિક' ગણાવતાં કહ્યું હતું કે રાજ્યમાં ૨૬ લાખ લોકોએ આ યોજના માટે નોંધણી કરાવી છે, જેમાંથી ૨૦ લાખ લોકોને ઘરો પૂરા પાડવામાં આવશે.

દેવેન્દ્ર ફડણવીસે રાજ્ય માટે વધારાના ૧૩ લાખ ઘરોને

(જુઓ પાનું ૪) ▸▸

# અજિત પવાર આવ્યા એવા વર્તાયા

## કરવેરાની વસૂલાતમાં બેદરકારી સામે અધિકારીઓને ચેતવણી

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મંગળવારે મંત્રાલયમાં બે વિભાગો સહિત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજીને નાણાં, આયોજન અને આબકારી વિભાગોની કામગીરીની સમીક્ષા કરી હતી. પ્રધાનોને ખાતાની ફાળવણી થતાં જ કાર્યરત થયેલા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે વરિષ્ઠ અધિકારીઓને કરવેરાની વસૂલાત અને મહેસૂલ સર્જનની પ્રક્રિયાને સુધારી એમાં એકસૂત્રતા લાવી ''પરિણામલક્ષી'' કામ કરવા સૂચના આપી હતી. અધિકારીઓની કાર્યશૈલી પારદર્શી હોવી જોઈએ એવો ઉલ્લેખ કરી તેમણે ચેતવણી પણ આપી હતી કે કરચોરી

(જુઓ પાનું ૪) ▸▸

# કલ્યાણમાં ગુમ ૧૨ વર્ષની બાળકીનો મૃતદેહ કબ્રસ્તાન નજીકથી મળ્યો

થાણે: કલ્યાણમાં ઘર બહારથી ગુમ થઈ ગયેલી ૧૨ વર્ષની બાળકીનો મૃતદેહ બીજે દિવસે ગામના કબ્રસ્તાન નજીકથી મળી આવ્યો હતો.

ડીવાયએસપી રાહુલ ઝલતેએ જણાવ્યું હતું કે મંગળવારની સવારે ૧૦ વાગ્યાની આસપાસ બાપગાંવ વિલેજમાંથી પસાર થનારા રાહદારીની નજર કબ્રસ્તાનની દીવાલ નજીક પડેલા બાળકીના મૃતદેહ પર પડી હતી.

બાળકીના મૃતદેહને તેના વડીલોએ ઓળખી કાઢ્યો હતો. સોમવારે બાળકી ઘર બહારથી ગુમ થઈ ગઈ હતી. તેના

(જુઓ પાનું ૪) ▸▸



**અંતિમ વિદાય:** ભારતના સમાંતર સિનેમાના પિતામહ શ્યામ બેનેગલના અંતિમસંસ્કાર ગઈ કાલે શિવાજી પાર્ક સ્મશાનભૂમિમાં કરવામાં આવ્યા એ વખતે નસીરુદ્દીન શાહ અને બોમન ઈરાની. આ દુ:ખની ઘડીમાં તેમના પરિવારના સભ્યોને સાંત્વના આપવા ફિલ્મોદ્યોગના અનેક દિગ્ગજો હાજર હતા. આમાં રજત કપૂર, રત્ના પાઠક શાહ, કુણાલ કપૂર જેવા ઘણા મોટા સ્ટાર્સનો સમાવેશ થતો હતો. શ્યામ બેનેગલને તેમના અદ્ભુત દિગ્દર્શન માટે ૧૮ રાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા હતા. બેનેગલને વર્ષ ૧૯૭૬ માં પદ્મશ્રી અને વર્ષ ૧૯૯૧ માં પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૫ માં તેમને સર્વોચ્ચ ફિલ્મ એવોર્ડ દાદા સાહેબ ફાળકે એવોર્ડ આપવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

# ઈડીએ દાઉદના ભાઈનો ફ્લેટ જપ્ત કર્યો

મુંબઈ: એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ (ઈડી)એ થાણેના નીઓપોલિસ ટાવરમાં દાઉદ ઇબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકરના ફ્લેટનો કબજો લઇ લીધો છે. ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં એપ્રિલ ૨૦૨૨માં ફ્લેટને ટાંચ મારી હતી. ૨૦૧૭માં થાણેના કાસરવડવલી પોલીસ સ્ટેશનમાં કાસકર સામે નોંધાયેલા ખંડણીના કેસોની તપાસ ઈડી કરી રહ્યું છે. બાદમાં આ કેસ થાણાની ખંડણી વિરોધી પથકને સોંપવામાં આવ્યો હતો. કાસકર, તેના સાગરિત મુમતાઝ શેખ અને ઇસરારઅલી જમીલે દાઉદ ઇબ્રાહિમના નામનો ફાયદો ઉઠાવીને બિલ્ડર સુરેશ મહેતા પાસેથી

(જુઓ પાનું ૪) ▸▸

# ફડણવીસના નક્સલવાદ સંબંધી ભાષણ સાથે છેડછાડ: ૧૨ સોશિયલ મીડિયા યુઝર્સ સામે ગુનો

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના તાજેતરના નક્સલવાદ પરના ભાષણના વીડિયોને બદઈરાદા સાથે એડિટ કરી સોશિયલ મીડિયા પર પોસ્ટ અને શૅર કરવા બદલ સાયબર પોલીસે ૧૨ સોશિયલ મીડિયા યુઝર્સ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ પ્રકરણે ૩૦ વર્ષના ફરિયાદીએ મહારાષ્ટ્ર સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે જાહેર અશાંતિ ફેલાવતી ખોટી માહિતી, બદનક્ષી અને અન્ય ગુનાઓ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ફડણવીસે તાજેતરમાં વિધાનસભાના શિયાળુ સત્રમાં ભાષણ આપ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે નક્સલવાદીઓ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

એકદમ રિફ્રેશિંગ સંપૂર્ણ ફેમિલી પેકેજીસ
૧૦૦% પ્યોર વેજ. રસોડા સાથે
45000/- pp થી શરૂ
8N/9D કાશ્મીર
શ્રીનગર સોનમર્ગ પહેલગામ ગુલમર્ગમાં રાત્રિ મુકામ સાથે
તુલીપ ફેસ્ટિવલ ઓફ બીટ કાશ્મીર
અમારી હોટલ
ટુરિસ્ટ વિસ્તારમાં પ્રાઈમ લોકેશન પર
શ્રીનગરમાં ફેમસ દાલ લેક પાસે | પહેલગામમાં મેન માર્કેટ પાસે
3* લક્ઝરિયસ હોટલ | ગુલમર્ગમાં ગંડોલા રોપ વે પાસે
સોનમર્ગમાં 4* BRAND NEW હોટલ
10N/11D કીનૌર લાહુલ-સ્પિતી લક્ઝરિયસ હોટલમાં આવાસ
8N/9D લેહ લદાખ
એકમાત્ર ટ્રાવેલ કંપની જે સોનમર્ગ, કારગિલ, લેહ, નુબ્રા વેલીમાં સ્વતંત્ર રસોડા સાથે A ગ્રેડ હોટેલ્સમાં પોતાના રસોડે નીત-નવાં ભોજન જમાડે છે. (હોટલ ફૂડ નહીં)
સંપૂર્ણ પારદર્શક ટુર પેકેજીસ, પ્રમાણિક વ્યવહાર, નવીનતા અને કુશાગ્ર મેનેજમેંટ માટે પ્રવાસીઓની સૌથી પહેલી પસંદ છે.
HAZEL Treks N Tours Since:2003
PANKAJ CHHEDA
9869559938 (ખાર-વે)
hazeltreksntours www.hazeltnt.in

ગુજરાત સરકાર | મારી યોજના મારી બધી યોજનાઓ, એક જ પોર્ટલ પર | વિકસિત ભારત વિકસિત ગુજરાત
કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ અને સેવાઓની માહિતી
હવે, એક જ ક્લિક પર



મારી યોજના
મારી બધી યોજનાઓ, એક જ પોર્ટલ પર
માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના
વરદ્હસ્તે
'મારી યોજના' પોર્ટલનો શુભારંભ
તારીખ: ૨૫/૧૨/૨૦૨૪ | સમય - સવારે ૧૧:૦૦ વાગે
સ્થળ: નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર



મારી બધી યોજના, એક જ પોર્ટલ પર, એક જ ક્લિક પર
https://mariyojana.gujarat.gov.in

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**